વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૫૧મું
મે : ૨૦૨૬
અંક : ૫૭૫

મંગલ મંદિર ● મે-૨૦૨૬ ● ૧
(કુલ પાના : ૮૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## *વાર્ષિક સ્ટાફ મીટિંગ*
## *રવિવાર, તા. ૨૬-૦૪-૨૦૨૬*



: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • website : www.kjss.org

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

મંગલ મંદિરને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ

નાના માણસોનો
હાથ પકડી રાખજો સાહેબ,
મોટા માણસોના પગ પકડવાની
ક્યારેય જરૂર નહીં પડે.

કેવી અજીબ વાત છે,
ભગવાન તમારે ઘેર આવે
એ સૌને ગમે છે,
પણ ભગવાન એમના ઘેર બોલાવે
તો કોઈને ગમતું નથી.

**સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર**

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

JIVRAJ
DR. JIVRAJ MEHTA SMARAK HEALTH FOUNDATION
BAKERI MEDICAL RESEARCH CENTRE

35 Years Of Trust

# શું આંખોની તકલીફ છે?

ચિંતા ના કરતા,
જીવરાજ મહેતા હોસ્પિટલ છે ને!



ઝાંખુ દેખાવું, ચશ્માના નંબર, મોતીયો, ઝામર તેમજ બાળકોને થતાં આંખના રોગો તદ્ઉપરાંત આંખની કીકી (કોર્નિયા), આંખોના પડદા(રેટીના) ની તપાસ અને સારવાર

## આંખોની ઉચ્ચ ગુણવત્તાયુક્ત સારવાર, રાહત દરે!

- આંખોના નિષ્ણાત સર્જનો દ્વારા સારવાર
- FDA-મંજૂર લેન્સ સાથે પીડા અને ટાંકા વગરની સારવાર
- અદ્યતન ટેકનોલોજી અને આંતરરાષ્ટ્રીય સ્તરની સર્જરી સુવિધા
- NABH-પ્રમાણિત વિશ્વસનીય હોસ્પિટલ
- કેશલેસ સારવાર*

OPD સમય:
સોમવાર થી શનિવાર | સવારે 9:00 થી સાંજે 5:00

NABL

For OPD Appointments, call: +91 6357 188 191

079 2663 6363 jivrajhealthcare.org info@jivrajhealthcare.org
Dr. Jivraj Mehta Hospital, Vasna, Ahmedabad-380007 Follow us on:

24/7 EMERGENCY SERVICES

# ભારતભરમાં ટ્રાન્સપોર્ટ, એક્સપ્રેસ, વેરહાઉસિંગ, ૩પીએલ અને ઈકોમર્સક્ષેત્રે નિપુણતા સાથે સાત દાયકાની ગૌરવવંતી સફર




**V-Trans** - Modern fleet of Surface Transport offering PTL, FTL & ODC services across India.

**V-Xpress** - Multimodal Express Cargo & e-Comm services with door-to-door deliveries.

**V-Logis** - Comprehensive Warehousing and 3PL solutions with state-of-the-art infrastructure.

## અમારી ખાસીયતો

- **૧૫૦૦થી** વધુ શાખા અને **૬૦થી** વધુ હબ સેન્ટર
- વેરહાઉસિંગ માટે **૩.૨ મિલિયનથી** વધુ ચોરસ ફૂટ જગ્યા
- **૨૫૦૦થી** વધુ જીપીએસયુક્ત વાહનો
- **૨ મિલિયન ટન** અને **૯૦ મિલિયન** આર્ટિકલ્સ
- **૪૦૦૦થી** વધુ જોમવંતા વ્યવસાયિકો
- **એક લાખથી** વધુ ગ્રાહકો

**અમે દેશભરના વેપારીઓ, વિતરકો અને ઉદ્યોગપતિઓ માટે શ્રેષ્ઠ અને વિશ્વસનીય સર્વિસ પૂરી પાડીએ છીએ. પાર્ટ-લોડ સર્વિસીસમાં નિર્વિવાદ અગ્રણી હોવા સાથે વિવિધ સેગમેન્ટ્સના કલાયન્ટ્સને શ્રેષ્ઠ-કક્ષાના લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પૂરાં પાડીએ છીએ.**

Scan QR code for details

Great Place To Work. Certified FEB 2025 - FEB 2026 INDIA

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis

7227 056 089 marketing@vtransgroup.com www.vtransgroup.com

છેલ્લા ૫૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું

મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kjss.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા** – મુખ્ય તંત્રી
  મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **દિનેશ મહેતા** – સહતંત્રી
  મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮
- **ફાલ્ગુની હિરેન** – સભ્ય
  મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા** – સભ્ય
  મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા** – સભ્ય
  મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯
- **રોહિત સંઘવી** – સભ્ય
  મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮
- **રજનીકાંત પારેખ** – સભ્ય
  મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

- તંત્રી લેખ : ભારત દેશ આ પ્રકારના નીત-નવા સંશોધન કરી શકે? ................ **અશોક મહેતા** ....... ૭
- પ્રમુખ સ્થાનેથી ........ **હિરેન કે. શાહ** ....... ૯
- ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ ● કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ ........ ૧૧
- સમાજ સુરક્ષા સમિતિ ........ ૧૧
- યુવા વિકાસ સમિતિ : રાહત દરે ચોપડા વિતરણ ........ ૧૨
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : એન્યુઅલ સ્ટાફ મીટિંગ – ૨૦૨૬ ........ ૧૭
- એન્યુઅલ સ્ટાફ મીટિંગમાં પ્રમુખશ્રી દ્વારા કેનેડાથી કરવામાં આવેલ વર્ચ્યુઅલ પ્રવચન ........ ૧૮
- એન્યુઅલ સ્ટાફ મીટિંગ કાર્યક્રમની તસવીરી ઝલક ........ ૨૦
- એન્યુઅલ સ્ટાફ મીટિંગ : ૨૦૨૬ # કાર્યક્રમ અંગેના પ્રતિભાવો ........ ૨૨
- **Enthusiastic Youth Participation** ......... Lilaben Pravinchandra Visaria ....... ૨૪
- સમાજની દીકરી : સુરભીબેન વસા (પાકકળા નિષ્ણાત) ........ ૨૫
- સક્ષમ કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર ........ ૨૭
- ઉડતી નજરે ........ ૨૮
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર : મિસ્બા શેખની સફળતાની કહાની ........ ૨૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ ૩૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : MATRIMONIAL ........ ૩૨
- સરનામા ફેરફાર, અવસાન નોંધ ● મંગલ મંદિરના પ્રાપ્ત થયેલ લવાજમ ● સાભાર સ્વીકાર ........ ૩૩
- અતીતના ઓવારેથી : મણકો-૩૩ ........ ૩૪
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા** ..... ૩૮
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩૭ ........ **સંયોજક : રજનીકાંત પારેખ** ..... ૪૦
- *Nano Nine* શબ્દ રમત-૨૩૦ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૩
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૮૮) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ..... ૪૫
- પ્રતિભાવ ........ ૪૬
- અન્ય સંસ્થાના સમાચાર ........ ૪૭
- તીર્થ દર્શન ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૫૭
  તીર્થ દર્શન-૧૦૦ : શ્રી માંડવગઢ તીર્થ (શ્રી સુપાર્શ્વનાથ ભગવાન)
  તીર્થ દર્શન-૧૦૧ : શ્રી ભાંડુક (ભદ્રાવતી) તીર્થ (શ્રી કેસરિયા પાર્શ્વનાથ ભગવાન)
- નવકાર જાપ : વિશ્વશાંતિ ........ **વસંત 'કચ્છ કેસરી'** ..... ૫૯
- લઘુકથા : માણેક બા ........ **પ્રભુલાલ એમ. સંઘવી** ..... ૬૨

**આ અંકમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્ય :**

- લઘુકાવ્યો... ........ **તુષાર દેસાઈ** ..૨૪/૨૫

|| JAI GANESHAY NAMAH ||
|| JAY SWAMINARAYAN ||

# POOJA AGENCY

## AHMEDABAD

204, Manav Complex, Near TRP Mall,
Main Road, Bopal, Ahmedabad - 380 058.
**Mobile : 89803 44197, 77780 77764 (Vivek)**

**DEALERS IN ALL TYPES OF DIALYSIS CONSUMABLES**

- DIALYZERS : F6, F8, FX8, DORA, LEPU, NIPRO, POLYMED.
- AVF NEEDLES : DORA, POLYMED, NIPRO
- BLOOD TUBINGS : DORA, ACE CATH, POLYMED
- DIASAFE PLUS, ENDOTOXIN CF NIPRO
- HOT STERILANT, SOD. HYPOCHLORITE SOL.
- EPO INJ: ZYDUS, SERUM INSTITUTE, INTAS
- IRON SUCROSE INJ, FCM INJ
- ON-OFF KIT, SINGLE USE BED SHEETS.
- HUMAN ALBUMIN INJ.
- GENEVAC-B INJ
- HEPARIN 25K, 5K INJ.
- DLC, TLC CATHETER (ABLE-CATH, CARDIOMAC)
- NITRILE AND LATEX GLOVES - VINAYAK HEALTHCARE.

*We supply in all areas of Gujarat with Next Day Delivery.*

તંત્રી લેખ

# ભારત દેશ આ પ્રકારના નીત-નવા સંશોધન કરી શકે?

અશોક મહેતા

*તાજેતરના વર્તમાનપત્રોમાં નીચે મુજબના સમાચારો પ્રસારિત થયેલ હતા કે જે વાંચીને કોઈ પણ વ્યક્તિ અભિભૂત થયા વગર રહી ન શકે.*

*દુનિયાને દર વર્ષે ૪૩ કરોડ મેટ્રિક ટન કાગળની જરૂર પડે છે અને એ માટે જે લાકડાંની જરૂર પડે છે તે માટે વર્ષે ૪૦૦ કરોડ વૃક્ષોનું નિકંદન નીકળી જાય છે, જેના કારણે ગ્રીન લેન્ડ ઓછી થતી જાય છે અને ભવિષ્યમાં આબોહવામાં મોટા ફેરફાર દૃષ્ટિ સમક્ષ દેખાય છે.*

*તે સામે ચીનના સંશોધકોએ રણની રેતી અને બાયોપોલીમરના ઉપયોગથી કાગળ બનાવવાનો સફળ પ્રયોગ કરેલ છે. સ્ટોન પેપરના નામથી ઓળખાતો આ કાગળ રીસાઈકલ પણ થઈ શકશે.*

*આ પ્રકારના સ્ટોન પેપર બનાવવા માટે વૃક્ષોનો તથા પાણીનો ઉપયોગ નહીં થાય અને વાતાવરણમાં પ્રદૂષણ ફેલાવે તેવા રસાયણોની પણ જરૂરત પડશે નહીં.*

*રેતી અને કોટન વેસ્ટ જેવા બાયોપોલીમર્સ ઘણા દેશોમાં સરળતાથી મળી રહે છે. સ્ટોન પેપરના પ્રોડક્શન વખતે પ્રદૂષણ ફેલાતું નથી. જોખમી રસાયણોનો ઉપયોગ થતો નથી. ઈકો ફ્રેન્ડલી પેપર આસાનીથી રીસાઈકલ થઈ શકશે. તેની કાર્બન ફૂટ પ્રિન્ટ અત્યારે કાગળ બને છે તેનાથી ખૂબ ઓછી છે. સ્ટોન પેપર વોટરપ્રુફ છે. પાણીના સંપર્કમાં આવવાથી ખરાબ થશે નહીં. પરંપરાગત રીતે લાકડાથી બનતા પેપર કરતાં ખૂબ ટકાઉ છે. શાળા - કોલેજોના સ્ટુડન્ટ્સને લખવાનો અનુભવ આ કાગળ પર વધારે સારો થયો છે. ચીનના સંશોધકોએ વિદ્યાર્થીઓ પાસે લખાવીને ફીડ બેક મેળવ્યા. એના પરિણામો ખૂબ જ સકારાત્મક જોવા મળ્યા છે. વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે લખતી વખતે કાગળ 'કૂલ ફીલ' કરાવે છે. એની સપાટી નરમ અને ઠંડી રહે છે.*

*ઉપરોક્ત સમાચાર વાંચ્યા પછી આપણને આ સંશોધકો પ્રત્યે અહોભાવ જાગે તે સ્વાભાવિક છે. આપણને એ પણ વિચાર આવે કે ભારત આ પ્રકારના નીત-નવા સંશોધનો કરી શકે કે નહીં? એ પ્રકારના વૈજ્ઞાનિકો અને સંશોધકો આપણે તૈયાર કરી શકીએ કે નહીં? આપણને મગજમાં ત્વરિતપણે ISRO જેવી સંસ્થાઓ ઉભરી આવે કે જેઓના અવકાશી સંશોધન થકી ભારતની પણ દુનિયામાં નોંધ લેવાય છે.*

*પરંતુ માત્ર ISRO જેવી સંસ્થા પૂરતી નથી. તેનું કાર્ય અંતરિક્ષ અંગેનું છે. ભારતના જાગૃત માનવ સમાજોએ દરેક ક્ષેત્રમાં ઉચ્ચ પ્રકારના સંશોધનના પરિણામો હાંસલ કરવા વિવિધ પ્રકારના અભ્યાસો દ્વારા એ માનવ શક્તિ પેદા કરવી જોઈએ કે જે શક્તિ વિવિધ ક્ષેત્રમાં આગળ વધી, નીત નવા સંશોધન કરીને માનવજાતના ઉત્કર્ષમાં પોતાનો ફાળો નોંધાવે.*

*આ ક્ષેત્રે ભારતભરની શિક્ષણ સંસ્થાઓની સાથે સાથે વિશાળ દૃષ્ટિ ધરાવતી સામાજિક સંસ્થાઓએ પણ યોગ્ય યુવકોને કેળવવા પોતાના પૂરતા પ્રયાસ કરવા જોઈએ.*

*આ તારણના અનુસંધાનની વાત કરીએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના 'સક્ષમ' સેન્ટરની આ પ્રકારની કાર્યવાહીને ખૂબ જ યોગ્ય દિશાની કાર્યવાહી તરીકેની ગણનામાં લઈ શકાય. અહીં મુલાકાત લેતા વિદ્યાર્થીઓ અને યુવકોની સક્ષમતા અને માનસિકતા જાણી તેમને તેમના યોગ્ય દિશાના ક્ષેત્રમાં જવા માટે યોગ્ય સલાહ અને સૂચનો આપવામાં આવે છે અને એ રીતે આગળ વધેલ વિદ્યાર્થીઓ અને યુવકો તેમને મળેલ સલાહના અનુસંધાને, પોતાની જીવન-કેડી કંડારી, જે તે ક્ષેત્રમાં ઉચ્ચતા પ્રાપ્ત કરેલ હોવાથી હંમેશને માટે સમાજને યાદ રાખે છે અને સમાજની આ ક્ષેત્રની કાર્યવાહીને ઉચ્ચ મનોભાવના સાથે બિરદાવે છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ ક્ષેત્રે આગળ વધી જે તે યુવકને તેમની સક્ષમતા અનુસારના ક્ષેત્રમાં જવા અને એ વિદ્યાર્થી પોતાના ક્ષેત્રમાં ટોચ પર પહોંચે તેવા પ્રયાસો આદરે તો રાષ્ટ્રને અનેક પ્રકારના અને અનેક ક્ષેત્રના સંશોધકો પ્રાપ્ત થઈ શકે અને ભારત હજુ વધુ ઉચ્ચતા તરફ પ્રયાણ કરી શકે. અન્ય જાગૃત અને વિશાળ દૃષ્ટિ ધરાવતા સમાજો પણ આ દિશામાં આગળ વધી શકે એ પણ આજની તાતી જરૂરિયાત છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિના સભ્યો ખૂબ જ જાગૃત છે અને તેઓ પોતપોતાની દૃષ્ટિએ સમાજ કઈ રીતે આગળ વધી, જન સમુદાયને ઉર્ધ્વ ગતિ તરફ લઈ જવાના વિચારો અને પ્રયાસો કરતા રહે છે.*

*તાજેતરમાં આ સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની મીટિંગમાં નીચેના જાગ્રત સભ્યોનો સમાવેશ કરી લેવાનું નક્કી કરવામાં આવેલ છે : (૧) શ્રી દેવેન મેઘજી છેડા, (૨) શ્રી ભરત પ્રભુલાલ સંઘવી, (૩) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા, (૪) બહેનશ્રી લીલાબેન પ્રવીણચંદ્ર વીસારિયા, (૬) શ્રી અનિલ રામજી હરિયા અને (૬) શ્રી હેમેન્દ્ર ભોગીલાલ શાહ.*

*આ દરેક વ્યક્તિ પોતાના ક્ષેત્રમાં સક્ષમ અને કાબેલ છે તેમજ સમાજ માટે અને ભારત દેશ માટે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવે છે. સમાજે તેમના પર મૂકવામાં આવેલ વિશ્વાસને સાર્થક કરી આપવાની ભાવના પણ ધરાવે છે.*

*આ સમાજના નજદીકના ભવિષ્યના કાર્યોની વાત કરીએ તો : (૧) મુંબઈ ખાતેનું અતિથિ ભવન, (૨) પાલડી ખાતેના ભવનનું રી-ડેવલપમેન્ટ, (૩) સક્ષમ સેન્ટરને હજુ વધારે કાર્યાન્વિત કરવું અને (૪) સ્કીલ ડેવલપમેન્ટ ક્ષેત્રે વધુને વધુ તજજ્ઞો તૈયાર કરવા વગેરે પ્રકારના કાર્યોની ગણના કરવામાં આવે છે.*

*આશા રાખવામાં આવે છે કે અન્ય સમાજો પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ ધ્યાને લઈ ભારત દેશની પ્રગતિમાં પોતાનો યોગ્ય સૂર પૂરાવી સમાજ-ધર્મ વધુને વધુ પ્રમાણમાં બજાવે અને ભારત દેશની સક્ષમતાને આગળ ધપાવે.*

## માનવતાની પરાકાષ્ટા

અમદાવાદના બસ સ્ટેન્ડ પર બેઠેલો હું વડોદરા જવાવાળી બસની રાહ જોતો હતો. હજુ બસ સ્ટેશન પર બસ આવી નહોતી. હું બાંકડા પર બેસીને એક ચોપડી વાંચી રહ્યો હતો.

મારી પાસે લગભગ ૧૦ વર્ષની એક બાળકી આવીને બોલી : 'બાબુ, પેન લઈ લો. રૂા. ૧૦/-ની ચાર આપીશ. ખૂબ ભૂખ લાગી છે. કશુંક ખાઈશ.' તેની સાથે એક નાનકડો છોકરો પણ હતો. કદાચ તેનો નાનો ભાઈ હશે.

મેં કહ્યું : 'મારે પેન તો નથી જોઈતી.'

આગળનો તેનો પ્રશ્ન ખૂબ જ વહાલો હતો... 'તો અમે ખાઈશું કઈ રીતે...?'

મેં પુનઃ કહ્યું : 'મારે પેન નથી જોઈતી, પણ તમે કશુંક ખાશો જરૂર...'

મારી બેગમાં બિસ્કીટના બે પેકેટ હતા. મેં બેગમાંથી તે પેકેટ બહાર કાઢી બંનેને એક એક પેકેટ પકડાવી દીધું.

મારી હેરાનગતિની હદ ના રહી જ્યારે તે બાળકીએ એક પેકેટ પરત કરતા કહ્યું : 'બાબુજી એક જ કાફી છે. અમે વહેંચીને ખાઈ લઈશું...!'

હું હેરાન થઈ ગયો જવાબ સાંભળીને...! મેં ફરી કહ્યું : 'રાખી લો બંને.'

મારા આત્માને ઝંઝોળી દીધો એ બાળકીના જવાબે... તેણે કહ્યું : 'તો પછી આપ શું ખાશો...?'

આ સંસારમાં કરોડો કમાનાર લોકો ઉન્નતિના નામ પર માણસાઈને નિશાન બનાવી લખલૂટ લૂંટ ચલાવવામાં લાગેલા છે. ત્યાં એક ભૂખી બાળકીએ 'માનવતાની પરાકાષ્ટા'નો પાઠ ભણાવી દીધો હતો...!

***जो प्राप्त है – पर्याप्त है***

***जिसका मन मस्त है उसके पास समस्त है.***

## પ્રમુખ સ્થાનેથી

હિરેન કે. શાહ (HK)

*કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓ દિવસે ને દિવસે વિસ્તરતી જાય છે. દરેક દિશામાં ફેલાઈ રહી છે. આશરે ૧૫૦ લોકો સમાજ સાથે, સમાજ માટે કામ કરી રહ્યા છે. દર વરસે વધતી મોંઘવારી સાથે જ વધતાં પગાર, પ્રમોશન, વધતાં એ.સી. અને મેડિકલ ઈક્વિપમેન્ટની સાથે વધતાં લાઈટ બિલ... આ વધતા ખર્ચને પહોંચી વળવા માટે આપણી પાસે મેડિકલ સેન્ટર્સ, ડાયાલિસીસસેન્ટર, ગેસ્ટહાઉસિસ અને હોલ સિવાય કોઈ વિકલ્પ હોય, તો તે માત્ર ડોનેશનો જ છે.*

*આજકાલનાં ડોનેશન માત્ર નવી પ્રવૃત્તિ માટે આવે છે. નવું મશીન લેવા કે નવા રૂમો બનાવવા આવતાં ડોનેશન પણ ખૂબ જ જરૂરી છે, જેના થકી આપણે નવા અને આધુનિક મશીનો, નવી ટેકનોલોજી વસાવી શકીએ છીએ, લોકોને વધુ સારી સારવાર અને સુવિધા આપી શકીએ છીએ. તે સૌ દાતાઓને વંદન છે!*

*સાથે સાથે એ પણ જરૂરી છે, કે આપણને રોજેરોજની જરૂરિયાત પૂરી કરવા પણ દાન મળી રહે... ધંધો હોય તો તેને વર્કિંગ કેપિટલ તરીકે લોન મળી શકે. પણ આપણે તો દાન લઈને સેવા કરનારી સંસ્થા છીએ, તો આપણને નાની કે મોટી યોજનાઓ અંતર્ગત દાન મળે, તો જ આપણી સેવાકીય પ્રવૃત્તિઓને વેગવંતી રીતે ચાલુ રાખી શકાય, નહિંતર કોઈ પણ નવું કામ હાથમાં લેતા પહેલાં જ, ટ્રસ્ટીઓએ થોભી જવું પડે.*

*આપણે તો જૈનો છીએ! એકવાર કોઈ દેરાસરની ભોજનશાળામાં જમી લઈએ, તો પણ કંઈ લખાવ્યા વિના આપણે બહાર નથી નીકળતા. તે જ રીતે સમાજને પણ મદદરૂપ ન બની શકીએ??? એકવાર સમાજની સભ્ય ફી ભરી દીધા પછી પણ વખતો વખત તેની સારી પ્રવૃત્તિઓ માટે દાનની પેટી તો છલકાવતાં જ રહેવું જોઈએ ને?*

*KJSS આપને આહવાન કરે છે, કે તેની સમાજોપયોગી સેવા પ્રવૃત્તિઓ વધુ સારી રીતે ચાલે, વધુ ફૂલેફાલે અને સાધર્મિકો તથા આપણાં સ્ટાફના આખાયે કુટુંબો વધુ સુખાકારીથી ચાલે, તે માટે આપણે રેગ્યુલર રીતે નાનું મોટું દાન કરવાની જૂની પરંપરા શરૂ કરી દઈએ!*

*લગ્ન પ્રસંગમાં કે જન્મદિવસે, કૌટુંબિક પ્રસંગમાં કે પછી ખુશીની ઉજવણી વખતે, આપણા કેટલાંક સજાગ સભ્યો, યથા શક્તિ યથામતિ, સમાજને ફૂલ કાં ફૂલની પાંખડી આપતા જ રહે છે. એમના નામ આપ 'મંગલ મંદિર'માં નિયમિત રીતે વાંચો જ છો. તો ચાલો, આપણે તે નામની કોલમને લાંબી લચક બનાવી દઈએ. કજૈસેસનું ભરણું, આપણી દિલદારીથી છલકાવી દઈએ. યાદ રહે કે ટીપે ટીપે જ સરોવર ભરાય છે. આપ સહુનો સહકાર જરૂર મળશે, એ વિશ્વાસ સહ...*

**– આપનો હિરેન શાહ**

### ॥ સુવિચાર ॥

*ઘડિયાળને એમ છે કે દુનિયા હું ચલાવું છું. પણ... એને કદાચ ખબર નહીં હોય કે દુનિયા સેલ નાંખીને તેને ચલાવે છે.*
*આપણું પણ કાંઈક આવું જ છે. ભાગ્ય તમારા હાથમાં નથી હોતું પણ નિર્ણય તમારા હાથમાં હોય છે.*
*ભાગ્ય તમારો નિર્ણય નથી બદલી શકતો પણ તમારો નિર્ણય તમારું ભાગ્ય જરૂર બદલી શકે છે.*

**પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ (મો. ૯૪૦૮૫ ૧૨૬૬૨)**

*With Best Compliments From*

# Matrix Biomedicals

4, Ambica Tenament, Nr. Malav Talav,
Jivraj Park, Ahmedabad-380 051.

**Mobile : 83470 02277**

**E-mail : matrixbiomedicals@yahoo.com**

**Web : www.matrixbiomedical.com**

**Customer Care No. : 83473 44450**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ટ્રસ્ટ મંડળની મીટિંગનો અહેવાલ

તા. ૫-૪-૨૦૨૬ને રવિવારના રોજ ટ્રસ્ટ મંડળની એક મીટિંગ મળી હતી. તેમાં કો-ઓપ્ટ ટ્રસ્ટી અને આમંત્રિત ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી હતી.

*કો-ઓપ્ટ ટ્રસ્ટી* : (૧) શ્રી દેવેન મેઘજી છેડા
(૨) શ્રી ભરત પ્રભુલાલ ચુનીલાલ સંઘવી

*આમંત્રિત ટ્રસ્ટી* : (૧) શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
(૨) શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર હરિયા
(૩) શ્રી અનિલ રામજી વેરશી હરિયા

આ ઉપરાંત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના રૂમોના ભાડામાં ફેરફાર અંગે તેમજ કેન્ટીનોના ભાવમાં ફેરફાર અંગે નિર્ણય લેવામાં આવ્યા હતા.

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## કારોબારી સમિતિની મીટિંગનો અહેવાલ

તા. ૫-૪-૨૦૨૬ને રવિવરના રોજ કારોબારી સમિતિની એક મીટિંગ મળી હતી. તેમાં કારોબારી સભ્ય શ્રી પીયૂષ હીરજી સાવલાના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા ઉપર શ્રી હેમેન્દ્ર ભોગીલાલ શાહની નિમણુંક કરવામાં આવી હતી.

વિવિધ સમિતિઓ દ્વારા કરવામાં આવેલ ખર્ચની મંજૂરી આપવામાં આવેલ હતી. આ ઉપરાંત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના રૂમોના ભાડામાં ફેરફાર અંગે તેમજ કેન્ટીનોના ભાવમાં ફેરફાર અંગે નિર્ણય લેવામાં આવ્યા હતા.

**રજનીકાંત ડી. પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સમાજ સુરક્ષા સમિતિ

સમાજ સુરક્ષા સમિતિનાં ધ્યાનમાં આવ્યું છે કે સમાજના ઘણા કુટુંબોએ મેડિક્લેઈમ ઈન્સ્યોરન્સ લીધેલ નથી અને હોસ્પિટલમાં સારવાર કરાવી, સમાજ પાસે ફાઈલ મૂકી સહાય લે છે. હાલમાં ઘણી બધી વીમા કંપનીઓ ૭૦ વર્ષ સુધી મેડિકલ ઈન્સ્યોરન્સની સુવિધા આપે છે (ફ્લોટર / ગ્રુપ પોલીસી વગેરે).

જે સભ્યોના ઈન્સ્યોરન્સ કંપની કોઈ કારણસર કલેઈમ પાસ નથી કરતી અથવા કોઈ લીમિટમાં કરે છે એવા સંજોગોમાં કે આવા કેસમાં સમાજ જે-તે જરૂરતમંદ રાભ્યની મદદ કરશે. તબીબી સહાય સમિતિની ખાસ વિનંતી છે કે જે કુટુંબ મેડિક્લેઈમ લઈ શકતા હોય તે કુટુંબોએ પોતાના બધા સભ્યોનું મેડિક્લેઈમ વીમો કરાવી લેવો.

સમાજ સુરક્ષા સમિતિ બધા જ સભ્યોને મેડિકલ ઈન્સ્યોરન્સ લેવાની ભલામણ કરે છે કે જેથી સમાજ/સભ્ય પરિવાર પર ભાર ઓછો પડે. જેનું ખાસ ધ્યાન રાખવા અનુરોધ છે.

ઉપરાંત, સભ્યોને ખાસ વિનંતી છે કે "આયુષ્માન કાર્ડ"ન હોય તો કઢાવી લે.

***કન્વીનર, સમાજ સુરક્ષા સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : યુવા વિકાસ સમિતિ

*યુવા વિકાસ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ – ગાલા :*

- A4 સાઈઝ ૨૨૦ પેજના ચોપડા રૂા. ૫૩૦/- પર ડઝન
- A5 સાઈઝ ૧૭૨ પેજ નોટબુક રૂા. ૩૮૦/- પર ડઝન
- લોંગ બુક ચોપડા ૧૭૨ પેજ નોટબુક રૂા. ૩૮૦/- પર ડઝન

નું રાહત દરે વિતરણ કરવાનું આયોજન કરેલ છે.

શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના દરેક વિદ્યાર્થીને ૨ ડઝન નોટબુક/ચોપડા આપવામાં આવશે.

આપ દરેક સભ્યને વિનંતી કે બને એટલું ઝડપી આપના ઓર્ડર બુક કરાવશો.

બાકીની વિગત ફોર્મમાં આપેલી છે.

આ વિતરણમાં પેપર પ્લાઝા તરફથી ૫૦%ની સહાય મળેલ છે. (છાપેલ MRP કિંમત કરતા ૫૦% ઓછા ભાવે આ નોટબુક/ચોપડા આપવામાં આવશે.)

***આ સહાય મેળવવા માટે નીચે આપેલ ફોર્મ ભરવા નમ્ર વિનંતી.***

**https://forms.gle/V9TByGFqbfjYjDom6**

*વધુ માહિતી / પૂછપરછ માટે સંપર્ક :*

*ડૉ. કેતન શાહ*
*મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧*

*ચૈતન્ય રાંભિયા*
*મો. ૯૦૮૧૮ ૧૭૮૧૫*

*ફોર્મ ભરવા માટે*
*આ QR Code સ્કેન કરો*




## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### *અમદાવાદ પધારતા અતિથિઓની સગવડતા વધારાઈ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ત્રણે અતિથિ ભવન – પાલડી, શાહીબાગ અને ગીતા મંદિરનું બુકિંગ હવે ઓનલાઈન થઈ શકશે.*

**www.kjss.org** પર બુકિંગ થઈ શકશે.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**હિરેન કે. શાહ**
**પ્રમુખશ્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**


100% PURE
BILONA METHOD
PURE • NATURAL
A2
MADE FROM NATURAL A2 COW MILK
Desi Gir Cow Milk Used
Gir Cow GHEE
SHUDHATA KA WAADA, SEHAT KA SAATH
HAND CHURNED BILONA METHOD FOR MAXIMUM NUTRITION & PURITY
100% PURE A2 COW GHEE
NO ADDITIVES
NO PRESERVATIVES
CHEMICAL FREE
100% PURE BILONA METHOD NATURAL A2 COW MILK SE BANA
BENEFITS OF A2 GIR COW GHEE
Boosts Immunity
Strengthens immune system & helps fight illnesses.
Improves Digestion
Enhances digestion & helps maintain gut health.
Good for Heart Health
Helps in maintaining healthy heart & cholesterol levels.
Enhances Memory
Improves brain function & memory power.
Supports Joint Health
Lubricates joints & helps in reducing inflammation.
Rich in Vitamins
Rich in Vitamins A, D, E, K & Omega 3 Fatty Acids.
100% PURE NATURAL
Gir Cow GHEE
SHUDHATA KA WAADA, SEHAT KA SAATH
Net Wt. 1kg
NUTRITIONAL VALUE (PER 100g)
Energy 897 kcal
Total Fat 99.7 g
Saturated Fat 62.0 g
Monounsaturated Fat 28.0 g
Polyunsaturated Fat 3.0 g
Trans Fat 0.0 g
Cholesterol 180 mg
Vitamin A 700 mcg
Vitamin D 55 mcg
Vitamin E 2.5 mg
Vitamin K 4.0 mcg
Omega 3 Fatty Acids 0.6 g
NATURALLY OCCURRING NUTRIENTS
MANUFACTURED, PACKED & MARKETED BY:
NUTSSHELL
Your One-Stop Nut Shop
LIFE CARE SOLUTIONS
Shop No 3, Nirma Building, Near Kailashnath Society, Bhairavnath Road, Maninagar, Ahmedabad 380008, Gujarat
fssai
Lic. No. 10726026000671
CUSTOMER CARE:
7043330890
PURE & NATURAL
DESI GIR COW MILK
NO CHEMICALS NO ADDITIVES
BILONA METHOD
BEST BEFORE 12 MONTHS FROM PKD.
STORE IN A COOL, DRY PLACE. AWAY FROM DIRECT SUNLIGHT.

# Patel Tours & Travels

**CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888**




**Bus Available on Hire**
**A.C. Non A.C. 3 x 2 & Volvo 2 x 2 Bus**
**(A.C., Non A.C. Sleeper)**

**ONLINE BOOKING**
**E-mail : patelinn@yahoo.com**
**www.pttbus.in**

## HEAD OFFICE

8, Shroff Chambers, Opp. Navchetan High School, Paldi,
Ahmedabad. Ph. : 079-26577811 M. : 99254 33888, 88667 55888

**SATELLITE**

Manas Complex, Jodhpur Char Rasta,
Satellite. Ph. : 079-26923888, 26929277
**M. : 99252 44293, 78742 78688**

**S. G. HIGHWAY**

Circle-P, Near Prahladnagar Garden,
B/s. Honest Restaurant, S. G. Highway,
Ahmedabad. **M. 99798 94238, 88660 88818**

**BAPUNAGAR**

Shop No. 22, Hiren Chamber,
Thakkarnagar Char Rasta **M. 99252 44257**

**C.T.M.**

4, Shahjanand Shopping Centre,
Opp. Hiraba Party Plot. **M. 99252 44256**

**Gandhinagar** : M. 9925244276, 9925145204 **Baroda** : Ph. : 065-6599274, 9925244275 • **Baroda** : Ph. : 065-6541275, 9925244274 **Bhuj** : Ph. : 2832224477, 0283258372, 9925244259, 9925444260 • **Gandidham** : Ph. : 02836-234222, 9925244151, 9925444208 **Adipur** : Ph. : 02836-260899, 9925244271 • **Anjar** : Ph. : 02836-244848, 9925244270 • **Samkhiyari** : M. 9925244216, 9925244151 **Mundra** : Ph. : 02838-222511, 9925244269 • **Mandvi** : Ph. : 2834-231460, 9925244272 • **Gadhshisha** : M. 9879150365 **Rajkot** : Ph. : 281-2451754, 2332186, 9909022441, 9925244255 • **Rajkot** : Ph. : 281-2451210, 2457660, 9925244280, 9925244280 **Jamnagar** : Ph. : 2882660243, 2862660521, 9909009844 • **Jamnagar** : Ph. : 288-2571230, 9925244281 • **Dwarka** : 8980800175 **Reliance** : 9909945692 • **Jamkhambhaliya** : Ph. : 288257130, 9925244261 • **Junagadh** : Ph. : 0285-2652414, 9925244289, 8738028283 **Veraval** : M. 9425188099, 7384960480 • **Somnath** : 9998296801, 9227222863 • **Dhoraji** : M. 9825547550, 9638000459 **Porbandar** : Ph. : 2642-2246823, 9825547550, 9638000549 • **Bharuch** : Ph. : 2642-561818, 2642545666, 9909977996 **Surat** : Ph. : 98250066744 • **Vapi** : Ph. : 9924155529, 9427774745 • **Jaipur** : M. 9829035400 • **Indore** : M. 9752731212

**Now Book your Ticket on**



**Parcel Service Available**
**Booking Available**
**Pay & To Pay**




www.pttbus.in

**CUSTOMER SUPPORT**
24/7
**Ph. : 079-26818788**
**88661558888**



Sanghavi Finserv
Your Trusted Partner for Complete Financial Solutions
We offer a wide range of Investment and Financial Services to help you grow and secure your wealth
Investment & Financial Services
Mutual Funds
AIF (Alternate Investment Funds)
Corporate Fixed Deposits (FD)
NCD (Non-Convertible Debentures)
Equity Broking Services
SIF (Specialised Investment Funds)
NPS (National Pension Scheme)
LIC Agent
Life Insurance from Leading Private Companies
(All types of Life Insurance solutions available)
AMFI Registered Mutual Fund Distributor
IRDAI Certified
PLAN YOUR INVESTMENTS SMARTLY, SECURE YOUR FUTURE CONFIDENTLY.
Bharat Prabhulal Sanghavi (Rapar)
+91 96199 12184
Office: 90827 07478
Expert Guidance
Trusted Service
Long-term wealth creation
Disclaimer - Sanghavi Finserv is distributor of financial products and a Mutual Fund Distributor. ARN: 337985 | EUIN: E642525. Mutual Fund investments are subject to market risks. Insurance products are subject to policy terms & conditions. Other market-linked investments carry risk. No guaranteed returns.


સર્વેને શુભ અને કુશળ સ્વાસ્થ્ય માટે શુભ કામના
Vardhman
Pharmacy
Saibaba Mandir, Opp. Kalasagar Mall,
Sattadhar Cross, Ahmedabad.
M. : 92270 90208
15% Discount on All Medicines
FREE HOME DELIVERY

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## એન્યુઅલ સ્ટાફ મીટિંગ : ૨૦૨૬

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા ચાલતી H.R. સમિતિના H.R. Executive શ્રીમતી ખુશ્બુબેન શાહ દ્વારા તા.૨૬-૪-૨૦૨૬ ને રવિવારે સંસ્થા તરફથી ''એન્યુઅલ સ્ટાફ મીટિંગ (Staff Get to Gather)''નું આયોજન કરવામાં આવેલ હતું. સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલ સાવલા, શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી વિશાલ શાહ, શ્રી વિમેશભાઈ શાહ તથા ટ્રસ્ટ મંડળના અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સમિતિ કન્વીનરશ્રીઓ તેમજ પાલડી, બોપલ, જશોદાનગર, શાહીબાગ અને ચાંગોદરના તમામ HOD (હેડ ઓફ ડિપાર્ટમેન્ટ) હાજર રહેલ હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ માનદ્ મંત્રીશ્રી રજનીકાંત પારેખે KJSSના ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, તમામ ભવનના HOD અને સ્ટાફના કર્મચારી ભાઈઓ/બહેનોને આવકાર્યા હતા અને તેઓશ્રીને ટ્રસ્ટ મંડળના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોનો પરિચય આપેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સૌ પ્રથમ સંસ્થાના સહમંત્રી શ્રી વિશાલ શાહે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી સંસ્થાની પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપીને કર્મચારીઓને માહિતગાર કર્યા હતા.

શ્રી અશ્વિનભાઈ સાવલાએ તમામ મેડિકલ સેન્ટરોની પ્રવૃત્તિઓ અંગે માહિતી આપેલ હતી.

સંસ્થાના ખજાનચી શ્રી વિમેશભાઈ શાહે વર્ષ ૨૦૨૬ માટેના સ્ટાફના વાર્ષિક ઈન્ક્રીમેન્ટમાં કરાયેલ વધારા વિશે પ્રેઝન્ટેશન થકી સૌ સ્ટાફને માહિતગાર કર્યા હતા અને તેના મૂલ્યાંકનની પ્રક્રિયા વિશે પણ માહિતી આપેલ હતી.

શ્રી વિમેશભાઈ શાહે તથા ડૉ. હિતેન્દ્રભાઈ શાહે વાર્તારૂપી વિગત જણાવીને કામગીરી ખંત અને દિલથી કરવા સૌ કર્મચારીઓને પ્રેરણા આપી.

શ્રી હસમુખભાઈ ગઢેચાએ દર્દીઓને સારામાં સારી સેવા મળી રહે તેવા પ્રયત્ન કરવા માટે સૂચનો કરેલ હતા.

સંસ્થાના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હિરેન શાહ પોતે કેનેડા ગયા છે, પણ તેઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક ત્યાંથી વર્ચ્યુઅલી (વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા) મીટિંગમાં હાજર રહેલ હતા અને તેમણે જુસ્સાભેર સ્પીચ આપી હતી કે જેમાં તેમણે સંસ્થાના કર્મચારીઓના કામની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં આવનાર ફેરફારો વિશે પણ બધાને માહિતગાર કર્યા હતા.

શ્રીમતી મંજુલાબેન પરમારે સંસ્થા દ્વારા HR ડિપાર્ટમેન્ટની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને આવી પ્રવૃત્તિઓ અવાર-નવાર ચાલતી રહે તેવું સૂચન કરેલ હતું. સંસ્થાના મેનેજર શ્રી કિશોરભાઈ ઠક્કર દ્વારા સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા સૂચવેલ સૂચનોનું સારી રીતે અમલીકરણ થાય અને KJSSની પ્રગતિ થાય તેવી કામગીરી કરવામાં આવશે તેવી સૌ સ્ટાફ વતી તેઓએ બાંહેધરી આપેલ હતી.

કાર્યક્રમના અંતમાં સંસ્થાના સહમંત્રી શ્રી વિશાલભાઈ શાહે રવિવાર હોવા છતાં સમય કાઢી હાજર રહેલ સર્વે ટ્રસ્ટીશ્રીઓનો, કારોબારી સભ્યશ્રીઓનો અને તમામ સ્ટાફનો આભાર માન્યો હતો. અને તમામ સ્ટાફ મેમ્બરને કહેલ કે, ''તમે આ સંસ્થાના કર્મચારી નહીં પણ KJSS સંસ્થાના પરિવાર છો!'' આ વાતને સૌ સ્ટાફ મેમ્બરોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી.

અંતમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ હતો અને સૌએ સાથે મળી ઉનાળાની કાળઝાળ ગરમીમાં રસ-પૂરી વગેરે ભોજનની મજા માણેલ હતી.

***શ્રીમતી ખુશ્બુ શાહ (H.R. વિભાગ)***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ***

એક શુભેચ્છક તરફથી

# એન્યુઅલ સ્ટાફ મીટિંગમાં પ્રમુખશ્રી દ્વારા કેનેડાથી કરવામાં આવેલ પ્રવચન

Good Morning from cold Canada, આપણા ક.જૈ.સે.સ. ફેમિલીના સભ્યો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો અને મિત્રો...

હું આજે ત્યાં હાજર નથી તેનો મને ખૂબ અફસોસ છે કેમકે આ મારી ફેવરિટ મીટિંગ છે કે જેમાં વરસે એક દિવસ આપણે સૌ આપણા આખા પરિવારને મળીએ છીએ. તમે સૌ જાણો છો તે મુજબ KJSS, એ ગુજરાતની એકમાત્ર જ્ઞાતિ મંડળ કે કચ્છી જૈનોની નાની-મોટી પેટા જ્ઞાતિઓ ભેગી થઈને બનેલી એક સામાજિક સંસ્થા છે. સામાન્ય રીતે આવી સંસ્થા મોટેભાગે લગ્નો, મેળાવડાઓ કે પછી વિદ્યાર્થી સન્માન કે પછી બેસણા કે પ્રસંગોપાત જરૂરિયાત માટે પોતપોતાના હોલ બનાવતી હોય છે અને આજે છેક ૨૧મી સદીમાં પણ ૨૦૨૬ સુધી પહોંચી ગયા છીએ છતાં પણ કોઈપણ જ્ઞાતિના ટ્રસ્ટી કે વડીલોને પૂછો તો શું જવાબ મળે? આપણે આપણું કરો ને ભાઈ...!

દરેક પોતાની જ્ઞાતિની હોસ્ટેલ બનાવવાના કે પછી IASના ટ્રેનિંગ સેન્ટર બનાવવા સુધી વધી ગયાં, અરે ઈવન લાઈબ્રેરી કે ભણવાની સગવડ સુધી અને બિઝનેસ સમિટ સુધી પહોંચી ગયા છે. પરંતુ આપણું ગૌરવ, KJSS તો નાત-જાતના ભેદભાવ વગર ક્યાંનું ક્યાં પહોંચી ગયું. અને તે પણ આજે નહીં, છેક ૧૯૯૭/૯૮ થી શરૂ કરીને! આપણી પ્રવૃત્તિઓનું લીસ્ટ રીપીટ કરતો નથી, પણ હા... મારું-તમારું જે ગૌરવ છે તે તો વારંવાર કહેવાનું મન થાય છે, કે જેથી આપણે તેના લીમિટેશન પણ સમજી શકીએ કે હા, બીજી સંસ્થાઓની જેમ, જેમકે આશિર્વાદ ફાઉન્ડેશન કે પોલિયો ફાઉન્ડેશન કે લાયન્સ યા રોટરી ફાઉન્ડેશનની જેમ આપણે બહોળા સમાજના કોઈપણ વ્યક્તિને ટ્રસ્ટી બનાવી શકતા નથી, તે કચ્છી જૈન હોવા જરૂરી છે! તો પછી તેની સાથે સાથે બીજા લીમિટેશન પણ આવે છે કે આપણે આને કોમર્શિયલ કે માત્ર પ્રોફેશનલી ચાલતી સંસ્થા તરીકે ચલાવી શકીએ નહીં. કેમકે એક તો માત્ર સમાજ સેવાના આશય સાથે બનેલી સંસ્થા હોવાથી શરૂ કરેલું ત્યારથી આજ સુધી આને આ લેવલ સુધી લઈ જવામાં જેમનો ફાળો છે તેમને આપેલ વચન પ્રમાણે જ ચાલવું પડે! અરે, ઈવન કોઈ લિમિટેડ કંપનીના ફાઉન્ડેશન ચાલતાં હોય તેવી પણ આપણી પાસે સગવડ કે resources ન હોવાથી, મર્યાદિત સંસાધનો સાથે આપણે સારા આશય સાથે કામ કરવું પડે.

અમને આનંદ છે કે આપણે આજે નાનકડી સેવાઓથી શરૂ કરેલી મેડિકલ સેવા, એટલી વિસ્તરી છે કે જેમાં આટલાં બહોળા પ્રમાણમાં Employeesની સેવા લઈ શકાય છે, જે આપણા શરૂઆતના ટ્રસ્ટીઓએ કદાચ વિચાર્યું પણ નહીં હોય.

૨૦૨૬ માર્ચ સુધી ગયા વરસે ૨,૫૬,૦૦૦ પેશન્ટને અલગ અલગ ઓપીડી/સોનોગ્રાફી કે બોડી ચેક-અપની સેવા આપવામાં ફાળો આપનાર આજે અત્રે હાજર અને ગેરહાજર રહેનાર તમામનો આમાં અમૂલ્ય ફાળો છે! Thank you KJSS Teams!

દરેક સેન્ટરની પોતાની વિશેષતાઓ છે. જશોદાનગર સેન્ટર નવા નવા શિખરો સર કરી રહ્યું છે, તો ચાંગોદર સેન્ટર ફરી એકવાર નવી લીડરશીપ હેઠળ ફરી બેઠું થઈ રહ્યું છે. પાલડી વિસ્તારમાં આવેલ આપણા મકાનની હવે મર્યાદાઓ જેમકે પાર્કિંગ કે સેન્ટ્રલ એ.સી.નો અભાવ કે સાંકડી ગલીઓ યા તો બેસવાની જગ્યાનો અભાવ હોવા છતાં પોતાનો બેસ્ટ પ્રયાસ કરી પેશન્ટોને સારી સુવિધા પૂરી પાડવા કોશિશ કરી રહ્યાં છે. તો બોપલ સેન્ટર પોતાની Underutilised કેપેસિટીનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો અદ્‌ભુત પ્રયાસ કરે છે. તેમાં વળી બોપલ સેન્ટર પોતે સામેથી પોતાની લેબોરેટરીને અપગ્રેડ કરવા NABLનું સર્ટીફિકેટ લઈ આવવાની તૈયારી બતાવે છે, જેથી સેન્ટરનું નામ પણ ઊંચું થાય અને મોટી કંપનીઓના Employees પણ સારવાર માટે આવતા થાય!

સારામાં સારા ચાલતા શાહીબાગના ડાયાલિસિસ સેન્ટરની ટીમ શાહીબાગના સેન્ટરની સાથે સાથે ગીતામંદિર ડાયાલિસિસ સેન્ટર, એકવાર માથે પડી આવેલી આફત પછી પણ ફરી એકવાર જાતે ચલાવીને પગભર કરવાની કોશિશ ભરપૂર રીતે કરી રહી છે. ૬૦-૬૫ રૂમથી ધમધમતા શાહીબાગ ગેસ્ટહાઉસની Occupancy વધારવાનો પ્રયાસ કરવામાં આવે છે, તો તેટલાં જ ઉત્સાહથી પાલડીના એકમાત્ર કચ્છી જૈન લોકોને સગવડ પૂરી પાડવા બનાવેલ ગેસ્ટહાઉસને બને તેટલી વધુ સુવિધાથી સજ્જ બનાવવામાં આવી રહેલ છે. આ બધું જ કરવામાં તમારા બધાંનો સહયોગ મળ્યો છે અને મળશે.

હા, KJSS કોર્પોરેટ જેવી ટ્રીટમેન્ટ નહીં આપી શકે-ન પેશન્ટ ને કે ન Employeesને, કેમકે તે નફો કરતી સંસ્થા નથી જ અને બનશે પણ નહીં. તે આ સંસ્થાનો પ્લાન કે વિઝન જ નથી.

હા, સમય બદલાય છે તેમ જનરેશન બદલાય તે કુદરતનો ક્રમ છે. KJSSમાં પણ એવું થઈ રહેલું તમને દેખાતું જ હશે! તમને કદાચ અમારી અગાઉ કરતાં અમારી જનરેશન જુદી લાગે. તો સત્ય એ જ છે કે જે આપણી દુકાનોમાં કે ઘરોમાં કે સંસારમાં થાય છે તેમ અમારી પેઢી થોડી વધુ આક્રમક લાગે + રીઝલ્ટ ઓરિએન્ટેડ લાગે કેમકે અમારો ઉછેર બહુ કોમ્પિટીશનના જમાનામાં થયેલ છે. જ્યાં માર્કસ લાવવાથી માંડી નોકરીઓ મેળવવા અને નોકરી મેળવ્યા બાદ પ્રમોશન લેવામાં અથવા બિઝનેસમાં કે ડૉક્ટર, એન્જિનિયર, સી.એ. કે આર્કિટેક્ટની પ્રેક્ટિસમાં બધી જ જગ્યાએ બીજા કરતાં આગળ નીકળી જવાની હોડમાં થયો છે. તો અમારી પેઢી તેવી જ બની ગઈ છે અને રહેશે. અમારા ડૉનરો પણ નવા જનરેશનના બિઝનેસમેન અથવા કોર્પોરેટ કંપનીઓ છે! હિસાબ પણ માંગે છે – કેમકે તેમને પણ આપેલ ડોનેશનના હિસાબો સરકારને આપવા પડે છે!

તો અમારી કાર્યપદ્ધતિ તમને જરાક જુદી લાગે તે સ્વાભાવિક છે. પણ હા, આશય આ જનરેશનનો પણ સેવા જ છે. અમને અમારા વડીલો તરફથી પણ એજ સુચનાઓ મળે છે, કે ખોટું ન કરે ત્યાં સુધી માણસોને કાઢવાના નથી.

હા, ધાર્યા પરિણામો અને ઝડપી પરિણામ મેળવી શકે તેવા લોકો જ લેવામાં આવશે અને વધુ ને વધુ કામો Employees પાસેથી જ લેવામાં આવશે. આવનારા સમયમાં HODને વધુ ઓથોરીટી આપવામાં આવશે. સાથે વધુ સારા રીઝલ્ટની અપેક્ષા પણ રાખવામાં આવશે. જેમ સમય જાય તેમ વધુ ડેટા Analysis માટે વધુ માહિતી પૂછવામાં આવશે અને તમારામાંના કેટલાંયે મિત્રોનું તો માથું વધુ ખવાઈ જ રહેલ છે... વધુ માહિતી, વધુ એનાલિસીસ કરી દિશા નક્કી કરવી તે માટેનો ટાર્ગેટ સામે રાખવો તે અમારા આ જનરેશનની એક તકલીફ છે! અને તમે જોયું છે કે દરરોજ સાંજે આંકડા જોવાય છે, 👌 કે પછી 😒 એવા નિશાન ૩૦૦ દિવસ સુધી ચાલે છે. દરરોજ તમે આગલા દિવસની ગણતરી લખો છો અને જો ધ્યાનથી જુઓ તો ગૂગલ શીટ પર થોડા દિવસોએ વળી નવી નવી માહિતી જમણી બાજુએ ગણાતી દેખાય છે ને?

એક હસવાની વાત કહી દઉં?

મારા મોબાઈલમાં ચાલવાનાં કિમી / પગલાં માપવાની ઍપ ડાઉનલોડ કરી છે. હવે જ્યારે કોઈ વાર ફાલ્ગુની પૂછી લે, ‘‘કે કેમ આજે રાત્રે ચાલવા?’’ તો મારા તરફથી જવાબ શું હશે?

‘આજે ૩૧ તારીખ છે, મારી મહિનાની ઍવરેજમાં થોડુંક ખૂટે છે. તો જરાક રાત્રે પણ ચાલીને કવર કરી લઉં.’

આજકાલના સમયમાં દરેક કામને મૂલવવું પડે છે. દરેક કામનું માપ શું? તે જાણીને જ સંતોષ થાય છે.

આપણે દરરોજ આ ફરકને જોઈએ છીએ પણ જરાક ધ્યાનથી જોઈશું તો પકડાશે.

પપ્પા, બધું બરાબર ચાલે છે?

કોઈ તકલીફ હશે તો તરત ખબર પડશે ને બેટા!

દિકરો / દીકરી / વહુ : બીપી કેટલું છે? સુગર? HbA1c છેલ્લે કેટલું હતું પપ્પા તમારું?

બસ આજ ફરક છે. તમને હવે નવી - બદલાતી ભાષા સંભળાતી થઈ છે ને?

તમે હવે બ્રેક ઈવન, ડેઈલી એવરેજ, મંથલી કે ક્વાર્ટરલી યા છેલ્લા ૩ વરસના ડેટા; રૂમની Occupancy કેટલી? પગારને બદલે CTC, સારું ચાલે છે ને બદલે Year on year growth કેટલો છે? વગેરે સાંભળો છો ને?

તો હવે પછીનો KJSSનો ગોલ રહેશે, પેશન્ટ (અથવા ગેસ્ટ) ના વધારે સેટીસફેક્શન લેવલ સાથે વધતી રેવન્યુ!

પેશન્ટ તથા સ્ટાફ તથા કાર્યકર્તાઓને માટે વધુ સગવડ, વધુ ટ્રેઈનિંગ, સારામાં સારી ટ્રીટમેન્ટ અને જરૂરી નવા સાધનો, બને તેટલો રીસ્પેકટેબલ પગાર, મોટું નામ અને સૌથી વધુ મહત્ત્વનું – લોકોના આશિર્વાદ.... ■

*કૂવામાં ઉતારવામાં આવેલ બાલ્દી નમે છે*
*તો પાણી ભરીને બહાર આવે છે.*

*જીવનનું પણ એવું જ ગણિત છે,*
*જે નમે છે તે સહુને ગમે છે.*

॥ શુભેચ્છા સહ... ॥

**ગણેશ ચિક્કી પરિવાર – અમદાવાદ**

**જયંતીભાઈ નીસર (વડાલા - કચ્છ)**

# એન્યુઅલ સ્ટાફ મીટિંગ : ૨૦૨૬ # કાર્યક્રમની તસવીરી ઝલક



*સંસ્થાની પ્રવૃત્તિની માહિતી આપતા*
*માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ*



*સહમંત્રી શ્રી વિશાલભાઈ શાહ*



*મેડિકલ સમિતિના કન્વીનર/ટ્રસ્ટી*
*શ્રી અશ્વિનભાઈ સાવલા*



***HR** વિભાગના હેડ*
*શ્રીમતી ખુશ્બુબેન શાહ*



*ખજાનચી શ્રી વિમેશભાઈ શાહ*



*ઉપપ્રમુખ ડૉ. હિતેન્દ્રભાઈ શાહ*




*ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ દંડ*



*ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચા*



*સંસ્થાના મુખ્ય મેનેજર*
*શ્રી કિશોરભાઈ ઠક્કર*



સંસ્થાના પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી હિરેનભાઈ શાહ (HK) કેનેડાથી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહેલ



કારોબારી સભ્ય શ્રીમતી સુલુબેન શાહ



મીટિંગમાં ઉપસ્થિત રહેલા સંસ્થાના હોદ્દેદારો



મીટિંગમાં ઉપસ્થિત રહેલા સંસ્થાના હોદ્દેદારો



હેડ ઑફ ડિપાર્ટમેન્ટ્સનો ગ્રુપ ફોટો



મીટિંગને અંતે ભોજન

★ તમને કોઈ સમજી ના શકે તેટલા અઘરા ના બનો. કારણકે અઘરા દાખલાઓને વિદ્યાર્થીઓ પણ વિકલ્પમાં છોડી દેતા હોય છે.

★ જરૂરિયાત મુજબ જિંદગી જીવો સાહેબ, શોખ મુજબ નહીં! કારણકે જરૂરિયાત ગરીબની પણ પૂરી થાય છે અને શોખ તો રાજાના પણ અધૂરા રહી જાય છે.

# એન્યુઅલ સ્ટાફ મીટિંગ : ૨૦૨૬ # કાર્યક્રમ અંગેના પ્રતિભાવો

★ KJSSની તા. ૨૬-૪-૨૦૨૬ ને રવિવારના વાર્ષિક સ્ટાફ સ્નેહ મિલનમાં અમારો અનુભવ ખૂબજ શાનદાર રહ્યો. છેલ્લા ૩ વર્ષથી સ્ટાફ સ્નેહ મિલનનો કાર્યક્રમ થાય છે. જેમાં સ્ટાફના દરેક સભ્યો ભેગા થાય છે. જેનાથી એક પરિવાર ભેગો થતો હોય તેવો અહેસાસ અનુભવાય છે.

KJSSના ટ્રસ્ટી ગણ તથા કારોબારી સભ્યોએ રજાનો દિવસ હોવા છતાં આ મીટિંગમાં હાજર રહી KJSSની પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા. જેનાથી સ્ટાફને પોતાના પરિવારના સભ્યો કયા કાર્યક્ષેત્રમાં કાર્ય કરે છે તેની માહિતી મળી હતી અને એકબીજાને ઓળખતા થયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ HR શ્રી ખુશ્બુબેન શાહ તેમજ સમગ્ર ટીમની કામગીરી સરાહનીય હતી. જ્યારથી KJSSમાં HR વિભાગ ચાલુ થયો ત્યારથી સ્ટાફના કર્મચારીઓની માંગ્યા વિના પણ જરૂરી માંગણીઓ સંતોષાય છે અને ભવિષ્યમાં પણ માંગણીઓ સંતોષાતી રહેશે તેવી સ્ટાફ સભ્યો વતી અપેક્ષા રાખીએ છીએ.

***કિશોરભાઈ ઠક્કર / કૃષ્ણકાંત મોદી (મેનેજર)***

★

★ KJSSની વાર્ષિક મીટિંગ ખરેખર પ્રેરણાદાયી હતી. દરેકને મળવું અને સ્ટાફની સામૂહિક ઉર્જાનો અનુભવ કરવો ખૂબ જ આનંદદાયક રહ્યો. ખાસ કરીને આપણા ચાલુ પ્રોજેક્ટ્સ વિશેની પારદર્શિતા અને મેનેજમેન્ટ સાથે સીધી વાતચીત કરવાની તક મને ખૂબ ગમી. એ સ્પષ્ટ છે કે KJSS તેના લોકોની કદર કરે છે અને હું આપણા લક્ષ્ય (મિશન) સાથે પહેલા કરતા વધુ જોડાયેલો હોઉં તેવો અનુભવ કરી રહ્યો છું.

***પથીકભાઈ ભટ્ટ - આસિસ્ટન્ટ મેનેજર***

★

તા.૨૬-૪-૨૦૨૬ના રોજ સ્ટાફ મીટિંગ રાખવામાં આવેલ હતી, જેમાં લગભગ સ્ટાફ હાજર રહ્યો હતો. બધા સેન્ટરનો સ્ટાફ એકબીજાને મળ્યો હતો. હોદ્દેદારો, કન્વીનર્સ અને HR મેડમ તરફથી સેન્ટરોની માહિતી અને કર્મચારીઓની ફરજ અલગ શૈલીમાં દાખલા ટાંકીને આપવામાં આવી હતી. પ્રમુખશ્રીએ કેનેડાથી મીટિંગ હેન્ડલીંગ કરીને પોતાનો સંદેશો પાઠવેલ હતો. Incrementની સુંદર સમજ આપવામાં આવી હતી. સૌને પોતાની રજૂઆત કરવા માટે પણ તક આપવામાં આવી હતી. વર્ષ દરમિયાન નવરાત્રિ ગરબા, રંગોળી, Birthday Celebration, Womens day Celebrationની જેમ આ મીટિંગ પણ દર વર્ષે થવી જોઈએ.

***ડૉ. દક્ષા રામાવત***
***(MO, પાલડી મેડિકલ સેન્ટર)***

★

*Greetings of the Day!*

***Dear Khushbu Madam,***

I would like to thank you for conducting the AGM in a well-planned and transparent manner.

From scheduling, communication to arrangement and documentation, everything was handled very professionally. This proactive step reflect HR's commitment to all KJSS member's welfare and organisation transparency. Introducing new policies like CL, accident, appraisal, ESIC ect. which are really needed and helpful to all members.

In AGM, we come to know about all Medical centres, all Dialysis centers, future plans and discussion .

I really appreciate the efforts of the trustees and team.

***Dr. Riddhi***
***MO, Bopal Medical Center***

★

તા. ૨૬-૪-૨૦૨૬ના રોજ પાલડી શ્રી કચ્છી જૈન ભવન ખાતે દરેક મેડિકલ સેન્ટરના સ્ટાફની એન્યુઅલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું

આ મીટિંગ દ્વારા બધા સેન્ટરના સ્ટાફ એકબીજાને ઓળખી શકે છે અને એમના relativesને પણ એમના નજીકના એરિયામાં જે સેન્ટર હોય તેની સુવિધાનો ઉપયોગ કરવાનું કહી શકે છે

HR madam દ્વારા આ કાર્યક્રમનું ખૂબ જ સરસ આયોજન લંચ સાથે કરવામાં આવ્યું હતું.

ભવિષ્યમાં પણ આવી મીટિંગ દર વર્ષે થવી જોઈએ જેથી સ્ટાફને મેનેજમેન્ટ તરફથી વધારે સારું કામ કરવાનું પ્રોત્સાહન

મળી શકે.

*ડૉ. કોમલ દવે*
*(MO, જશોદાનગર મેડિકલ સેન્ટર)*

★

આજે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૧૪૫ staff members સાથેની meeting attend કરવાનો પ્રથમ અવસર મળ્યો.

Staff membersને PPT દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ વિષે ખૂબ સુંદર રીતે માહિતગાર કર્યા.

It was nice to see our staff very happy.

Credit of the same goes to HR and the KJSSના પદાધિકારીઓ.

(HRની નિમણુંક અને પસંદગી કરવાનું કાર્ય પણ અત્રે નોંધનીય છે.)

HR ખુશ્બુની મહેનત પણ દાદ માંગી લે તેવી હતી. Very friendly with all the staff members.

આપણા મેનેજર કિશોરભાઈની પણ મહેનત સારી એવી હતી. અને ટેકનિકલ સમિતિએ આપણા પ્રમુખને ઓનલાઈન આપણી સાથે જોડ્યા એ પણ એક સરાહનીય કદમ.

***શ્રીમતી સુલુબેન શાહ***
***કારોબારી સભ્ય, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી આયોજિત એન્યુઅલ સ્ટાફ મીટિંગના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો મારો પ્રથમ અનુભવ ખૂબ જ યાદગાર રહ્યો.

જાણે આખો પરિવાર મળ્યો હોય તેવું અત્યંત પોઝીટિવ વાતાવરણ હતું.

HR ટીમ તરફથી ખૂબ સરસ રીતે આયોજન કરાયું હતું.

સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ...

***હેમેન્દ્ર શાહ***
***કારોબારી સભ્ય, શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ***

*મજબૂરી હતી કે લાલચ કંઈ ખબર નથી,*
*વેચ્યું શા કારણે સ્વમાન કંઈ ખબર નથી!*

*– રોહિત શાહ*

*માત્ર ભેટ્યા હોત તો ના થાત બહુ ઊંડી અસર,*
*આ ખભા પર રોઈને માયા લગાડી કોઈએ!*

*– ભાવિન ગોપાણી*

## અમેરિકાની અવળી ગંગાઃ હે પ્રભુ!... જરા લિંકનનું દિલ દે

અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકને રસ્તામાં એક ડુક્કરને કાદવમાં ખૂંપી ગયેલું જોયું. એ જેમ જેમ બહાર નીકળવા પ્રયત્ન કરે, તેમ તેમ કાદવ-કીચડમાં ઊંડું અને ઊંડું ઉતરતું જાય, કારમી ચિચિયારી નાખે. અબ્રાહમ લિંકનથી ડુક્કરની આ સ્થિતિ જઈ શકાઈ નહીં. તરત જ કીચડમાં કૂદી પડ્યા. ડુક્કરને બહાર ખેંચી કાઢ્યું. આ પછી સીધા રાજસભામાં ગયા. કપડાં કાદવથી ખરડાયેલાં હતાં.

લોકોએ કારણ પૂછ્યું તો પ્રમુખે બધી વાત કરી. લોકોએ એમની પ્રશંસા કરી અને તાળીઓ પાડી.

લિંકને નમ્રતાથી કહ્યું, 'તમે મારા જૂઠાં વખાણ ન કરો. મેં ડુક્કર પર કોઈ દયા કરી નથી. એને દુઃખી જોઈ મારા હૃદયમાં દુઃખ થયું. મારા હૃદયનું દુઃખ દૂર કરવા માટે જ મેં આ કામ કર્યું. આમાં મેં ડુક્કરની ભલાઈ કરી એ વાત નથી. પણ એ દૃશ્યથી અશાંત થયેલા મારા હૃદયને મેં શાંતિ ને સુખ પહોંચાડ્યા છે.'

આ વાત અમને એટલા માટે યાદ આવી કે એક સમયે અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન માનવીનું તો ઠીક, પરંતુ પ્રાણીઓનું પણ દુઃખ જોઈ શકતા નહોતા. જ્યારે આજે સાવ ઉલટી ગંગા વહે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આખી દુનિયા પર પોતાનો દોર-દમામ જમાવી રહ્યા છે. હંમેશાં ધમકીની ભાષામાં વાત કરે છે, બીજા રાષ્ટ્રનેતા નેતાઓનું તોછડાઈભર્યા શબ્દોથી અપમાન કરવામાં આનંદ અનુભવે છે. સવારે એક વાત કરે છે અને સાંજે સાવ બીજું જ કહે અને કામ સાવ ત્રીજું જ કરે છે!

સત્તા જમાવવા માટે એક પછી એક દેશો પર એમનો ડોળો ઘૂમતો રહે છે. વેનેઝુએલાના પ્રમુખને કેદ કરીને ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપ્યું. ઈરાનમાં એ અખતરો કરી રહ્યા છે, ક્યુબાને ઓઈલ નહીં મોકલીને મહિનાઓથી અંધારપટમાં જીવવા મજબૂર કરે છે. ગ્રીનલૅન્ડ પર પોતાનો અધિકાર જમાવવા માગે છે અને કેનેડાને તો અમેરિકાનું ૫૧મુ રાજ્ય ગણે છે.

એક સમયે અમેરિકાના પ્રમુખ જગતભરમાં આદર પામતા હતા. જ્યોર્જ વોશિંગ્ટન, અબ્રાહમ લિંકન, જિમી કાર્ટર જેવાએ સત્તા અને સમૃદ્ધિ હોવા છતાં માનવતા દાખવી હતી. જગતકલ્યાણી ઘણી સંસ્થાઓ એમણે સ્થાપી અને વિશ્વભરમાં મદદ પહોંચાડી. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે આવી માનવતાવાદી સંસ્થાઓને બંધ કરી દીધી! આ હકીકત દર્શાવે છે કે એક તુમાખીવાળો, સત્તાપ્રિય અને પોતાનાં સ્વાર્થી વેપારી હિતો માટે કામ કરનારો રાજનેતા આવે, તો દુનિયાની કેવી દુર્દશા થાય છે! અને એના દેશની ય સાથોસાથ અવદશા થતી હોય છે.

***– "ગુજરાત સમાચાર"માંથી સાભાર***

# Enthusiastic Youth Participation

*– Lilaben Pravinchandra Visaria*

KJSS has completed more than 55 years of its existence in Ahmedabad and over these years has expanded its activities from successfully running polyclinics at four locations, organizing monthly meetings for the senior citizens of the community, running dialyses centres at 3 locations and several other activities by constituting close to 30 committees of committed individuals from the community who voluntarily give their time. With the changing demography of the members of the community, and their socio-economic profile in the presence of changing times, it is felt that there is time to reflect on how the organization can become more relevant to its members. Members are invited to share their ideas to take the organization to the next level and make it more accessible and relevant to the community.

As a start, I feel that we need to involve the young and youth to actively participate in the organization and encourage to become its future torch-bearers.KJSS can, at its Paldi and Bopal campus, can organize two-hour sessions over the weekend for children in the age group of 6 to 15 years and engage and have them participate in a range of activities. Several of our own talented members can volunteer their time to work with the children.

Initially 15-20 children can be enrolled for three months at the two locations. The talented adults (there is no dearth of talent among our members that should also be drawn out. This is an added benefit.) from the same locality should be encouraged to volunteer their time and skill. If need be, some individuals or experts from the city can also be invited for some sessions.

A few activities to engage children that are fun as well as educational that I have thought of are listed below. By no means the list is exhaustive and members can suggest more ways to engage with children.

- ★ Visit to an NGO like Jyoti Sangh
- ★ Story telling session -habit of reading books
- ★ Introduction to classical Indian dance traditions
- ★ A session or two on Yoga, breathing exercises and their benefits
- ★ A session on healthy eating habits – importance of nutrition, inform how 10-minute order food is prepared
- ★ You can draw and paint
- ★ Mandala art, Origami art
- ★ Magic: Teach some magic tricks to children

***Mangal Mandir invites the members to suggest ideas to engage those in the prime of their life as well as senior citizens to use the facilities of the KJSS on a regular basis in a meaningful way.***

## લઘુકાવ્યો

ટૂંડે ટૂંડે
ઝળહળે
ખેડૂતનો પ્રસ્વેદ!

ફૂલના સ્પર્શે
પત્થર બની ગયો
દેવ!

*તુષાર દેસાઈ - અમદાવાદ*
*મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

સૌ કચ્છી જૈનોને હાર્દિક શુભકામનાઓ....
**માતુશ્રી શાંતાબેન ખીમજી પ્રેમજી મહેતા પરિવાર (બેલા વાળા)** અમદાવાદ – ભુજ
અલકા - રસિકભાઈ મહેતા ★ નીલમ - રજનીકાંત મહેતા ★ મીના - હસમુખ મહેતા

# સમાજની દીકરી : સુરભીબેન વસા (પાકકળા નિષ્ણાત)

## સુરભીબેન વસા, પાકકળા નિષ્ણાત
### ગ્લોબલ ડિશ, જૈન ટ્વિસ્ટ

એને MBA ભણી કોર્પોરેટ જગતમાં કંઈક ક્રિએટીવ કરવાનાં સપનાં હતાં. કલાકો સુધી રસોડામાં ઊભાં રહીને રસોઈ બનાવવામાં સહેજ પણ રસ નહોતો. જો કે એ આજે 'રસોઈની મહારાણી' તરીકે ઓળખાય છે.

મૂળ ભુજનાં અને લગ્ન પછી અમદાવાદ ઠરીઠામ થયેલાં સુરભી વસા ભણવામાં એટલાં તેજસ્વી કે ટ્યુશન વગર ધોરણ બારમાં શાળામાં પ્રથમ આવ્યાં હતાં. બી.કોમ. માં પણ કૉલેજ ટોપ કરી, પણ દીકરીને ઘરથી દૂર નહીં મોકલવાના રિવાજને કારણે એ એમબીએ ન ભણી શક્યાં. લગ્ન પછી એમણે ફેશન ડિઝાઈનિંગ અને બ્યુટી પાર્લરનો કોર્સ કરીને પોતાની રીતે કામ શરૂ કર્યું ખરું. જો કે ૨૦૦૨માં દીકરી અદિતિના જન્મ પછી એમણે ઘર-પરિવારની જવાબદારીને પ્રાથમિકતા આપી.

સુરભી વસા કહે છેઃ 'મારાં સાસુ ઊર્મિલાબેન રસોઈનાં ભારે શોખીન. એ વારંવાર મને કહેતાં કે તારા હાથમાં જાદુ છે, તું આ ક્ષેત્રમાં કંઈક નવું કર. સાસુ-સસરા અને પતિના આગ્રહ અને સતત સહકાર તથા મારી મમ્મીના માર્ગદર્શનથી મેં ૨૦૦૮માં 'રસોઈની મહારાણી' શોમાં ભાગ લીધો અને ત્યાંથી જ મારી એક નવી ઓળખ ઊભી થઈ.'

ખાસ તાલીમ વગર, માત્ર ઘરની રસોઈના અનુભવથી સુરભી વસાએ આ ટીવી શોમાં સાત-આઠ હજાર સ્પર્ધકો વચ્ચે એક પછી એક રાઉન્ડ જીતીને 'રસોઈની મહારાણી' તાજ પણ જીત્યો. સફળતાએ એમને અહેસાસ કરાવ્યો કે રસોઈકળામાં કંઈક સર્જનાત્મક કરવાની મોટી તક છે. એમણે તત્કાળ સંકલ્પ કર્યો કે દેશી કે આંતરરાષ્ટ્રીય, દરેક વાનગીને શુદ્ધ જૈન પદ્ધતિથી તૈયાર કરીશ.

૨૦૧૮માં એમની યુ-ટ્યુબ ચેનલ આવી, જેમાં એ રસોઈની ટિપ્સ આપતાં અને ધીમે ધીમે વિવિધ વાનગી બનાવતાં શીખવવા માંડ્યાં. આજે એમની પાસે બે લાખથી પણ વધુ સબસ્ક્રાઈબર્સ છે અને સિલ્વર પ્લે બટનની સિદ્ધિ છે. અત્યાર સુધીમાં એમણે અંદાજે ચાર-પાંચ હજાર જેટલી શુદ્ધ જૈન વાનગીની રેસિપી જાતે વિકસાવી છે. એમાં મેક્સિકન, થાઈ, લેબનીઝ, ચાઈનીઝ, જાપાનીઝ અને બ્રાઝીલિયન ડિશોનો પણ સમાવેશ છે. 'ફેસબુક' અને 'ઈન્સ્ટા' પર એમનો વન મિનિટ કૂકિંગ મંત્ર અને કૂકિંગ ટીપ્સ લાખો લોકોની રસોઈને સરળ બનાવે છે.

છ મહિના પૂર્વે એમણે અમદાવાદમાં 'સબરોસા' નામની પોતાની રેસ્ટોરાં શરૂ કરી, જે ભારતની બીજી અને ગુજરાતની સંપૂર્ણપણે જૈન ઈન્ટરનેશનલ રેસ્ટોરાં છે. રસોડાના સંચાલનથી વેન્ડર્સ સાથેના વ્યવહાર સુધીની તમામ જવાબદારી સુરભીબેન એકલે હાથે કુશળતાથી નિભાવે છે.

એ કહે છેઃ 'ગ્રાહકોને ખ્યાલ પણ નથી આવતો કે એ જૈન વાનગી ખાઈ રહ્યા છે, કારણ કે હું કઈ ડિશમાં કઈ સામગ્રી ઉમેરવાથી સ્વાદ ઉત્તમ બનશે એના પર સતત રીસર્ચ કરું છું. મને લાગે છે કે સાત્ત્વિક આહાર મન પર હકારાત્મક અસર કરે છે. પ્રેમથી બનાવેલી રસોઈ સંબંધોમાં મધુરતા લાવે છે.'

*"ચિત્રલેખા"ના સૌજન્યથી*

---

## લઘુકાવ્યો

પીળા થઈ
ખરી જવાનું
લખ્યું હતું
લીલા પર્ણની
હસ્તરેખામાં!

હાથ છોલાય છે
કૂણેના સ્પર્શથી
કેમકે પત્થર ફોડીને
હાથ આદી થઈ ગયો
પત્થરથી!

*તુષાર દેસાઈ - અમદાવાદ • મો. ૯૪૨૭૪ ૫૪૫૧૮*

---

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# ડૉ. કમલેશકુમાર એન. શાહ

**M.D., F.I.C.A. (USA)**

*સિનિયર ફિઝીશિયન*

*હૃદયરોગ, ડાયાબિટીસ અને મનના રોગોના નિષ્ણાત*

**૪૭ વર્ષના અનુભવી આ ડૉક્ટર**

**નીચેની વિવિધ હોસ્પિટલમાં આપના પ્રશ્નો માટે સેવામાં હાજર છે...**

- **નવનીત મેડિકલ સેન્ટર : શ્રી કચ્છી જૈન ભવન – પાલડી**
  દરરોજ સવારે ૯.૦૦થી ૧૦.૩૦
- **શ્રી પ્રમુખ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ**
  રેલ્વે ક્રોસીંગ પાસે, મણિનગર. ● દરરોજ સવારે ૧૧.૩૦ થી ૧.૦૦
- **શ્રી હેલ્થ હોસ્પિટલ**
  મણિનગર ● દર સોમવાર – બુધવાર – શનિવાર : બપોરે ૧.૦૦ થી ૨.૦૦
- **શ્રી ઈ.એસ. હેલ્થ કેર સેન્ટર**
  પોલીટેકનિક રોડ, પેટ્રોલ પંપ સામે, આંબાવાડી.
  દર મંગળવાર – ગુરૂવાર – શુક્રવાર : બપોરે ૧.૦૦ થી ૨.૦૦
- **ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર**
  શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ. ● સવારે ૧૧.૦૦ વાગે

**આપના પ્રશ્નો માટે અગાઉથી એપોઇન્ટમેન્ટ જરૂરી છે.**

**એપોઇન્ટમેન્ટ માટે સાંજના ૬.૦૦ વાગ્યા પછી**

**મો. ૯૮૨૫૪ ૫૫૫૧૬ પર સંપર્ક કરવો.**

**નોંધ : મનના રોગો અને કાઉન્સેલિંગ માટે સમય લઈને આવવું.**

*શ્રી હરખચંદ કુંવરજી સાવલા પ્રેરિત*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા *સંચાલિત* "સક્ષમ કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર"**

**સેવાઓ :**

આ કેન્દ્ર યુવા પેઢીને કારકિર્દી વિકાસ અને વ્યક્તિત્વ ઘડતર માટે વિવિધ સેવાઓ પ્રદાન કરે છે.

★ કારકિર્દીની સફળતા માટે વ્યક્તિગત માર્ગદર્શન (One-to-one Couselling)

★ કારકિર્દી આયોજન, શાખા / પ્રવાહ (Branch) પસંદગી અને કૌશલ્ય વિકાસ માટે વ્યક્તિત્વનું સુવ્યવસ્થિત મૂલ્યાંકન.

★ બાળકોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસને પ્રોત્સાહન આપવા માતા-પિતાની સહભાગીતાથી થતું કાઉન્સેલિંગ.

**વ્યક્તિત્વ મૂલ્યાંકન સાધનો**

વ્યક્તિત્વ અભ્યાસ માટે વિવિધ વૈજ્ઞાનિક સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમકે :

★ મલ્ટીપલ ઈન્ટેલિજન્સ (Multiple Intelligence)

★ લોકસ ઓફ કંટ્રોલ (Locus of Control)

★ ઈમોશનલ ઈન્ટેલિજન્સ (Emotional Intelligence)

★ ઈન્ટરેસ્ટ અને એપ્ટિટ્યુડ (Interest & Aptitude)

★ જોહરી વિન્ડો (Johari Window) – ટીમ નિર્માણ અને સહકાર માટે.

★ લાઈફ સ્ક્રિપ્ટ એનાલિસિસ (Life Script Analysis)

★ સ્ટ્રેસ પ્રોફાઈલિંગ (Stress Profiling)

★ બ્લોકેજ સર્વે (Blockages Survey)

**વયજૂથ**

આ કેન્દ્ર તમામ વયના શીખવા આતુર, મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓને સમર્પિત છે. ખાસ કરીને નાના બાળકો માટે વધુ અસરકારક પરિણામ મળે છે. જે માટે માતા-પિતાની સક્રિય ભાગીદારી આવશ્યક માનવામાં આવે છે.

**કેરિયર કાઉન્સેલિંગ ફેકલ્ટી :**

***ડૉ. નીરવ ઠક્કર (Ph.D.), ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા (Ph.D.)***

**સંપર્ક :**

*સમજવા માટે : હિરેન કે. શાહ મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫*

*બુક કરવા માટે : હિતેન ગાલા મો. ૭૩૮૩૩ ૫૨૫૫૩*

## 'સક્ષમ' કાર્યક્રમ ટીમ પર આવેલ એક ધ્યાનાકર્ષક પત્ર

મારો પુત્ર શશાંક વીરા છેલ્લા ૨ વર્ષથી કેરિયર કાઉન્સેલિંગ (કારકિર્દી માર્ગદર્શન) સેશનમાં હાજરી આપી રહ્યો છે. જ્યારે તેણે ૧૦મા ધોરણમાં પ્રવેશ કર્યો ત્યારે અમે ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા પાસે કારકિર્દી માર્ગદર્શન અને પરામર્શ માટેના મળવાનું શરૂ કરેલ.

આખી પ્રક્રિયા કેવી રીતે ચાલે છે તે વિશે અમને કોઈ જ ખ્યાલ નહોતો. પરંતુ તેમણે માત્ર શશાંકની કારકિર્દી ઘડવામાં જ મદદ કરી નથી, પરંતુ તેની લાગણીઓ (ઈમોશન્સ) ને સંતુલિત કરવામાં પણ ખૂબ મદદ કરી છે. અમે તેની કારકિર્દીની પસંદગીઓમાં બદલાવ જોઈ શકીએ છીએ, અથવા એમ કહીએ કે ભવિષ્યમાં તેને શું કરવું છે તે વિશે તે હવે વધુ સ્પષ્ટ છે. ડૉ શૈલેન્દ્ર ગુપ્તા સર જરૂર પડ્યે કડક પણ રહેતા હતા અને તેઓ શશાંકને પોતાની જાતમાં કઈ રીતે સુધારો લાવી શકાય તે માટેના અલગ-અલગ રસ્તાઓ બતાવતા હતા.

શશાંકના વર્તનમાં હકારાત્મક બદલાવ આવ્યો છે. એની ઘણી મૂંઝવણો અને સંઘર્ષના સમયે તેમણે મદદ કરી. હું એવા દરેક માતા-પિતાને, જેમનું બાળક કિશોરાવસ્થા (ટીન-એજ) માં છે, તેમને આ કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર જવાની ખાસ ભલામણ કરું છું, જેથી બાળકને જીવનમાં યોગ્ય દિશા મળે અને તેમના વ્યક્તિત્વનો પણ વિકાસ થાય.

કાઉન્સેલર તરીકે તેઓ અમને ખૂબ જ શાંતિથી સાંભળે છે અને એવી સચોટ સલાહ આપે છે જે વિદ્યાર્થીઓ માટે એકદમ યોગ્ય હોય.

***– શશાંક વીરાના પિતાશ્રી***

*જિંદગી એ કિસ્મતનો ખેલ છે.*
*જો બુદ્ધિથી જિંદગી બનતી હોત*
*તો આજે વાણિયાના રજવાડા હોત*
*અને બધું મહેનતથી મળતું હોત*
*તો મજૂરોને પણ ઑડી ગાડી હોત.*

## ઉડતી નજરે.... *માસ માર્ચ-૨૦૨૬ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૮૯૫**<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૯૦**<br>● બોડી ચેક-અપ ........ **૪૧૯**<br>● સોનોગ્રાફી ........ **૧,૧૦૫**<br>● ટી.એમ.ટી. ........ **૩૪**<br>● ઑપરેશન ........ **૨**<br>● ફિઝીયોથેરાપી ........ **૧,૮૯૭**<br>● ઈકો ........ **૨૯૮**<br>● અન્ય ........ **૫,૪૨૫** | **૧૦,૧૬૫** |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૩૮૮**<br>● સ્ત્રીઓ ........ **૨૩૯**<br>● બાળકો ........ **૨૯**<br>● કેન્ટીન ........ **૩,૮૭૦** | **૪,૫૨૬** |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● પુરુષો ........ **૧૦૧**<br>● સ્ત્રીઓ ........ **૩૦**<br>● બાળકો ........ **૧** | **૧૩૨** |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૧૧૩** |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ........ **૨,૭૨૦**<br>● મ્યુઝિયમ ........ **૧,૩૫૦**<br>● કેન્ટીન ........ **૩,૭૨૦**<br>● જલારામ અન્નક્ષેત્ર ........ **૩૪૫**<br>● ડિસ્પેન્સરી ........ **૬૨** | **૮,૧૯૭** |
| ૬. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૫૧૧** |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર *તથા*<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● બોડી ચેક- અપ ........ **૩૨૮**<br>● સોનોગ્રાફી ........ **૩૪૫**<br>● ઑપરેશન ........ **૧૨**<br>● માઈનોર ઓ.ટી. ........ **૧૧**<br>● ફિઝિયોથેરાપી ........ **૧,૫૨૪**<br>● અન્ય ........ **૫,૬૪૮** | **૭,૮૬૮** |

| | | |
|---|---|---|
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | **૨૯૪** |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ **૨૧૨**<br>● સોનોગ્રાફી ........ **૨૫**<br>● બોડી ચેક-અપ ........ **૨૬૨**<br>● ઈકો ........ **૮**<br>● અન્ય ........ **૮૨૬** | **૧,૩૩૩** |
| ૧૦. | **નવનીત મેડિકલ સેન્ટર – જશોદાનગર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>*જેમાંથી –* ● એક્સ-રે ........ **૫૧૫**<br>● સોનોગ્રાફી ........ **૨૬૨**<br>● ફિઝિયોથેરાપી ........ **૭૪૫**<br>● બોડી ચેક-અપ ........ **૧૪૧**<br>● ઈકો ........ **૨૨**<br>● ઑપરેશન ........ **૨**<br>● અન્ય ........ **૧,૬૮૫** | **૩,૩૭૨** |
| *માસ માર્ચ – ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ........* | | **૩૬,૫૧૧** |

*નસીબ જેમના ઊંચા અને મસ્ત હોય છે, કસોટી પણ એમની જબરજસ્ત હોય છે.*

## અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર – ગીતા મંદિર

*– હિરેન શાહ*

## મિસ્બા શેખની સફળતાની કહાની



મિસ્બા શેખ. ૨૦ વર્ષની એક છોકરી, આર્થિક રીતે સંઘર્ષસભર પરિવારથી આવે છે. આર્થિક મુશ્કેલીઓના કારણે તે માત્ર ધોરણ ૮ સુધી જ અભ્યાસ કરી શકી. તે પોતાની માતા, ભાઈ અને નાની બહેન સાથે રહે છે. તેની માતા હોસ્પિટલમાં હેલ્પર તરીકે કામ કરે છે અને દર મહિને ૨૬,૦૦૦ કમાય છે. મર્યાદિત આવક અને ભારે જવાબદારીઓ વચ્ચે જીવન મુશ્કેલ હતું. પરંતુ મિસ્બાનું સપનું હતું કે તે આત્મનિર્ભર બને અને પોતાના પરિવારને સહારો આપી શકે.

સૌંદર્ય અને મેકઅપ પ્રત્યેની તેની રૂચિ તેને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - ગીતા મંદિર સુધી લઈ ગઈ, જ્યાં તેણે કચ્છી જૈન સેવા સમાજના સહયોગથી બ્યુટી થેરાપિસ્ટ કોર્સમાં દાખલો લીધો. તાલીમ દરમિયાન તેણે થ્રેડિંગ, વેક્સિંગ, ફેશિયલ, મેકઅપ, હેર સ્ટાઈલિંગ અને ગ્રાહક સંભાળ જેવી મહત્ત્વપૂર્ણ બ્યુટી કુશળતાઓ શીખી.

મિસ્બાએ સમગ્ર કોર્સ દરમિયાન સમર્પણ અને શિસ્ત દર્શાવી. તાલીમ પૂર્ણ કર્યા બાદ તેને સરખેજ સ્થિત લેટેસ્ટ હેર સ્ટુડિયોમાં બ્યુટીશિયન તરીકે નોકરી મળી, જ્યાં તે દર મહિને રૂા. ૩,૦૦૦ કમાય છે. આ સિદ્ધિ તેના આત્મવિશ્વાસ, સ્વતંત્રતા અને ઉત્તમ ભવિષ્ય તરફની યાત્રાની શરૂઆત સાબિત થઈ.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

## નવનીત મેડિકલ સેન્ટર - પાલડી

**તા. ૨૫-૦૩-૨૦૨૬**

- પ્રલીન ચેરીટેબલ ટ્રસ્ટના દર્દી દવા સહાય યોજનાને ૩૧મી માર્ચે ૧૨ વર્ષ પૂરા થશે. તેમને ફરીથી ૨૦૨૬-૨૭ના વર્ષ માટે આ યોજના ચાલુ રાખવા વિનંતીસહ કાગળ મોકલવામાં આવ્યો.
- ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cystનું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૨૭-૦૩-૨૦૨૬**

- ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Sebaceous Cystનું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૩૧-૦૩-૨૦૨૬**

- ડૉ. આકાશ પટેલ દ્વારા રૂા. ૧૫,૦૦૦/-વાળું મોતિયાનું ઑપરેશન સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

**તા. ૧-૦૪-૨૦૨૬**

- ઓર્થોપેડિક વિભાગમાં ડૉ. યોગેશ પુરોહિતે રાજીનામું આપેલ છે અને તેમની જગ્યાએ ડૉ. મૌલિક પટેલ સવારે ૯.૦૦થી ૧૦.૩૦માં આવે છે.

**તા. ૬-૦૪-૨૦૨૬**

- ડૉ. હિતેન્દ્ર શાહ સાથે ડેન્ટલ ડિપાર્ટમેન્ટમાં દર્દીઓ વધારવા માટે બપોરના સમયમાં બંધ O.P.D. ચાલુ કરવા શ્રી પીન્ટુ પટેલે રજૂઆત કરેલ. એટલે ડૉ. સોબિયાનો કન્સલ્ટીંગ સમય ૧૨.૩૦ને બદલે બપોરે ૧.૩૦ વાગ્યા સુધીનો કરવામાં આવ્યો.

**તા. ૮-૦૪-૨૦૨૬**

- ડૉ. તેજલબેન શાહ દ્વારા કાનની બૂટ સાંધવાની પ્રોસીજર કરવામાં આવી. ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Sebaceous Cyst કાઢવામાં આવી.

**તા. ૧૦-૦૪-૨૦૨૬**

- ડૉ. આકાશ પટેલ દ્વારા રૂા. ૧૮,૦૦૦/-વાળું મોતિયાનું ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૧૧-૦૪-૨૦૨૬**

- ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cyst અને Corn excision કરવામાં આવ્યું.

**તા. ૧૪-૦૪-૨૦૨૬**

- ડૉ. તપન શાહ દ્વારા Sebaceous Cystનું ઑપરેશન કરવામાં આવ્યું.

## નવનીત મેડિકલ સેન્ટર - બોપલ

**તા. ૧૩-૦૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હેમ દેસાઈ દ્વારા Cataract નું એક ઑપરેશન થયેલ હતું.

**તા. ૧૪-૦૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૨૬-૦૩-૨૦૨૬**

- આજ રોજ શ્રી ભરતભાઈ શાહ, જેઓએ ડૉ. મિત પટેલ પાસે મોતિયાનું ઑપરેશન કરાવેલ હતું, તેઓએ સંસ્થાના તથા ડૉ. મિત પટેલના કામથી ખૂબ જ ખુશ થઈને રૂા. ૧૧,૦૦૦/-ના ડોનેશનનો ચેક ડૉ. રીદ્ધિને આપેલ હતો.
- આજ રોજ ડૉ. અપૂર્વ પટેલ દ્વારા Nail Excision નું ઑપરેશન થયેલ હતું. ડૉ. જુબીન શાહ દ્વારા સ્કીનના Cautery નું ઑપરેશન થયેલ હતું.

**તા. ૨૭-૦૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. કપીલ ભાટીયા દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન થયેલ હતું.

**તા. ૨૮-૦૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે સફળ ઑપરેશન થયેલ હતા.

**તા. ૧-૦૪-૨૦૨૬**

- આજ રોજ માર્ચ-૨૦૨૬નો ટોટલ મેડિકલ તથા ડાયાલિસિસનો રીપોર્ટ ડૉ. હિતેન્દ્ર શાહને આપેલ હતો. જેમાં કુલ ૭૮૬૮ દર્દીઓએ સારવાર લીધેલ હતી. ૨૯૪ દર્દીઓએ ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લીધેલ હતી.
- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને સેન્ટરના કામકાજ અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૩-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહ સાથે ડૉ. રીદ્ધિએ વાત કરી હતી કે સાલ હોસ્પિટલના ડૉ. તૃપ્તિ વારિયા (Pulmonologist)એ દર બુધવારે સાંજે ૪ થી ૫ OPD શરૂ કરેલ છે.

**તા. ૪-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. મિત પટેલ દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.

**તા. ૭-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. ચાંદની મોદી દ્વારા મોતિયાના બે ઑપરેશન થયેલ હતા.
- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી કે જ્યારે સોનોગ્રાફીના નવા પ્રિન્ટર લેવા અંગે ડૉ. રીદ્ધિએ ક્વોટેશન આપેલ હતું.

## નવનીત મેડિકલ સેન્ટર - જશોદાનગર

**તા. ૧૭-૦૩-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. સેન્ટરના વધુ વિકાસ માટે ચર્ચા કરી અને જશોદાનગર સેન્ટરની માહિતી આપતા પેમ્ફલેટ છપાવીને વહેંચવાની સૂચના આપી.

**તા. ૨૬-૦૩-૨૦૨૬**

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટર પર જે પણ કોઈ સ્ટાફ કે ડૉક્ટર્સની જરૂરિયાત હોય એ પ્રમાણે લોકલ ન્યુઝ પેપરમાં જાહેરાત આપવા માટે સૂચન કર્યું.

**તા. ૨૮-૦૩-૨૦૨૬**

- આજ રોજ શ્રી હિરેન શાહ, શ્રી હેમેન્દ્ર ભોગીલાલ શાહ, શ્રી ભરતભાઈ (VHP) તથા શ્રી ચેતન ધરોડે સેન્ટરની મુલાકાત લીધેલ હતી.

**તા. ૨૯-૦૩-૨૦૨૬**

- આજ રોજ સેન્ટરના PRO દીપકભાઈ ત્રિવેદીએ જશોદાનગર સેન્ટરની માહિતી સાથેના ૨૦,૦૦૦ પેમ્ફલેટનું ઈસનપુર, ઘોડાસર, સી.ટી.એમ., રામોલ તથા મણિનગર વિસ્તારમાં વિતરણ કરાવેલ હતું.

**તા. ૨-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધેલ હતી. ડૉ. હિતેન્દ્ર શાહે માર્ચ મહિનાનો મંથલી ડેટા અને દરેક ડિપાર્ટમેન્ટ્સના ડૉક્ટર્સની OPD વિશે માહિતી મેળવેલ હતી.

**તા. ૪-૦૪-૨૦૨૬**

- આજ રોજ ઓર્થોપેડિક ઓ.પી.ડી.માં નવા ડૉક્ટર ગૌરવ વડોદરિયાની નિમણુંક કરી. જે મંગળ - બુધ - શનિ સવારે ૧૦.૦૦થી ૧૧.૩૦ દરમિયાન ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૫-૦૪-૨૦૨૬**

- આજ રોજ દર્પણ પબ્લિસિટીમાં ડૉક્ટર્સની તથા કાઉન્ટર ક્લાર્કની જાહેરાત આપવામાં આવી.

**તા. ૭-૦૪-૨૦૨૬**

- આજ રોજ સાંજની આંખ વિભાગની ઓ.પી.ડી. માટે નવા ડૉક્ટર ક્રિષ્મા શાહની નિમણુંક કરી. જે સોમથી શુક્રવારે સાંજે ૫.૦૦ થી ૬.૦૦ દરમિયાન ઓ.પી.ડી.માં મળશે.

**તા. ૦૮-૦૪-૨૦૨૬**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી ઍડમિન પથિકભાઈ ભટ્ટે સેન્ટરની મુલાકાત લીધી. એમણે સેન્ટરની પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી તથા ઓ.પી.ડી.માં હાજર ડૉક્ટર્સ સાથે મળી વાતચીત કરી.

**તા. ૯-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક સફળ ઑપરેશન કરવામાં આવ્યું.
- આજ રોજ ડૉ. આસ્થા શાહ (Skin) દ્વારા કેમિકલ પીલિંગની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૧૩-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરની મુલાકાત લીધી. ડૉ. હિતેન્દ્ર શાહે સેન્ટરના વિકાસ માટે જરૂરી પગલા લેવાની સૂચના આપી.

**તા. ૧૪-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા આંખની પ્રોસીજર (chalazian) સફળતાપૂર્વક કરવામાં આવી.

**તા. ૧૫-૦૪-૨૦૨૬**

- આજથી એક મહિના માટે એટલે કે તા. ૧૫-૪-૨૦૨૬થી તા. ૧૫-૫-૨૦૨૬ સુધી ફૂલ બોડી ચેક-અપના પેકેજની સ્કીમ સોશિયાલ મીડિયા પર મૂકી. જેમાં ૩૭૦૦/-વાળું પેકેજ એક મહિના માટે રૂા. ૩૩૦૦/-માં રહેશે.

**તા. ૧૬-૦૪-૨૦૨૬**

- ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

**તા. ૧૭-૦૪-૨૦૨૬**

- આજ રોજ ડૉ. વર્નોમ જેમ્સ (સ્કીન) દ્વારા ચામડી પરના મસા કાઢવાની પ્રોસીજર કરવામાં આવી.

**તા. ૨૦-૦૪-૨૦૨૬**

- નવા ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ભૂમિ પટેલની નિમણુંક થઈ. જે રોજ સવારે ૮.૩૦થી ૧૨.૩૦ ઓ.પી.ડી.માં મળશે.
- આજ રોજ ડૉ. હર્ષલ પટેલ દ્વારા મોતિયાનું એક ઑપરેશન કરવામાં આવ્યું.

## શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

**તા. ૨૭-૦૩-૨૦૨૬**

- આજ રોજ રજનીભાઈ પારેખ, રોહિતભાઈ સંઘવી, ભરતભાઈ સંઘવી તથા ધર્મેન્દ્રભાઈ શાહે શાહીબાગ સેન્ટરની મુલાકાત લીધી હતી. પેશન્ટ જોડે ચર્ચા કરી તેમને વાંચવા માટેના પુસ્તકોની માહિતી આપેલ હતી.

**તા. ૧-૦૪-૨૦૨૬**

- રજનીભાઈ પારેખ, કે.ડી. શાહ, ગિરીશભાઈ પોલડિયાએ શાહીબાગ ભવનની મુલાકાત લીધી, ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ સેન્ટર ખાતે સ્ટોકના ઓર્ડર મુજબ ચર્ચા કરેલ હતી.

**તા. ૧૪-૦૪-૨૦૨૬**

- ડૉ. કેતન શાહ, અનિલભાઈ સથવારા અને આનંદભાઈ વોરા તથા ક્રિષ્નકાંત મોદીએ બિલ્ડિંગમાં લીકેજ અંગે ચર્ચા કરી કામ આગળ કરાવવા અંગે ચર્ચા કરેલ હતી.

**તા. ૧૫-૦૪-૨૦૨૬**

- ડાયાલિસિસ સેન્ટર ખાતે PMJAY યોજનાનું ઑડિટ આવેલ હતું. ઑડિટમાં ડૉ. હિમાંશુએ જરૂરી ડોક્યુમેન્ટ્સ પૂરા પાડેલ હતા.

**તા. ૧૬-૦૪-૨૦૨૬**

- જગદીશભાઈ ભાનુશાળીએ ભાનુશાળી સમાજ તરફથી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ડાયાલિસિસ સેન્ટર તેમજ ભવનની વિઝીટ લીધી હતી તેમજ જલારામ અન્નક્ષેત્ર અને ડાયાલિસિસ સેન્ટરની આપવામાં આવતી સેવા નિહાળીને તેમણે વધુ ડોનેશન જલારામ અન્નક્ષેત્ર યોજનામાં આવે તે માટે પ્રયત્નો કરવાની ખાતરી આપેલ હતી.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## MATRIMONIAL



***Name :***
**DHAGASH BHARAT SANGHAVI**
***Gender :*** Male
***Date of Birth :*** 27/12/2000
***Place of Birth :*** Dadar, Mumbai
***Time of Birth :*** 8.35 a.m.
***Rashi :*** Dhanur

| | |
|---|---|
| ***Height*** | : 5 Feet 8 Inches |
| ***Religion*** | : Jain Shwetambar |
| ***Caste*** | : Vagad Be Chovisi |
| ***Mother Tongue*** | : Gujarati |
| ***Mangalik*** | : No |
| ***Complexion*** | : Wheatish |

### FAMILY BACKGROUND

***Father :*** Bharat Prabhulal Sanghavi (Businessman)
***Mother :*** Geeta Bharat Sanghavi (Homemaker)
***Elder Sister :*** Yesha Deep Mehta (Music Teacher and Homemaker)
***Younger Sister :*** Vrisha Bharat Sanghavi (B.A. in Psychology)
***Nana and Nani :*** Manjula Babulal Gandhi

### EDUCATION

Bachelors in Commerce - Hinduja College
M.B.A. in Finance, Flame University, Pune

### INTERESTS

★ Likes to Travel ★ Football ★ Martial Arts

### RESIDENTIAL ADDRESS

F-301, Sheetal Westpark Residency, Vastrapur, Ahmedabad, Gujarat-380 052.

### PROFESSION :

Research Analyst – Nexus Equity Growth End
**Annual Income :** 24 LPA
**Family Annual Income :** 1.5 Cr
***Native Place :*** Rapar, Kutch, Gujarat

### CONTACT DETAILS :

***Contact No. :*** 83692 00610
***Father :*** 96199 12184 • ***Mother :*** 8872 67640
***E-mail :*** dhagashsanghavi43@gmail.com

## સરનામા ફેરફાર

- **રસીકલાલ મોહનલાલ ખેંગારભાઈ મોરબીયા**
  સી-૨૦૧, રત્નાકર પ્રિસ્ટાઈન,
  જોધપુર ચાર રસ્તા પાસે,
  પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  મો. ૯૮૨૫૫ ૬૪૨૪૯, ૯૭૨૪૫ ૭૭૦૦૭

## અવસાન નોંધ

- **શનિવાર, તા. ૧૮-૪-૨૦૨૬**
  **રમણિકલાલ દામજી સાવલા** (ઉં.વ. ૭૭) (અમદાવાદ – મોથાળા) નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

*પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને શાંતિ અર્પે એ જ અભ્યર્થના.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧૬-૦૩-૨૦૨૬થી તા. ૧૬-૦૪-૨૦૨૬ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી**

**૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | રવિ સંજયભાઈ શાહ | હિંમતનગર | ૧૮-૦૩-૨૬ |
| ૨. | વાસંતી ગૌતમ શાહ | અમદાવાદ | ૨૪-૦૩-૨૬ |
| ૩. | ઉમરશી શામજી સતરા | કચ્છ | ૨૮-૦૩-૨૬ |

**૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી**

| | | | |
|---|---|---|---|
| ૧. | રૂષભ ગિરીશ ધરોડ | અમદાવાદ | ૦૪-૦૪-૨૬ |
| ૨. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | ૦૮-૦૪-૨૬ |

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### મેડિકલ રીલીફ ફંડ

રૂ.૧૧,૮૩,૩૭૬/- સ્ટેલમેક એન્જિનિયરીંગ પ્રા.લિ. - અમદાવાદ
રૂ. ૧,૦૦૦/- શ્રી પરાગભાઈ મહેતા - અમદાવાદ
રૂ. ૫૫૦/- શ્રીમતી પ્રેરણા ધર્મેશ કાટવાળા - અમદાવાદ
રૂ. ૫૦૦/- શ્રી જીગર એસ. મહેતા - મુંદ્રા

### જનરલ ડોનેશન

રૂ. ૩૧,૪૫૦/- શ્રી મહાવીર ડેકોરેશન - અમદાવાદ
રૂ. ૧૧,૦૦૦/- શ્રી ભરત તારાચંદ શાહ - અમદાવાદ
રૂ. ૫,૧૦૧/- શ્રીમતી જીનલબેન જયવીર સચાનીયા - અ'વાદ
રૂ. ૫૦૦/- શ્રી જીજ્ઞેશ રમેશચંદ્ર શાહ - અમદાવાદ
રૂ. ૫૦૦/- શ્રી નરેન્દ્ર ગોસર - મુંબઈ

### જલારામ અન્નક્ષેત્ર યોજના

રૂ. ૧૧,૦૦૦/- બ્રહ્માણી એન્જિનિયરીંગ વર્કસ - ગાંધીધામ

### વૈયાવચ્ચ ફંડ

રૂ. ૫,૦૦૦/- શ્રી દેવેન મનુભાઈ દલાલ - અમદાવાદ
રૂ. ૭૧૦/- શ્રી ગાર્ડન ગ્રુપ - થાણે (મુંબઈ)

### સાધર્મિક સહાય યોજના

રૂ. ૨,૦૦૦/- શ્રી કલ્પેશ કારાણી - મુંબઈ

### વયસ્ક સમિતિ

રૂ. ૧,૬૦૦/- શ્રી રજનીકાંત ડી. પારેખ - અમદાવાદ

### ડાયાલિસિસ ખાતે

રૂ. ૧,૦૦૦/- શ્રી હેમલ જે. રાંભિયા - મુંબઈ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

- *ખાતાનું નામ* : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  **[Shree Kutchhi Jain Sewa Samaj - Ahmedabad]**
- *બેંક* : કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ
  **[Canara Bank, Paldi Branch - Ahmedabad]**
- *એકાઉન્ટ નંબર* : ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ **[70072010016032]**
- *IFSC કોડ* : **CNRB0017007**

# અતીતના ઓવારેથી.... : મણકો-૩૩

*'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૨૬ના અંકની 'અતીતના ઓવારેથી' કોલમના મણકા નં.-૩૨માં આપણે નીચેની વિગતોનું વાંચન કર્યું કે જેની વિગત 'મંગલ મંદિર'ના નવેમ્બર/ડિસેમ્બર - ૧૯૮૦ના અંકમાંથી લેવામાં આવેલ હતી.*

- ❀ *નવનીત પ્રકાશન સંસ્થાનો વિકાસક્રમ (વર્ષ ૧૯૮૦ સુધીનો)*
- ❀ *કચ્છમાં જૈનોનું આગમન*
- ❀ *અમદાવાદ – સહેલાણીઓ માટે*
- ❀ *એ સમયની અમદાવાદની વિખ્યાત હોટેલો*

★

*'મંગલ મંદિર'ના મે-૨૦૨૬ના અંકમાં અતીતના ઓવારેથી કોલમના મણકા નં.-૩૩માં આપણે 'મંગલ મંદિર'ના ઓક્ટોબર-૧૯૮૦ના અંકની નીચેની વિગતોથી જ્ઞાત થશું.*

- ❀ *રવિવાર, તા. ૨૮-૯-૧૯૮૦ના વાર્ષિક સ્નેહ મિલનના કાર્યક્રમનો અહેવાલ.*
- ❀ *મંત્રીશ્રીનું નિવેદન*
- ❀ *તપસ્વીઓનું લીસ્ટ*
- ❀ *સમાજના દાતાઓ.*

*__નોંધ__ : એ સમયે એટલે કે વર્ષ ૧૯૮૦માં (આજથી ૪૫ વર્ષ પહેલા) રૂા. ૧,૦૦૦/- જેવી રકમની મોટા દાનમાં ગણના થતી હતી અને લોકો રૂા. ૫૦૧/-, રૂા. ૨૫૧/-, રૂા. ૧૫૧/-, રૂા. ૧૦૧/-, રૂા. ૫૧/- કે રૂા. ૨૫/- જેવી રકમ દાનમાં આપી પોતે ધન્યતા અનુભવતા. આ સામે આજની પરિસ્થિતિમાં રૂા. ૧૧,૦૦૦/-, રૂા. ૫૧૦૦/- કે રૂા. ૨૫૦૦/-નું ડોનેશન સામાન્ય ગણાય છે. જ્યારે ગત ૫૦ વર્ષમાં ભારતના નાગરિકની સધ્ધરતામાં આટલો તફાવત દેખાય છે ત્યારે આવતા ૫૦ વર્ષ પછી આપણી સધ્ધરતા કેવી હશે તેની સહુએ કલ્પના કરવી રહી!*

– ***તંત્રીશ્રી***

## 'મંગલ મંદિર' ઓક્ટોબર – ૧૯૮૦ • અંક નં. – ૫૨

### વાર્ષિક સ્નેહ સંમેલન

શ્રી કચ્છી જૈન સમાજ અમદાવાદનો 'મિચ્છામિ દુક્કડમ્' તપસ્વીઓનું બહુમાન સાથે મનોરંજન કાર્યક્રમ અને સ્વામિવાત્સલ્યનો ભોજન સમારંભ રવિવાર, તા. ૨૮-૯-૧૯૮૦નાં રોજ બપોરનાં ૨.૩૦ વાગ્યે સમાજનાં પ્રમુખ શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવાનાં પ્રમુખપણા હેઠળ આનંદ અને ઉત્સાહની હેલી વચ્ચે શ્રી સ્વામિનારાયણ ઓડિટોરિયમ મણિનગરમાં ઉજવાઈ ગયો. જેને અમદાવાદમાં વસતા સમાજના તમામ સભ્યોએ સપરિવાર ઉમંગથી માણ્યો.

પ્રારંભમાં શ્રી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયાના સુંદર સ્વરેથી ગવાયેલા 'નવકાર મંત્ર'થી મનોરંજન કાર્યક્રમની શરૂઆત થઈ હતી. બાદમાં કુ. મૌલી વોરાએ સુંદર બાબલીનું નૃત્ય રજૂ કર્યું હતું. મધુબેન શાહનાં 'વિતરાગી વીર' ગીતની રજૂઆત કર્યા બાદ કુ. કુંજલ અનુપચંદે 'પાણી ગ્યા તા' નૃત્યથી પ્રેક્ષકોને આનંદિત કર્યા હતા. શ્રી નવીનભાઈ લોડાયા અને લબ્ધિકુમારનાં દાનેશ્વરી કર્ણનાં નાટક બાદ કું. કુંજલ, લક્ષા તથા હીનાના યશોદા રાધાનાં સંગીત સંવાદે વાતાવરણ સંગીતમય બનાવ્યું. બાદ કુ. મીના નેણશી મોતાએ લોકપ્રિય ગીત 'પરબતકે ઈસ પાર'નું નૃત્ય દર્શાવ્યું હતું. વીણાબેન વોરાનાં ગીત બાદ કુ. કુંજલ વોરાના 'ડફરી વાલે' નૃત્યે પ્રેક્ષકોને આનંદિત કર્યા હતા. શ્રી ચંદ્રિકાબેન દેઢિયાના ગીત બાદ નાનકડા મનીષ આણંદજી વીરાએ જોક્સ રજૂ કર્યા હતા. 'રીમઝીમ રીમઝીમ વરસારે' નૃત્ય કરતાં બે મયૂરો કુ. ચેતના ધરમશી અને ભારતી ખોનાની નૃત્ય બેલડીએ મનોમુગ્ધ નૃત્ય આપ્યું હતું. થાળીમાં પ્રગટાવેલા દીવડાનો શ્રી લબ્ધિકુમારનાં નૃત્ય બાદ શ્રી અજય કાંતિલાલ જેઠાભાઈનાં

ઓરકેસ્ટ્રા ગ્રુપે યુવાન પ્રેક્ષકોના દિલ ડોલાવી દીધા. સાથે નાનકડી કુંજલના ઠેકાથી સંગીતમય વાતાવરણ જામ્યું.

પહેલાં માવજીભાઈ ફુરિયાએ તપસ્વીઓનું બહુમાન સૌથી વધુ ઘી સ્વિકારીને કર્યું હતું. બાદ શ્રી બાબુભાઈ વીરમે સૌને ખમાવ્યા હતા. S.S.C અભ્યાસમાં પ્રથમ આવનાર બહેન શ્રી સ્મૃતિને સમાજ તરફથી શિલ્ડ પ્રમુખશ્રીના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. સ્ટેજ માઈકનું સુકાન શ્રી પ્રભુભાઈ સંઘવીએ સંભાળ્યું હતું. મંત્રીશ્રી અશોકભાઈ મહેતાનાં વિવેચન બાદ પ્રમુખશ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવાના હસ્તે વિશિષ્ટ ઈનામોની વહેંચણી ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને કરી હતી. સંસ્થાના પ્રમુખ તથા શ્રી માવજીભાઈ ફુરિયાનું માલાર્પણથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રમુખશ્રી ઉમરશી કુરૂવાએ પોતાના ટૂંકા પ્રવચનમાં "આજના સમારંભમાં જે તપસ્વી ભાઈ-બહેનોએ તપશ્ચર્યા કરી હતી તેમને બિરદાવ્યા હતા. તથા વિશિષ્ટ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ અને સુંદર મનોરંજન કાર્યક્રમ રજૂ કરનાર ભાઈ-બહેનોને ધન્યવાદ આપ્યા હતાં.

ઘણાં વર્ષો બાદ આજે આપણે સ્વામિવાત્સલ્ય ભોજન યોજી રહ્યા છીએ તેનો યશ સમાજનાં ઉત્સાહી મંત્રી શ્રી અશોકભાઈ મહેતા તથા તેમના બંધુ શ્રી કનકભાઈ મહેતાની જહેમતને આભારી છે એમ જણાવતાં એમણે આગળ ઈચ્છ્યું હતું કે આપણી પાસે દાનેશ્વરીઓ છે જ. સાથે ઉત્સાહી કાર્યકરો પણ છે. એટલે હવે નજીકના ભવિષ્યમાં આપણાં ભવનની યોજના સાકાર થાય એમ ઈચ્છું છું અને હાલમાં આપણે વર્ષમાં એક વખત મળીએ છીએ તેનાં બદલે યાત્રા-પ્રવાસ તેમજ નૂતન વર્ષાભિનંદન પ્રસંગે સ્નેહમિલન ગોઠવી શકીએ એવા સૂચન પણ આવ્યા છે." કલાકાર ભાઈ-બહેનોને નાની શી ભેટ આપવામાં આવી હતી.

અંતમાં શ્રી પ્રભુલાલ સંઘવીએ આભારવિધિ કરી હતી અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સમાજના સભ્યો સ્વામિવાત્સલ્ય ભોજન બાદ વિખરાયા હતા.

## મંત્રીશ્રીનું નિવેદન...

સંસ્થાના આજના આ વાર્ષિકોત્સવના શુભ પ્રસંગે આપ સૌને આવકારતા અત્યંત આનંદ અને હર્ષ અનુભવું છું. સાથે આપ સૌને 'મિચ્છામિ દુક્કડમ્' પાઠવું છું. તપસ્વીઓ તથા ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવું છું.

આ વર્ષ પણ સામાન્ય રીતે દર વર્ષની રહેતી પ્રવૃત્તિઓની જેમ પસાર થયેલ છે. આ વર્ષની મુખ્ય પ્રવૃત્તિઓ : (૧) સંસ્થાના મુખપત્ર 'મંગલ મંદિર'ને નિયમિત રીતે બહાર પાડવું. (૨) રાહતના દરે સમાજના દરેક વિદ્યાર્થીઓને નોટબુકો આપવી તથા (૩) આજના આ ઈનામ વિતરણ કાર્યક્રમ મિચ્છામિ દુક્કડમ્ કાર્યક્રમ, તપસ્વીઓનું બહુમાન અને લક્કી ડ્રો જેવી પ્રવૃત્તિઓ દર વર્ષની જેમ જ રહી છે. વિશેષમાં આ વર્ષે આપણે સ્વામિવાત્સલ્યનો સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખેલ છે, જે ગયા કેટલાક વર્ષો બાદ આપણે આજે ફરી ઉજવી રહ્યા છીએ.

આપણું મુખપત્ર 'મંગલ મંદિર' દિવસો દિવસ પ્રગતિ સાધી રહેલ છે. તેના ખર્ચને પહોંચી વળવા આ વખતે આપણે તેમાં જાહેર ખબર લેવાનું નક્કી કરેલ છે અને મને એ જણાવતા ખૂબ જ હર્ષ થાય છે કે તેમાં આપ સૌ તરફથી સુંદર સાથ અને સહકાર મળી રહેલ છે. તેના સંપાદન કાર્યમાં શ્રીમતી પ્રમીલાબેન કુરૂવા ખૂબ જ ખંતથી જહેમત ઉઠાવી રહેલ છે, જે આપણા સૌના માટે આનંદની વાત છે. આ મુખપત્રનો દીપોત્સવી અંક બહાર પાડવાનું સમાજની કારોબારીએ નક્કી કરેલ છે. આ અંગે આપ સૌમાંથી કોઈએ પણ લેખો, કૃતિઓ, હાસ્ય ટુચકા વગેરે મોકલી આપવા હોય તો તે વેળાસર 'મંગલ મંદિર'ના સરનામે મોકલી આપવા વિનંતી. એ સિવાય તેમાં જાહેર ખબર લેવાનું પણ નક્કી કરવામાં આવેલ છે. જેના અત્યારથી જ રૂા. પાંચ હજાર જેવી જાહેર ખબરોના વચનો મળી ચૂક્યા છે. આશા છે કે આ અંગે આપ સૌનો પણ સાથ અને સહકાર મળી રહેશે.

નોટબુક પ્રવૃત્તિમાં, સંસ્થા નુકસાન સહન કરી રાહત દરે આપણા બાળકોને નોટબુકો આપી કેળવણીમાં બાળકોનો પ્રોત્સાહન આપવા મદદ કરે છે. એ સિવાય ઈનામ વિતરણ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીઓને ઈનામ આપી તેમને પ્રોત્સાહિત કરવામાં પણ મદદ કરે છે. આશા છે, કે આપણા વિદ્યાર્થીઓ કેળવણીના ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહેશે.

એ અતિ આનંદની વાત છે કે ઉત્તરોત્તર દર વર્ષે આપણા સમાજમાં તપસ્વીઓની સંખ્યા વધતી જાય છે. જૈન ધર્મ પ્રત્યે આપણે સૌ જે ઊંડી સમજ દાખવીએ છીએ તે બદલ આપણે ગૌરવની લાગણી અનુભવીએ છીએ. બધા તપસ્વીઓને અમે અભિનંદન પાઠવીએ છીએ અને તેઓનું બહુમાન કરીએ છીએ.

સમાજની કારોબારીએ આ વર્ષે સ્વામિવાત્સલ્યના સમૂહ ભોજનનો કાર્યક્રમ રાખવાનું નક્કી કરેલ છે અને એ પ્રમાણે આપણે આજે સમૂહ ભોજનનો કાર્યક્રમ પણ રાખેલ છે. બહુ વર્ષો બાદ આપણે આજે આ લહાવો લઈએ છીએ. આશા છે કે આપ સૌ આ કાર્યમાં ઉમળકાભેર અમને સાથ સહકાર આપશો જ. આ કાર્યને પહોંચી વળવા સમાજના આગેવાનોએ

શક્ય હોય ત્યાં ઘેર-ઘેર ફરીને તે અંગે ભંડોળ એકઠું કરવામાં સારી એવી જહેમત ઉઠાવેલ છે અને એ જણાવતા ખૂબ જ હર્ષ થાય છે કે આપણા સમાજના દરેક સ્થળેથી અમને સુંદર સાથ અને સહકાર મળી રહેલ છે. આશા છે કે આપમાંથી જેઓનો અંગત સંપર્ક સાધી શકાયો નથી તેઓ પ્રવૃત્તિને સાથ અને સહકાર આપવામાં મદદ કરશે.

અંતમાં વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓમાં આપના સૌ તરફથી જે સુંદર સાથ અને સહકાર સાંપડેલ છે તે બદલ આપ સૌનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને સમાજની ભાવિ પ્રવૃત્તિમાં આપ આનાથી પણ વિશેષ સહકાર આપશો તેવી આશા રાખું છું.

આજના આ કાર્યક્રમને વ્યવસ્થિત રીતે પૂર્ણ કરવા કારોબારી સભ્યો અને જેમણે પણ જહેમત ઉઠાવી અમને સાથ સહકાર આપેલ છે તેઓનો પણ આભાર માનું છું.

*– અશોક સાકરચંદ મહેતા*

## કચ્છી જૈન સમાજ - અમદાવાદ
## તપસ્વીઓનું લીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | ૧૬ ઉપવાસ | શ્રીમતી જાસુદબેન જગશીભાઈ સંઘવી |
| ૨. | ૧૬ ઉપવાસ | શ્રીમતી ભાનુમતીબેન હીરાલાલ કુબડિયા |
| ૩. | ૧૬ ઉપવાસ | શ્રીમતી મણિબેન પ્રેમજી નીસર |
| ૪. | ૧૦ ઉપવાસ | શ્રીમતી માનુબેન જયંતીલાલ વોરા |
| ૫. | સિધ્ધિ તપ | શ્રીમતી રસીલાબેન મૂલચંદ વોરા |
| ૬. | ૮ ઉપવાસ | જીતેન્દ્ર દામજી હીરજી શાહ |
| ૭. | ૮ ઉપવાસ | નવીનચંદ્ર લક્ષ્મીચંદ લોડાયા |
| ૮. | ૮ ઉપવાસ | કિશોરચંદ્ર રતનશી સાયા |
| ૯. | ૮ ઉપવાસ | પ્રવીણચંદ્ર પ્રેમજી લોડાયા |
| ૧૦. | ૮ ઉપવાસ | કુ. તરણા મયાચંદ સંઘવી |
| ૧૧. | ૮ ઉપવાસ | કુ. સરોજબેન ખીમચંદ સંઘવી |
| ૧૨. | ૮ ઉપવાસ | રમીલાબેન અનોપચંદ શાહ |
| ૧૩. | ૮ ઉપવાસ | કસ્તુરીબેન ખીમજીભાઈ લોડાયા |
| ૧૪. | ૮ ઉપવાસ | કુ. મધુબેન પ્રાગજી કોરડિયા |
| ૧૫. | ૮ ઉપવાસ | શ્રીમતી પુરીબેન જયંતીલાલ કોઠારી |
| ૧૬. | ૮ ઉપવાસ | કુ. વિમળા કાંતિલાલ સંઘવી |
| ૧૭. | ૮ ઉપવાસ | નવલબેન પદમશી ગોસર |
| ૧૮. | ૮ ઉપવાસ | કુ. મંજુલા લહેરચંદ કોઠારી |
| ૧૯. | ૮ ઉપવાસ | કુ. સ્મૃતિ રાયચંદ કોઠારી |
| ૨૦. | ૮ ઉપવાસ | શ્રીમતી તારાબેન મનુકુમાર કોરડિયા |
| ૨૧. | ૮ ઉપવાસ | મીનાક્ષી ધનજીભાઈ મહેતા |
| ૨૨. | ૮ ઉપવાસ | કસ્તુરીબેન ખીમજીભાઈ |
| ૨૩. | ૮ ઉપવાસ | સરલાબેન તારાચંદ દંડ |
| ૨૪. | ૮ ઉપવાસ | શાંતાબેન અમૃતલાલ મહેશ્વરી |
| ૨૫. | ૮ ઉપવાસ | વસુમતીબેન મણિલાલ દેઢિયા |
| ૨૬. | ૮ ઉપવાસ | જ્યોત્સનાબેન હીરાલાલ શાહ |
| ૨૭. | ૮ ઉપવાસ | ગં.સ્વ. પૂંજીબેન લાડકચંદ કોઠારી |
| ૨૮. | ૮ ઉપવાસ | ગોવિંદજી લખમશી ધરમશી |
| ૨૯. | ૮ ઉપવાસ | નીલેશકુમાર શામજી નાગડા |
| ૩૦. | ૮ ઉપવાસ | અનિલકુમાર હેમરાજ |
| ૩૧. | ૮ ઉપવાસ | પદમશીભાઈ ચત્રભુજ ડાઘા |
| ૩૨. | ૮ ઉપવાસ | નાનજી પ્રેમજી ગાલા |
| ૩૩. | ૮ ઉપવાસ | દેવેન્દ્રિકાબેન શામજી શાહ |
| ૩૪. | ૯ ઉપવાસ | હસમુખલાલ રણછોડદાસ ગાંધી |
| ૩૫. | ૮ ઉપવાસ | કમળાબેન પ્રેમજીભાઈ નીસર |

## સમાજના દાતાઓ

શ્રી કચ્છી જૈન સમાજ - અમદાવાદ તા. ૨૮-૩-૧૯૮૦ને રવિવારના વાર્ષિક સ્નેહ સંમેલનના ખર્ચ અંગે આવેલ ફાળાની સાભાર નોંધ.

| | | |
|---|---|---|
| રૂા. | ૧૦૦૧/- | શ્રી માવજીભાઈ ધારશી ફુરિયા |
| રૂા. | ૧૦૦૧/- | શ્રી લાલજીભાઈ રામજી ગાલા |
| રૂા. | ૫૦૧/- | મે. પ્રેમચંદ તારાચંદ ગોળવાળા |
| રૂા. | ૫૦૧/- | શ્રી બાબુભાઈ વીરમ શાહ |
| રૂા. | ૫૦૧/- | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ |
| રૂા. | ૫૦૧/- | શ્રી વીરેન્દ્રભાઈ આસારીયા શાહ |
| રૂા. | ૫૦૧/- | શ્રી ખીમજી આણંદજી લોડાયા |
| રૂા. | ૫૦૧/- | શ્રી સોમચંદભાઈ ખીંયશી છેડા |
| રૂા. | ૫૦૧/- | શ્રી રાયચંદભાઈ હીરજી ખોના |
| રૂા. | ૫૦૧/- | શ્રી દામજીભાઈ રાયશી શાહ |
| રૂા. | ૫૦૧/- | મે. હીરજી વીરજી ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન |
| રૂા. | ૫૦૧/- | શ્રી શાંતિલાલ છગનલાલ શાહ |
| રૂા. | ૩૦૧/- | શાહ ભવાનજીભાઈ હાથીભાઈ ગોળવાળા |
| રૂા. | ૨૫૧/- | શ્રી મુળજીભાઈ નરશી લોડાયા |
| રૂા. | ૨૫૧/- | શ્રી કનકભાઈ સાકરચંદ મહેતા |
| રૂા. | ૨૫૧/- | શ્રી મોતીચંદ વર્ધમાન સંઘવી |

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫૧/- | શ્રી હીરજીભાઈ લાલજી ઝાડુવાળા |
| રૂા. | ૨૫૧/- | શ્રી કાંતિલાલ ગોવિંદજી શાહ |
| રૂા. | ૨૫૧/- | શ્રી નાનજી પ્રેમજી ગડા |
| રૂા. | ૨૫૧/- | શ્રી મોરારજીભાઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી હીરજીભાઈ પાસુભાઈ દેઢિયા |
| રૂા. | ૨૫૧/- | શ્રી શામજીભાઈ ઓભાયા કેનિયા |
| રૂા. | ૨૫૧/- | મે. પ્રભુલાલ કાંતિલાલની કાું. |
| રૂા. | ૨૫૧/- | શ્રી રતિલાલભાઈ |
| રૂા. | ૨૫૧/- | શ્રી ચંદ્રકાંતભાઈ કાનજી દેઢિયા |
| રૂા. | ૨૦૧/- | શ્રી કિશોરભાઈ મૂલજી લાલકા |
| રૂા. | ૨૦૧/- | શ્રી નેણશીભાઈ વેલજી મોતા |
| રૂા. | ૨૦૧/- | શ્રી દિનેશભાઈ ખીમજી |
| રૂા. | ૧૫૧/- | મે. દલાલ અમૃતલાલ પોપટલાલ |
| રૂા. | ૧૫૧/- | મે. નવભારત સાહિત્ય મંદિર |
| રૂા. | ૧૫૧/- | શ્રી બાબુલાલ ભગવાનજી ખાંડવાળા |
| રૂા. | ૧૨૫/- | શ્રી બાબુભાઈ કેશવજી શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી નવીનચંદ્ર જસરાજ વસા |
| રૂા. | ૧૦૧/- | શ્રી વિજયસેન રવજી શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી ઝુમખભાઈ ચુનીલાલ શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી દામજીભાઈ હીરજીભાઈ શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી ધનજીભાઈ મેઘજીભાઈ સતરા |
| રૂા. | ૧૦૧/- | શ્રી ભવાનજીભાઈ ધનજીભાઈ જૈન |
| રૂા. | ૧૦૧/- | શ્રી ભોગીલાલ છગનલાલ શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી વેલજીભાઈ કરમશી ગાલા |
| રૂા. | ૧૦૧/- | શ્રી કાંતિલાલ કુંવરજી સાવલા |
| રૂા. | ૧૦૧/- | શ્રી રમણિકલાલ શિવજી વોરા |
| રૂા. | ૧૦૧/- | શ્રી ગુલાબચંદ ધનજી દંડ |
| રૂા. | ૧૦૧/- | મે. દલાલ વીરસેન એન્ડ કાું. |
| રૂા. | ૧૦૧/- | મે. દલાલ મહેશકુમાર એન્ડ કાું. |
| રૂા. | ૧૦૧/- | શ્રીમતી વિમલાબેન કલ્યાણજી છેડા |
| રૂા. | ૧૦૧/- | શ્રી આણંદજીભાઈ વેલજી વીરા |
| રૂા. | ૧૦૧/- | શ્રી કેશવજીભાઈ ઉકેડા ગોગરી |
| રૂા. | ૧૦૧/- | શ્રી અરવિંદકુમાર હેમચંદ સંઘવી |
| રૂા. | ૧૦૧/- | શ્રી જયંતભાઈ મેઘજી નીસર |
| રૂા. | ૧૦૧/- | શ્રી ચમનલાલ તથા ચંદ્રકાંત ટોકરશી |
| રૂા. | ૧૦૧/- | શ્રી જયંતભાઈ મેઘજી ધરમશી લોડાયા |
| રૂા. | ૧૦૧/- | મે. ધનલક્ષ્મી સ્ટોર્સ |
| રૂા. | ૧૦૧/- | શ્રી ભવાનજીભાઈ હીરજીભાઈ સોની |
| રૂા. | ૧૦૧/- | શ્રી રમેશભાઈ ઉમરશી સાવલા |
| રૂા. | ૧૦૧/- | શ્રી દેવેન્દ્રભાઈ કરશનજી શાહ |
| રૂા. | ૧૦૧/- | શ્રી વાગડ જૈન યુવક મંડળ |
| રૂા. | ૫૧/- | શ્રી ઉમરશી જેઠાભાઈ કુરૂવા |
| રૂા. | ૫૧/- | શ્રી પ્રભુલાલ કપૂરચંદ સંઘવી |
| રૂા. | ૫૧/- | શ્રી રમણિકલાલ પાસુભાઈ ગાંધી |
| રૂા. | ૫૧/- | શ્રી હરસુખભાઈ રણછોડદાસ ગાંધી |
| રૂા. | ૫૧/- | શ્રી રાઘવજી રામજી ગાંધી |
| રૂા. | ૫૧/- | શ્રી રોહિતભાઈ રણછોડદાસ ગાંધી |
| રૂા. | ૫૧/- | શ્રીમતી જયાબેન હરિલાલ દોશી |
| રૂા. | ૫૧/- | ડૉ. કાંતિભાઈ હાથીભાઈ શાહ |
| રૂા. | ૫૧/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| રૂા. | ૫૧/- | શ્રી બંસીલાલ મગનલાલ ગડા |
| રૂા. | ૫૧/- | મે. એલ.જી. બ્રધર્સ |
| રૂા. | ૫૧/- | શ્રી લાડકચંદ મયાચંદ કોઠારી |
| રૂા. | ૩૧/- | શ્રી સૂરજલાલ મોતીલાલ મહેતા |
| રૂા. | ૨૫/- | શ્રી હરખચંદભાઈ વેલજી |
| રૂા. | ૨૫/- | શ્રી વિશનજીભાઈ દેવજી દેઢિયા |
| રૂા. | ૨૫/- | શ્રી વિશનજીભાઈ નરશી લાપસિયા |
| રૂા. | ૨૫/- | શ્રી દામજીભાઈ નેણશી લોડાયા |
| રૂા. | ૨૫/- | શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા |
| રૂા. | ૨૫/- | શ્રી શામજીભાઈ દામજી શાહ ધુગોલ |
| રૂા. | ૨૫/- | શ્રી રતનશી શામજી |
| રૂા. | ૨૫/- | શ્રી અજીતભાઈ મનહરલાલ મહેતા |
| રૂા. | ૨૫/- | ડૉ. કાંતિભાઈ હાથીભાઈ શાહ |
| રૂા. | ૨૫/- | શ્રી નરેન્દ્રભાઈ રાયચંદ ખોના |
| રૂા. | ૨૫/- | શ્રી મેઘજીભાઈ દેસુ વિસરિયા |
| રૂા. | ૨૫/- | શ્રી વાડીલાલ કરશનજી મહેતા |
| રૂા. | ૨૫/- | શ્રી કાનજીભાઈ પદમશી શાહ |
| રૂા. | ૨૧/- | શ્રી જગદીશચંદ્ર છગનલાલ શાહ |
| રૂા. | ૨૧/- | શ્રી કાંતિલાલ જેઠાલાલ શાહ |

*ન્યુ લક્ષ્મી સ્ટોર્સવાળા શ્રી મણિભાઈ અને સમ્રાટ સ્ટોર્સવાળા શ્રી બાબુભાઈએ ઈનામો અને અન્ય ખરીદી વ્યાજબી ભાવે કરાવી આપી હતી તે બદલ તેમના આભારી છીએ.*

# જ્ઞાન વિજ્ઞાન – વૈજ્ઞાનિક માહિતી

• સંકલન •
રસીક ખીમજી મહેતા

## ધૂળ અને માટી પણ કિંમતી છે

કોઈ નકામી વસ્તુને આપણે ધૂળ જેવી કહીએ છીએ. પણ હકીકતમાં દરેક સજીવો માટે જમીન પર ફેલાયેલ માટીનું પડ અતિ મૂલ્યવાન અને મહત્ત્વનું છે. માટી છે એટલે જ વનસ્પતિને ખોરાક મળે છે. વનસ્પતિ હોય તો જ મનુષ્ય અને પ્રાણી જગતનું અસ્તિત્વ છે. એક મુઠ્ઠી માટીમાં પૃથ્વીની માનવવસ્તી કરતાં વધુ બેક્ટેરિયા હોય છે. માટી જમીનમાં ઉતરતા પાણીને ગાળે છે. એટલે જ કૂવામાં ચોખ્ખું પાણી એકઠું થાય છે. માટીમાં ૨૫ ટકા હવા, ૪૫ ટકા ખનીજો અને ૫ ટકા ઓર્ગેનિક દ્રવ્યો હોય છે. માટી ખડકો તૂટીને બને છે. પૃથ્વીનું ઉપલું પડ માટીનું બનેલું છે. તેમાંય છ પડ હોય છે. પૃથ્વી પર માટીના વિવિધ રંગ અને પ્રકાર જોવા મળે છે. મનુષ્ય અને સજીવોનું જીવનચક્ર માટીમાંથી શરૂ થાય છે. માટીમાં રહેલ બેક્ટેરિયા વનસ્પતિ માટે ઉપયોગી દ્રવ્યો બનાવે છે. માટીમાં કાંપ હોય છે. કાંપ એ ચીકણી માટી છે. ખૂબ સૂક્ષ્મ રજકણોથી બનેલો હોય છે. કાંપ જમીનમાં વનસ્પતિના પોષક દ્રવ્યોનો સંગ્રહ રાખે છે. કાંપવાળી જમીન વધુ ફળદ્રુપ હોય છે.

સૂર્યના તાપ, પવન અને વરસાદથી પૃથ્વી પરના પર્વતો સહિત જમીનને લાગતા ઘસારાને કારણે માટી બને છે. પૃથ્વીની જમીનની સપાટી સતત બદલાતી રહે છે. ઉપયોગી અનાજ, કઠોળ વગેરેની ખેતી કરવા માટે જમીનની કાળજી રાખવી પડે છે. જમીનનું ઉપલું પડ દર વર્ષે ખેડીને ઉપર તળે કરવામાં આવે છે.

## એમેઝોન નદીનાં અદ્‌ભુત વર્ષા જંગલ

- એમેઝોનના ઊંડા જંગલોમાં ચાર લાખની વસ્તી ધરાવતું શહેર ઈક્વિટોસ આવેલું છે. એમેઝોનના જંગલોમાં જવાનો તે એકમાત્ર માર્ગ છે.
- એમેઝોનના જંગલોમાં ૪૦ હજાર જાતની વનસ્પતિ, ૨૨૦૦ જાતની માછલી, ૧૨૦૦ જાતના પક્ષીઓ, ૪૨૦ જાતના સસ્તન પ્રાણીઓ અને ૩૭૦ જાતનાં સરિસૃપો છે.
- એમેઝોન નદીમાં વિશ્વની કોઈપણ નદી કરતાં પાંચ ગણો પાણીનો પ્રવાહ વહે છે.
- બ્રાઝીલમાં એમેઝોન નદીની નીચે પેટાળમાં ૪ કિ.મી.ની ઊંડાઈએ પણ નદી વહે છે.
- એમેઝોનના જંગલોનો મોટાભાગનો વિસ્તાર બ્રાઝીલ, પેરૂ અને કોલંબિયામાં ફેલાયેલો છે.
- પુરાણકાળમાં એમેઝોન નદી પૂર્વથી પશ્ચિમમાં વહેતી હતી આજે પશ્ચિમથી પૂર્વમાં વહે છે.
- એમેઝોન નદી પર એક પણ પૂલ નથી.
- પૃથ્વી પરના તમામ પ્રાણીઓ, પક્ષીઓ અને વનસ્પતિની જાત પૈકી દર દસે એક પ્રજાતિ એમેઝોનના જંગલોમાં જોવા મળે છે.
- ૧૧,૨૦૦ વર્ષ પહેલા માણસજાત એમેઝોનના જંગલોમાં રહેતી હતી.
- એમેઝોન નદીની આસપાસ પંચાવન લાખ ચો.કિ.મી.ના વિસ્તારમાં ગાઢ જંગલ છવાયેલા છે.
- પૃથ્વીના વાતાવરણમાં પેદા થતાં ઓક્સિજનનો ૨૦ ટકા જથ્થો એકલા એમેઝોનના જંગલમાંથી મળે છે.

## ડામર શું છે?

રોડ બનાવવામાં ડામરનો ઉપયોગ થાય છે. ડામર, એ કાળા રંગનો ચીકણો પદાર્થ છે. ગરમીથી પીગળે છે અને પછી ઠરે ત્યારે જામીને સખત બની જાય છે. રોડની મજબૂતી ડામરને આધારિત છે. ડામર જમીનમાંથી નીકળતું ઓર્ગેનિક પ્રવાહી છે. પ્રાચીનકાળમાં ગ્રીસ, ઈજિપ્ત અને બેબીલોનમાં મકાનોની દીવાલોને રક્ષણ આપવા ડામરનું પડ ચડાવવામાં આવતું.

કુદરતી ડામર દરિયાના તળિયે પેટાળમાં મૃત્યુ પામેલાં દરિયાઈ જીવોના અવશેષોમાંથી બને છે. પૃથ્વીના પેટાળમાં પ્રચંડ દબાણ અને ગરમીમાં હજારો વર્ષની પ્રક્રિયાથી કુદરતી તેલ, કોલસા વગેરે બને છે. તે જ રીતે ડામર પણ બને છે. પૃથ્વીની પ્લેટોના હલન ચલન અને ભૂકંપથી તે જમીનની સપાટી પર આવે છે. કેનેડામાં ડામરના મોટા ભંડાર છે. ક્રૂડમાંથી પણ ડામર મેળવવામાં આવે છે. ડામર સલ્ફરવાળો ગંધ મારતો પદાર્થ છે. રોડ બનાવવા ઉપરાંત જહાજ અને વહાણોના લાકડાના પડખાને વોટરપ્રૂફ બનાવવા માટે ડામરનો ઉપયોગ થાય છે.

## લોકપ્રિય સ્વાદ વેનિલા શેમાંથી બને છે?

- આઈસ્ક્રીમ અને અન્ય ઠંડા પીણા કે ચોકલેટમાં વેનિલા ફલેવરનો વધુ ઉપયોગ થાય છે. વેનિલા, એ કેસર પછીનું સૌથી મોંઘુ વનસ્પતિજ દ્રવ્ય છે. વેનિલાનું વૃક્ષ મેક્સિકોમાં થાય છે. તેના ફળના બીજમાંથી વેનિલા

મેળવાય છે.

- વેનિલાના વૃક્ષો ૩૦ ફૂટ ઊંચા થાય છે. તેના વિશેની અન્ય વિગતો પણ જાણવા જેવી છે.
- વેનિલાના વૃક્ષોની લગભગ ૧૫૦ જેટલી જાત છે.
- વેનિલાના ફૂલ પર માત્ર મેલિયોના તાપથી મધમાખી જ બેસે છે. આ માખી પણ અમેરિકામાં જ જોવા મળે છે.
- મેલિયોના નામની મધમાખી ન હોય તેવા દેશોમાં વેનિલાના ફૂલને ખેડૂતો સોય દ્વારા પરાગરજની અદલાબદલી કરી વિકસાવે છે.
- અમેરિકા અને યુરોપમાં વેનિલા ફ્લેવર સૌથી વધુ લોકપ્રિય છે.
- વેનિલાના વૃક્ષો ભેજવાળા વાતાવરણમાં જ ઉછરે છે.
- બજારમાં કૃત્રિમ વેનિલા પણ ઉત્પાદિત થાય છે. તે વેનિલીન નામના પદાર્થમાંથી બને છે. તેને 'ઇમિટેશન વેનિલા' કહે છે.

## મેલેરિયા ફેલાવતો વિશિષ્ટ જંતુ : મચ્છર

- વિશ્વમાં મચ્છરની ૩૦૦૦ જેટલી જાત છે.
- મચ્છર માણસના શરીરની ગંધ, કાર્બન ડાયોક્સાઈડ., ઉષ્ણતામાન અને ભેજ ઓળખી શકે છે અને તે રીતે અનુકૂળ આવ-જા કરે છે.
- મચ્છર કલાકના લગભગ દોઢ કિ.મી.ની ઝડપે ઉડે છે. તે પોતાની પાંખ એક સેકન્ડમાં ૩૦૦થી વધુ વખત ફફડાવીને ગણગણાટ કરતા ઉડે છે.
- લોહી, એ મચ્છરનો ખોરાક નથી. માત્ર માદા મચ્છર ઈંડાનું પોષણ કરવા માણસનું લોહી ચૂસે છે. જ્યારે બીજા ડંખમાંથી નીકળતું પાણી લોહીને જામી જતા અટકાવે છે.
- મચ્છર મનુષ્યની ગંધ ૭૦ ફૂટ દૂરથી મેળવી શકે છે.
- મચ્છર ભેજ અને ભૂરા રંગ તરફ વધુ આકર્ષાય છે.
- મચ્છરને ૪૭ દાંત હોય છે.

## એ.ટી.એમ. અને ક્રેડિટ કાર્ડ પર કાળી પટ્ટી શેની હોય છે?

એ.ટી.એમ.માંથી પૈસા ઉપાડવા હોય તો તેનું કાર્ડ મશીનના સ્લોટમાં યોગ્ય રીતે નાંખવું પડે. કાર્ડ ઉપરની કાળી પટ્ટી જરૂરી દિશામાં હોય તો જ કાર્ડ ઓળખાય છે. ઘણા ઈલેક્ટ્રોનિક કાર્ડ ઉપર આ કાળી પટ્ટી હોય છે. તેને મેગ્નેટીક સ્ટ્રીપ કહે છે. મેગ્નેટીક સ્ટ્રીપ ચુંબકીય ધાતુ એટલે કે લોખંડના સૂક્ષ્મ રજકણોને પ્લાસ્ટિકમાં ભેળવી તૈયાર કરેલી પાતળી ફિલ્મ છે. લોખંડના રજકણો શક્તિશાળી મેગ્નેટની નજીક આવે તો પોતે જ ચુંબક બની જાય છે અને રજકણો કતારબંધ ગોઠવાઈ જાય છે. ટેપ રેકોર્ડરમાં હોય છે તેવું રેકોર્ડર આ સ્ટ્રીપ ઉપર કાર્ડના માલિકની વિગતો, નંબર વગેરે ટેપ કરે છે. જ્યારે કાર્ડ મશીનના સ્લોટમાં નાંખવામાં આવે ત્યારે આ મેગ્નેટીક સ્ટ્રીપ કાર્ડ રીડરની સામે રહે છે. કાર્ડ રીડરમાં વાયરની કોઈલ હોય છે. મેગ્નેટીક ફિલ્ડને કારણે કોઈલમાં વીજપ્રવાહ પેદા થાય છે. આ કરંટ કોમ્પ્યુટરની સર્કિટમાં જાય છે અને કાર્ડની વિગતો ઉકેલાય છે. સ્ટ્રીપ ઉપરનો ડેટા બારકોડની જેમ ઊભી લીટીઓથી અંકાયેલો હોય છે. આ સૂક્ષ્મ રેખાઓ મેગ્નેટીક ફિલ્ડની હોય છે. તે આપણને દેખાતી નથી.

એ.ટી.એમ. ક્રેડિટ કાર્ડની મેગ્નેટીક સ્ટ્રીપ ઉપરનો ડેટા વર્ષો સુધી સચવાય છે. તેમ છતાં કાળજી રાખવી જરૂરી છે. તેને કોઈ શક્તિશાળી ચુંબકની નજીક રાખવું જોઈએ નહીં કે વધુ પડતું ગરમ પણ થવા દેવાય નહીં. તેમ કરવાથી તેનું મેગ્નેટીક ફિલ્ડ નબળું પડે છે અને ડેટા ભૂંસાઈ જાય છે.

## શક્તિદાયક ફળ : ખજૂર

ખજૂર એ સૌથી વધુ શક્તિદાયક ફળ ગણાય છે. ખજૂર વિશે ઘણી રસપ્રદ વાતો જાણવા જેવી છે. ખજૂર એક બીજ કે ઠળિયાવાળું ફળ છે. તે દરિયા કિનારે નાળિયેરી જેવા ઊંચા વૃક્ષો ઉપર ઉગે છે. વૃક્ષ ઉપર ખજૂર ઝુમખારૂપે ઉગે છે. એક ઝુમખામાં ૫૦૦થી લઈ ૨૦૦૦ જેટલા નાના ફળો હોય છે. વૃક્ષ પર શરૂઆતમાં લીલા રંગની ખજૂરના ઝુમખા બાઝે છે. તે પાકીને પીળા થાય છે.

બજારમાં પહોંચતા પહેલા ખજૂરના ત્રણ તબક્કા છે. પીળા રંગના સખત ફળને ખલાલ (આપણે ત્યાં ખલેલા) કહે છે. ત્યારબાદ રૂતાબ અને છેલ્લે આપણે ખરીદીએ તે પોચી ખજૂર.

ખજૂરી ઉપરથી ઉતાર્યા પછી બજારમાં ખજૂર તરીકે આવતા ૨૦૦ દિવસ લાગે છે. ખજૂરીના ઝાડ ૨૦થી ૨૫ મીટર ઊંચા હોય છે. ખજૂરીને ડાળીઓ નથી હોતી. થડ ઉપર છેક ઊંચે લાંબા પાન ચારે તરફ ફેલાય છે. તે જ રીતે જમીનમાંથી માત્ર એક જ મૂળ ઊંડે સુધી જાય છે. ખજૂરીના પાન ૨ થી ૫ મીટર લાંબા હોય છે. ખજૂરીના ઝાડ નર અને માદા એમ બે જાતના હોય છે. માત્ર માદા ખજૂરી ઉપર જ ખજૂર પાકે છે. ખજૂરીનું એક ઝાડ એક સીઝનમાં ૧૦૦ કિલો ખજૂર આપે છે.

ઈરાન, ઈજિપ્ત અને સાઉદી અરેબિયામાં બધી મળીને વર્ષે લગભગ એક કરોડ ટન ખજૂર પાકે છે. ખજૂરના ફળને તડકે સૂકવીને ખારેક બનાવાય છે. ભારત પણ ખજૂરની નિકાસ કરનાર મોટો દેશ છે.

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૩૭

સંકલન - સંયોજક : રજનીકાંત પારેખ

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. સાચા જવાબો આપનાર વાચકોમાંથી લક્કી ડ્રો કરી પાંચ વાચકોને યોગ્ય ઈનામ આપવામાં આવશે. વધુમાં વધુ સંખ્યામાં ભાગ લેવા વિનંતી.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## ● આ અંકના સવાલો ●

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ મેડિકો-લીગલ કન્સલ્ટન્ટ એવા ઓર્થોપેડિક સર્જન ____________ને એપોઈન્ટ કર્યા હતા. (ડૉ. મૌલિક પટેલ, ડૉ. આકાશ પટેલ, ડૉ. દિનેશ પટેલ)

૨. ૧૮ વર્ષ સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજના માનદ્ મંત્રી તરીકે ____________ રહ્યા છે. (ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ)

૩. ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા રોટરી ડાયાલિસિસ સેન્ટર તા. ____________ ના રોજ નિર્માણ પામ્યું. (૨૬-૧-૨૦૨૦, ૨૬-૧-૨૦૨૧, ૨૬-૧-૨૦૨૨)

૪. વર્ષ ____________ માં 'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશનની સ્થાપના થઈ. (૧૯૯૯, ૧૯૮૫, ૧૯૮૬)

૫. ____________ એ ભવિષ્ય ભાખ્યું હતું કે 'HK' અમારી સંસ્થાના ભાવિ પ્રમુખ છે. (શ્રી હસમુખભાઈ ગઢેચા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોકભાઈ મહેતા)

૬. કુદરતી કે માનવસર્જિત આપત્તિના સમયે બીજાનો જીવ બચાવતા શીખવતા કાર્યક્રમમાં ____________ બહેનોએ ભાગ લીધો હતો. (૮૯, ૯૦, ૯૧)

૭. 'નવનીત' ગ્રુપની ____________ સંસ્થાઓ છે. (૫, ૭, ૮)

૮. 'ગાલા પબ્લિશર્સ'ની સ્થાપના ____________ માં થઈ. (૧૯૬૮, ૧૯૭૧, ૧૯૬૭)

૯. મહાત્મા ગાંધીએ સ્વાતંત્ર્ય માટેની અહિંસક લડતની શરૂઆત ____________ થી કરી હતી. (ગુજરાત વિદ્યાપીઠ, ગાંધી આશ્રમ, કોચરબ આશ્રમ)

૧૦. કચ્છી બિઝનેસ સેમિનારમાં ____________ મુખ્ય વક્તાઓ હતા. (૨, ૩, ૪)

## • એપ્રિલ – ૨૦૨૬ના અંકના મણકા–૩૬ ના સવાલોના સાચા જવાબો •

૧. ૧૯૮૯માં સંસ્થાનું નામ શ્રી કચ્છી જૈન સમાજમાંથી ચેરીટેબલ ટ્રસ્ટમાં **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** નામથી રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું.

૨. શ્રી કચ્છી જૈન ભવનનું ઉદ્‌ઘાટન **૨૬ જાન્યુઆરી ૧૯૯૭**ના રોજ કરવામાં આવ્યું.

૩. સ્વ. પદ્મભૂષણ ડૉ. એચ.એલ. ત્રિવેદી સાહેબના પ્રથમ વિદ્યાર્થી બનવાનું સૌભાગ્ય **ડૉ. કમલેશ શાહ**ને પ્રાપ્ત થયું હતું.

૪. ભારત દેશમાં સિનેમાં સને **૧૯૨૭**માં **મુંબઈ** ખાતે શરૂ થઈ.

૫. નળ સરોવર પક્ષી અભયારણ્યમાં **૨૨૦** પક્ષીવિદો અને ઉત્સાહીઓએ ભાગ લીધો હતો.

૬. **વાંસ**ને ઊધઈ કે અન્ય જીવાત લાગતી નથી.

૭. હઠીસીંગના મંદિરની ફરતે **૫૨** જિનાલયો અને **૩** ગર્ભગૃહ છે.

૮. કચ્છી સમાજની બિઝનેસ કમિટીના કન્વીનર **શ્રી હિરેન શાહ** છે.

૯. ''નવનીત રત્નાશ્રમ''માં હાલમાં **૩૭** વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે.

*આપના જવાબો 'મંગલ મંદિર'ના છાપેલા કાગળ અથવા તેની ઝેરોક્સમાં જ મોકલશો. હાથે લખેલા ઉત્તરને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.*

૧૦. **૧૯૭૬**માં ''વંદે માતરમ''ની શતાબ્દિ પ્રસંગે ૩૦મી ડિસેમ્બરે ખાસ ત્રિરંગી ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

***મણકા-૩૬ (મંગલ મંદિર એપ્રિલ-૨૦૨૬ના અંકમાં પૂછાયેલા પ્રશ્નો)ના સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.***

૧. કામિની સ્નેહલભાઈ શેઠ – નવા વાડજ, અમદાવાદ
૨. દમયંતી દિલીપ દંડ – નારાણપુરા, અમદાવાદ
૩. અમરેશ કે. સંઘવી – પાલડી, અમદાવાદ
૪. અલ્પા અમરેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૫. ઝલક ધર્મેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૬. શાનવી ધર્મેશ સંઘવી – પાલડી, અમદાવાદ
૭. સ્વરા મંથન – રાણીપ, અમદાવાદ
૮. દિક્ષા બી. શાહ – નારાણપુરા, અમદાવાદ
૯. રમણિકલાલ કુંવરજી ગોસર – પાલડી, અમદાવાદ
૧૦. ક્રિષા નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૧. જીનલ નીલેશ કારાણી – પાલડી, અમદાવાદ
૧૨. નરેન્દ્ર પ્રજાપતિ – પાલડી, અમદાવાદ
૧૩. અજય અશ્વિનભાઈ રાણા – પાલડી, અમદાવાદ
૧૪. કંચનબેન નરેન્દ્ર સંઘવી – ન્યુ વાસણા, અમદાવાદ
૧૫. ચંદ્રા મહેન્દ્ર શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૬. સ્મિતા વિશાલ શાહ – પ્રહલાદનગર, અમદાવાદ
૧૭. મીનાક્ષી રજનીકાંત પારેખ – પાલડી, અમદાવાદ
૧૮. ઝરણા હેમાંગ પારેખ – પાલડી, અમદાવાદ
૧૯. નેહા ભાવેશ પારેખ – પાલડી, અમદાવાદ
૨૦. કિરણ મોહનલાલ શાહ – શેલા, અમદાવાદ
૨૧. હેતા કેતન દલાલ – સિંધુભવન રોડ, અમદાવાદ
૨૨. કુશલકુમાર બી. શાહ – પ્રહાલદનગર, અમદાવાદ
૨૩. રીદ્ધિ આશિષ પરીખ – બોપલ, અમદાવાદ
૨૪. નવનીત ત્રિકમલાલ પટેલ – બોપલ, અમદાવાદ
૨૫. ઉર્મિલા નવનીત પટેલ – બોપલ, અમદાવાદ
૨૬. ફાલ્ગુની શાહ – નવરંગપુરા, અમદાવાદ
૨૭. ગિરીશ દામજી પોલડિયા – સેટેલાઈટ, અમદાવાદ
૨૮. ઉર્મિ પીયૂષ મોરબીયા - પાલડી, અમદાવાદ
૨૯. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૩૦. વંદના ટી. શાહ – પાલડી, અમદાવાદ
૩૧. દિશા પટેલ – પાલડી, અમદાવાદ
૩૨. છાયા પટેલ – પાલડી, અમદાવાદ
૩૩. મિત્તલ એ. પટેલ – પાલડી, અમદાવાદ
૩૪. અલ્કા દિનેશભાઈ વોરા – સેટેલાઈટ, અમદાવાદ
૩૫. મહેન્દ્ર ડી. પૂજ – પાલડી, અમદાવાદ
૩૬. હેમાબેન જગતકુમાર શાહ – પાલડી, અમદાવાદ
૩૭. અલ્પા એસ. શાહ – પાલડી, અમદાવાદ

*ઉપરોક્ત નામોમાંથી ડ્રૉ કરવામાં આવતા નીચે મુજબના ૫ ભાગ્યશાળીઓ ઈનામને પાત્ર થયેલ છે.*

| | | | |
|---|---|---|---|
| ૧. | રમણિકલાલ કુંવરજી ગોસર | – પાલડી, અમદાવાદ | મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦ |
| ૨. | કંચનબેન નરેન્દ્ર સંઘવી | – ન્યુ વાસણા, અમદાવાદ | મો. ૯૧૦૪૯ ૮૮૧૮૪ |
| ૩. | ગિરીશ દામજી પોલડિયા | – સેટેલાઈટ, અમદાવાદ | મો. ૯૪૨૭૦ ૨૮૩૮૦ |
| ૪. | મહેન્દ્ર ડી. પૂજ | – પાલડી, અમદાવાદ | મો. ૯૯૨૪૫ ૮૫૨૪૫ |
| ૫. | અલ્પા એસ. શાહ | – પાલડી, અમદાવાદ | મો. ૯૪૨૭૧ ૩૨૪૨૧ |

*આ ભાગ્યશાળીઓએ પોતાના ઈનામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

★ **નોંધ** : *(૧) આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે. (૨) સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. (૩) આ કોલમ / મણકા સંબંધી આપનાં કોઈ સૂચન હોય તો આવકાર્ય છે.*

*With Best Wishs From*

# ASIAN SURGICAL CO.

No. 16, First Floor, Ellora Commercial Center, Near Republic High School,
Opp. Electricity House, Relief Road, Ahmedabad - 380 001.
**Mobile : 98240 92246**

● DEALERS IN ●

**MEDICAL & SURGICAL INSTRUMENT**
**HOME HEALTHCARE PRODUCTS**
**(B.P. MONITOR / DIGI. THERMOMETER / PULSE OXIMETER / NEBULISER / OXYGEN CONCENTRATOR / BI PAP / C PAP MACHINE / WHEEL CHAIR)**

**DISTRIBUTOR FOR :**


- **Medisafe International – Delhi**
  (AN ISO 9001-2005 : ISO 13485-2016 Certified Co.)
- **Koove IOT Pvt. Ltd. - Kolkata**
  (Mfg. of Nitrile Powder Free Gloves)
- **B P L Medical Technologies Pvt. Ltd. - Bangalore**
  (Homecare Pdt.)
- **One Above Healthcare Products – Ludhiyana**
  (Glucometers)

***● FOR ANY QUERY OR REQUIREMENT ●***

***CONTACT : SHRENIK SHAH M. : 98240 92246***

## NanoNine® શબ્દ રમત-૨૩૦

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. શિવજી - પાર્વતીનો નાનો પુત્ર (૪)
૩. એક સાથે સમૂહમાં (૪)
૬. ચટ લઈને એકદમ (૨)
૮. દેવ તરીકે પૂજાતો ઝેરી સાપ (૨)
૯. ઘી તારવતા ઉપર તરતો કચરો (૩)
૧૦. રત્નોની ખાણ, સમુદ્ર (૪)
૧૧. તાલબદ્ધ નૃત્યનો અવાજ (૩)
૧૩. ૧૦૦ અબજની સંખ્યા (૩)
૧૪. જૂ નામના જંતુના વાળમાં ઈંડા (૨)
૧૫. કરાર, ભાગ્યના લેખ, એગ્રીમેન્ટ (૩)
૧૬. લિખે જો ______ તુજે, પત્ર (હિં) (૨)
૧૯. પગલા, ચાલવાનો અવાજ (૪)
૨૧. ફૂલોમાંથી રસ ચૂસનાર પક્ષી, સાકરખોર (૫)
૨૫. મકાનની બાજુની દીવાલ (૨)
૨૭. શક્તિ, સામર્થ્ય, ક્ષમતા (૪)
૨૯. તપાસ, શોધખોળ (૨)
૩૦. ધોબી, કપડાં ધોનાર (૩)
૩૨. કેદીને ચાલુ સજામાં રજા મળે તે (૩)
૩૩. પ્રેમ (ઈં) (૨)
૩૪. હવામાં ઊંચે ચઢાવવું તે (૪)
૩૫. કુંવારી છોકરી, દીકરી (૨)
૩૭. ખલાસ, સમાપ્ત (૩)
૩૮. ક્રિકેટની રમતમાં બેટર દોડીને બનાવે તે (૨)
૪૦. જૈન, બૌદ્ધ સાધુ (૨)
૪૨. ઘર, ઈમારત (૩)
૪૪. વહાલો પુત્ર, બાળક (૨)
૪૫. વૈભવવાળું (૫)
૪૭. ઈનામ, સન્માન (૪)
૪૯. માછલા પકડવાનો આંકડો, વાત, બાતમી (૨)
૫૦. ચોરવું, વર કન્યા બેસે તે લગ્ન મંડપ (૨)
૫૧. માલીશ, રગડવું તે, અતિશ્રમ (૩)

### ઊભી ચાવીઓ

૧. ઉદયપુર નજીક આવેલું વૈષ્ણવોનું પ્રસિદ્ધ મંદિર (૪)
૨. આકાશ, નભ (૩)
૩. દરિયો, મહાસાગર (૩)
૪. દરિદ્ર, કંગાળ (૩)
૫. આંગળીનો અગ્રભાગ (૩)
૬. આંગણાનું પક્ષી, નળ (૩)
૭. પરીક્ષા (૩)
૯. કવચ, સુરક્ષાનું ધાતુનું સાધન (૪)
૧૨. વાળને કલર કરવો તે (૩)
૧૬. પક્ષી (૨)
૧૭. હેતુ, ઈરાદો (૩)
૧૮. હાથ, વેરો (૨)
૨૦. તફાવત, આંતરો (૩)
૨૨. કાપાકાપી, ખૂનરેજી (૩)
૨૩. એક રમત, ખો (૨)
૨૪. પચ્ચીસ વર્ષ પૂરા થતા ઉજવાતો ઉત્સવ (૭)
૨૫. નાનો, પાતળો ટુકડો (૩)
૨૬. નોકરી, વ્યવસાય, ધંધો (૪)
૨૮. ખર્ચ બાદ કરતાં વધેલી રકમ (૩)
૩૧. કાવ્યનિર્માણ, કવિતા (૩)
૩૬. ફેંસલો, ઈન્સાફ, નિર્ણય (૨)
૩૯. ભભકો, દેખાવ, છટા (૨)
૪૦એ. તુચ્છકાર, અનાદર, ધિક્કાર (૪)
૪૧. ગાનારો, ગાવામાં ઉસ્તાદ (૩)
૪૨. લાકડી પર વીંટેલો સળગાવવાનો કકડો (૩)
૪૩. કાળી, મહાકાળી (૨)
૪૬. તરફેણ, પક્ષ, તક (૨)
૪૭. નગરી, રસ ______, પાણી ______ (૨)
૪૮. બનૂસ, ધાબળો (૨)

***નોંધ** : "શબ્દ રમત" તથા "સુડોકુ"ની સ્પર્ધામાં ભાગ લેનારે તેમના જવાબ નિયત સમય મર્યાદામાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી. સમય મર્યાદા પછી મળનાર જવાબો મોકલનાર વ્યક્તિઓને ઈનામો આપવા માટે ગણતરીમાં લેવામાં આવશે નહીં.*

## NanoNine® શબ્દ રમત-૨૨૯નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | ર | ગી | સ | ■ | અ | નુ | રો | ધ | ■ | બ | ગ |
| રો | જ | ■ | લા | મા | ■ | ક્તી | ■ | રા | મ | ના | મ |
| ટા | ■ | દ | મ | દા | ટી | ■ | રા | ત | ■ | ર | ત |
| મ | રા | મ | ત | ■ | ખ | ડ | ત | લ | ■ | સ | ■ |
| ■ | વ | ડી | ■ | ખા | ળ | ■ | વા | ■ | ■ | ■ | મ |
| ભૂ | ત | ■ | ગ | ત | ■ | મ | સો | તું | ■ | ■ | હે |
| ત | ■ | મ | દા | રી | ■ | હિ | ■ | બ | ■ | શ | મા |
| કા | લિં | દી | ■ | ■ | ત | લા | વ | ડી | ■ | મ | ન |
| ળ | ■ | ના | ગ | રિ | ક | ■ | દ | ■ | ■ | ન | ગ |
| ■ | ચ | ■ | જ | ■ | દી | વા | ન | ખા | નું | ■ | તિ |
| કા | કો | ■ | ગા | ગ | ર | ■ | ■ | ત | ■ | મા | ■ |
| ક | રી | ■ | મા | મ | ■ | મં | દિ | ર | ■ | તા | રો |

*માર્ચ-૨૦૨૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૨૨૮ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા ચંદ્રકાંત શાહ – અમદાવાદ
૨. તૃપ્તિ વસંત સાવલા – અમદાવાદ
૩. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૪. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૫. દમયંતી દિલીપ દંડ – અમદાવાદ
૬. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૭. ગુણવંતી ગુલાબચંદ ડાઘા – અમદાવાદ
૮. નરેન્દ્ર એચ. સંઘવી – અમદાવાદ
૯. ધનલક્ષ્મી કિશોર શાહ – મુંબઈ
૧૦. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૧૧. હસ્તી સંજયભાઈ ઠાકર – ભુજ, કચ્છ
૧૨. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૩. લક્ષ્મી મહેશકુમાર ખત્રી – અમદાવાદ
૧૪. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૫. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૬. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૭. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૮. ઉમંગ જયંતીભાઈ એ. શાહ – અમદાવાદ
૧૯. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૨૦. શાંતિલાલ રામજી લાલકા – હુબલી (કર્ણાટક)
૨૧. હંસાબેન ઠાકોર – અમદાવાદ
૨૨. મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ
૨૩. પ્રવીણ જેતશી દંડ – અમદાવાદ
૨૪. જયશ્રી મોહન સાવલા – અમદાવાદ
૨૫. અભયકુમાર હીરજી મોમાયા – હુબલી (કર્ણાટક)

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં બે વિજેતાઓના નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાના ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** : (૧) નરેન્દ્ર એચ. સંઘવી – અમદાવાદ
(૨) મહેન્દ્ર દામજી છેડા – અમદાવાદ

---

★ *મા-બાપનો વારસો સંભાળો એ સંસ્કાર ન કહેવાય; પણ વારસાની સાથે મા-બાપને સંભાળો તો સંસ્કારી કહેવાય.*

★ *પાણીને એક જ ગરણામાંથી ગાળીશું તો ચાલશે પણ વાણીને તો ચાર ગરણામાંથી જ ગાળવી પડશે કારણ કે માણસોને શબ્દો જ મારે છે અને શબ્દો જ તારે છે.*

★ *રચ્યો પચ્યો રહ્યો માયા, મમતા અને લોભમાં. બધાની ઓળખાણો કાઢી પરંતુ આત્માને જ ઓળખવાનું રહી ગયું.*

★ *અંધ બની ભાગતો રહ્યો દોલત પાછળ સદા. માયા માટી છે તે ખબર હતી છતાં ચેતવાનું રહી ગયું.*

---

**માર્ચ-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૬ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. ચંદ્રા મહેન્દ્ર શાહ – અમદાવાદ
૨. સ્મિતા વિશાલ શાહ – અમદાવાદ
૩. અરવિંદ જયંતીલાલ ભટ્ટ – બોપલ, અમદાવાદ
૪. સલોની જૈનમ સંઘવી – અમદાવાદ
૫. પારસ ગુણવંતલાલ શાહ – મુંબઈ
૬. નયના ઉદય કારાણી – અમદાવાદ
૭. મહેન્દ્ર ડી. પૂજ – અમદાવાદ
૮. નીના અશોકભાઈ ગોરજી – અમદાવાદ
૯. કામિની સ્નેહલભાઈ શેઠ – અમદાવાદ
૧૦. જ્યોતિ એલ. શાહ – અમદાવાદ
૧૧. મીનાક્ષી રજનીકાંત પારેખ – અમદાવાદ
૧૨. ઝરણા હેમાંગ પારેખ – અમદાવાદ
૧૩. નેહા ભાવેશ પારેખ – અમદાવાદ
૧૪. ચાર્મિ શાલીન શાહ – અમદાવાદ
૧૫. દ્રવ્ય પીયુષ મોરબીયા – અમદાવાદ
૧૬. પ્રભા મહેન્દ્ર શેઠિયા – વલસાડ
૧૭. નયના જય ગોગરી – અમદાવાદ
૧૮. ચંદ્રિકા એ. શાહ – સુરત
૧૯. હંસાબેન બી. ઠાકોર – અમદાવાદ
૨૦. માનસી પ્રીત શાહ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ કરતાં બે વિજેતાઓના નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાના ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

***વિજેતા*** :

(૧) સલોની જૈનમ સંઘવી – અમદાવાદ

(૨) ચાર્મિ શાલીન શાહ – અમદાવાદ

**NanoNine™ Sudoku**

**માર્ચ-૨૦૨૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૮૬ના ઉકેલ મોકલનારનાં નામ માટે જુઓ પાના નં.–૪૮**

## કળીયુગ

આપણા ધાર્મિક ગ્રંથો મુજબ ચાર યુગ છે : સત્ય યુગ, ત્રેતાયુગ, દ્વાપર યુગ અને અંતિમ કળીયુગ. આપણે હાલે કળીયુગમાં જીવી રહ્યા છીએ કે જેની શરૂઆત ઈ.સ. પૂર્વે ૩૧૦૨માં થઈ હતી. એટલે કે આજથી ૫૧૨૭ વર્ષ પહેલા થઈ હતી. કળીયુગનો સમયગાળો ૪,૩૨,૦૦૦ વર્ષનો છે. તેથી અંદાજિત ૪,૨૭,૦૦૦ વર્ષ હજુ બાકી રહે છે. ગ્રંથો મુજબ કળીયુગ એટલે એવો યુગ કે જેમાં માનવતા, દયા અને ધર્મનો નાશ થાય અને પૈસા જ સર્વસ્વ બને. હાલ પૈસાની જ બોલબાલા છે. પારિવારિક સંબંધો નામ માત્રના જ રહે છે. હાલ વૃદ્ધાશ્રમની વધતી સંખ્યા આ વાતની ચાડી ખાય છે.

આ સિવાય કમોસમી વરસાદ, અતિશય ગરમી, અતિશય ઠંડી અને અંતમાં એસિડના વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલે ઋતુચક્ર પણ તે મુજબનું જોવા મળી રહ્યું છે. ચોમાસામાં વરસાદ નહીં, શિયાળામાં ઠંડી નહીં અને ઉનાળામાં જળ બંબાકાર.

**NanoNine® Sudoku** રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૮૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૫-૨૦૨૬ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૮૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | 8 | 6 | | | 5 |
| | 6 | | | | | 3 | 2 | |
| 1 | 4 | | | 3 | 2 | 8 | | 9 |
| 9 | 1 | 2 | 6 | | | | | 7 |
| | 5 | 4 | 2 | 7 | 3 | 9 | | |
| | | | | | 1 | 6 | 4 | |
| | 2 | 9 | | | 4 | | 8 | |
| 4 | | 6 | 9 | | | | 5 | 3 |
| | | | 8 | 2 | 5 | 4 | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | 4 | | | | | 5 | 2 |
| | | | 3 | 1 | | 4 | 7 | |
| 3 | | 2 | | 5 | 4 | | 8 | 6 |
| 9 | | 7 | | | 5 | | 4 | 3 |
| 2 | | 1 | 6 | 4 | 3 | 7 | | 8 |
| | 4 | | 2 | | | | | 1 |
| 4 | 1 | | | 2 | | 8 | | 5 |
| | 2 | 9 | | 3 | 8 | | | |
| 7 | 3 | | | | | 9 | | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | | 8 | | 4 | 5 |
| 4 | 8 | 9 | | | 3 | 6 | 1 | |
| | | | | 6 | 1 | | 8 | |
| 3 | | 1 | 8 | 7 | | 5 | 6 | |
| | 5 | | 1 | | 6 | | 2 | |
| | 6 | 4 | | 3 | 2 | 8 | | 1 |
| | 1 | 3 | 6 | 8 | | 4 | | |
| | 9 | | | | | 1 | 5 | 6 |
| 6 | 4 | | 9 | | 5 | | | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | | 9 | 4 | | 6 | | 1 |
| | 9 | 5 | 6 | | 1 | | 4 | |
| | 4 | | | 5 | | 2 | | 8 |
| 3 | | 4 | 2 | 9 | | | | 6 |
| | | 2 | 8 | | 6 | 4 | | |
| | | 6 | | 3 | 4 | 5 | | 2 |
| 7 | | | | 1 | | | 6 | 5 |
| | 1 | | 7 | | 9 | | 2 | |
| 4 | | 9 | 5 | | 2 | 3 | 1 | |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૮૭**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 2 | 9 | 4 | 3 | 5 | 7 | 6 | 1 |
| 5 | 7 | 6 | 8 | 1 | 2 | 9 | 4 | 3 |
| 4 | 1 | 3 | 6 | 7 | 9 | 8 | 5 | 2 |
| 2 | 4 | 7 | 1 | 5 | 8 | 6 | 3 | 9 |
| 9 | 5 | 8 | 3 | 2 | 6 | 4 | 1 | 7 |
| 3 | 6 | 1 | 7 | 9 | 4 | 5 | 2 | 8 |
| 1 | 3 | 5 | 9 | 4 | 7 | 2 | 8 | 6 |
| 6 | 9 | 2 | 5 | 8 | 1 | 3 | 7 | 4 |
| 7 | 8 | 4 | 2 | 6 | 3 | 1 | 9 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 4 | 9 | 1 | 8 | 5 | 3 | 2 |
| 2 | 9 | 1 | 3 | 6 | 5 | 7 | 4 | 8 |
| 5 | 8 | 3 | 7 | 2 | 4 | 6 | 1 | 9 |
| 9 | 2 | 7 | 4 | 3 | 6 | 8 | 5 | 1 |
| 3 | 5 | 8 | 2 | 7 | 1 | 4 | 9 | 6 |
| 1 | 4 | 6 | 5 | 8 | 9 | 3 | 2 | 7 |
| 8 | 3 | 9 | 6 | 4 | 2 | 1 | 7 | 5 |
| 7 | 1 | 5 | 8 | 9 | 3 | 2 | 6 | 4 |
| 4 | 6 | 2 | 1 | 5 | 7 | 9 | 8 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 8 | 6 | 1 | 5 | 2 | 9 | 7 |
| 9 | 7 | 1 | 8 | 2 | 3 | 4 | 5 | 6 |
| 6 | 2 | 5 | 7 | 9 | 4 | 8 | 3 | 1 |
| 4 | 5 | 9 | 2 | 7 | 8 | 1 | 6 | 3 |
| 8 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 2 | 4 |
| 2 | 1 | 6 | 3 | 4 | 9 | 7 | 8 | 5 |
| 1 | 9 | 3 | 5 | 8 | 7 | 6 | 4 | 2 |
| 5 | 8 | 2 | 4 | 6 | 1 | 3 | 7 | 9 |
| 7 | 6 | 4 | 9 | 3 | 2 | 5 | 1 | 8 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 8 | 2 | 7 | 5 | 3 | 4 | 6 | 1 |
| 6 | 5 | 3 | 8 | 4 | 1 | 2 | 7 | 9 |
| 4 | 7 | 1 | 2 | 6 | 9 | 3 | 8 | 5 |
| 2 | 6 | 7 | 5 | 3 | 4 | 9 | 1 | 8 |
| 3 | 1 | 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 |
| 8 | 4 | 9 | 6 | 1 | 2 | 5 | 3 | 7 |
| 1 | 3 | 6 | 4 | 8 | 5 | 7 | 9 | 2 |
| 5 | 2 | 8 | 3 | 9 | 7 | 1 | 4 | 6 |
| 7 | 9 | 4 | 1 | 2 | 6 | 8 | 5 | 3 |



# પ્રતિભાવ

એપ્રિલ-૨૦૨૬ના 'મંગલ મંદિર'ના મુખપૃષ્ઠ પર શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું પાલડી ખાતેનું ભવન તથા તેના દ્વારા સંચાલિત ગીતામંદિર ભવન તથા શાહીબાગ ભવનને સ્થાન આપી સમાજના ગૌરવવંતા ઈતિહાસનુ સ્મરણ કરાવે છે. સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર દ્વારા હાર્દિક શુભેચ્છામાં જે ચિંતન કણિકાઓ રજૂ કરવામાં આવે છે તે ઘણી જ માર્મિક છે. વાંચીને તેનો ગૂઢાર્થ સમજો તો ખ્યાલ આવે. તંત્રીલેખમાં સમાજના ઈતિહાસની રૂપરેખા વિગતવાર દર્શાવી છે. સને ૧૯૮૫થી ૪૦ વર્ષોમાં સમાજે ઘણી જ પ્રગતિ કરી છે. સિનિયર સિટીઝન કાર્યકરોની સાથે ખભેખભા મિલાવી નવી પેઢીના પણ ૭૦%થી વધુ હોદ્દેદારો નિષ્ઠાથી ફરજ બજાવી રહ્યા છે, તે સમાજના ઉજળા ભવિષ્ય તરફ નિર્દેશ કરે છે. ડૉક્ટરની પ્રાર્થના તેમને શપથ લેતી વખતે બોલાવાતી હોવાનો ખ્યાલ છે. પ્રાર્થનાના એક એક શબ્દ, વાક્યમાં સેવા તથા કર્તવ્ય પાલનની વાત વણી લીધી છે. સમાજના વિદાય લેતા પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડનો પરિચય તથા તેમના કાર્યકાળમાં સમાજે મેળવેલ સિદ્ધિઓનું શ્રીમતી ફાલ્ગુની હિરેને વિગતવાર વર્ણન કર્યું છે. સમાજને બ્રહ્મા - વિષ્ણુ - મહેશ જેવી ત્રિપુટી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, અશોક મહેતા અને પ્રતાપ દંડનું પ્રદાન નોંધપાત્ર છે તેવો ઉલ્લેખ ઉડીને આંખે વળગે તેવો છે. તેમનાં કાર્યકાળમાં 'મંગલ મંદિર'ના ઘણા વિશેષાંકો બહાર પાડવામાં આવ્યા, જે ઉલ્લેખનીય છે. સમાજના નવા નિયુક્ત પ્રમુખ હિરેન કે. શાહની જીવન ઝરમર વાંચવા યોગ્ય છે. સમાજના પાયાના કાર્યકરથી પ્રમુખ સુધીની તેમની સફર પાછળ તેમની સફળ કાર્યપદ્ધતિ, મેળવેલ સિદ્ધિઓ, સમાજ પ્રત્યે સમર્પણની ભાવના જવાબદાર છે. સમાજે તેમને વધારે જવાબદારી સોંપી છે ત્યારે આવનારા પ્રશ્નો અને પડકારો વધુ સારી રીતે પાર પાડે તેવી શુભેચ્છાઓ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા તેના સહયોગી સંસ્થાઓની દૈનિક ડાયરી એક સંસ્થાની રોજિંદી કામગીરીથી વાકેફ કરે છે. સમાજના સભ્યો સમક્ષ તેનું મૂલ્યાંકન થાય છે. ફેબ્રુઆરી-૨૦૨૬ દરમિયાન સમાજમાં વિવિધ સેવાઓનો લાભ લેનાર કુલ ૩૬૦૨૦ વ્યક્તિઓ હતી, જે નોંધપાત્ર છે. મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા શ્રી નીતિનભાઈ ત્રિવેદીને બોલાવી, તા. ૧૭-૨-૨૦૨૬ના રોજ કુદરતી કે માનવસર્જિત આપત્તિમાં પરિસ્થિતિને કઈ રીતે હલ કરવી તે બાબતે સુંદર વક્તવ્ય અપાયું. જેમાં ૯૧ બહેનોએ ભાગ લીધો. જે નોંધનીય કહી શકાય. અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા ગીતા મંદિરમાં મોના પારેખની તાલીમ તથા તેનું નોકરી મળતા સ્વમાનભેર જીવતા થયા, તે પ્રેરણાદાયી છે. વયસ્ક સમિતિનો અહેવાલ જોતાં લાગે છે, ખરેખર મોજમસ્તીમાં કઈ રીતે જીવવું તેના પાઠ શીખવે છે. નવનીત પ્રકાશન સંસ્થાનો અહેવાલ એટલા માટે જીવંત લાગે છે કે સમાજનાં કોઈપણ બાળકે નવનીતના પુસ્તકો વગર અભ્યાસ પૂર્ણ નહીં કર્યો હોય. ચૌલા કુરૂવાનો અમદાવાદના સહેલાણીઓ માટે અમદાવાદની ઐતિહાસિક વિગતો, શિલ્પ સ્થાપત્ય, મંદિરોની વિગતોનું એક દસ્તાવેજી ચિત્રણ સુંદર રીતે કરેલ છે. સવાલ-જવાબ વિભાગમાં જીજ્ઞાસુ વાંચકો રસપ્રદ રીતે ભાગ લે છે. જ્ઞાન વિજ્ઞાન - વૈજ્ઞાનિક માહિતીમાં બ્રેઈલ લિપિ, વેક્યુમ ક્લિનર, માનવ શરીર, મની પ્લાન્ટ, સોનું, એલ.સી.ડી. સ્ક્રીન, ઍરોસેલ સ્પ્રે બાબતે અવનવી ઘણી રોમાંચક તથા આશ્ચર્યજનક વિગતો જાણવા મળી. એરિસ્ટોક્રેટ્સ શ્રેણી તથા તેમાં શેઠાણી હરકુંવરબાના જીવન તથા કાર્યોની જાણકારી રસપ્રદ ઈતિહાસ સાથે મળે છે. સ્વાધીનતા સંગ્રામની શ્રેણીમાં હુતાત્મા હેમુ કાલાણીનો બ્રિટીશ સલ્તનતની સામે શહીદ થવાની ઘટના જોતાં સ્પષ્ટ થાય છે કે તેમના અણુએ અણુમાં દેશપ્રેમ ભરેલો હશે. તીર્થદર્શન શ્રેણીમાં શ્રી ઉજ્જૈન તીર્થ તથા શ્રી ભોપાવર તીર્થની ગાથા ગૌરવશાળી છે. પ્રભુલાલ સંઘવીની 'ઘરડા ગાડાં વાળે' કહેવતને ચરિતાર્થ કરતી વાત સુંદર છે. થનગનાટ કરતો મોર જેમ તેના મોરપીંછથી દીપી ઉઠે છે તેમ 'મંગલ મંદિર'નો ૮૭ પૃષ્ઠનો દળદાર અંક તેમાં સમાવિષ્ટ કૃતિઓથી દીપી ઉઠે છે.

*અશોક વી. શાહ - ગાંધીનગર*
*મો. ૯૩૨૮૯ ૨૬૮૫૯*


**ડૉ. ગાર્ગીબેન વસાવડા**
બી.એસ.એ.એમ.

**ઓનલાઈન આયુર્વેદિક સલાહ**

**તમારા આરોગ્ય માટે હવે ઘર બેઠા મેળવો નિષ્ણાત સલાહ**

- આયુર્વેદિક સારવાર
- વાળ અને ત્વચાની કાળજી
- પંચકર્મ થેરાપી
- ઓનલાઇન કન્સલ્ટેશન

● અહિંયા પણ મળશે ●

**આયુર્વેદ વિભાગ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી, પાલડી.
**સોમવારથી શનિવાર : સવારે ૧૦ થી ૧**

**આજે જ એપોઇન્ટમેન્ટ બુક કરો : 98980 10809**
**વેબસાઈટ : www.ayuraksha.com**
**ઈ-મેઈલ id : ayurakshaofficial@gmail.com**

# અન્ય સંસ્થાના સમાચાર

## ભોજાય સર્વોદય ટ્રસ્ટને ગ્રામોત્થાન કામગીરી બદલ ૨૦૨૫ના વર્ષનો 'દર્શક' ઍવોર્ડ જાહેર

*ગ્રામ સ્વરાજ સંઘ - નીલપર બાદ પશ્ચિમ કચ્છની સંસ્થાને સેવા સન્માન ૧૯૯૬માં લીલાધરભાઈ ગડા 'અધા'એ સ્થાપેલી સંસ્થા ઝળકી ઉઠી*

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામ પુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારી પ્રતિભાઓને - સંસ્થાઓને પુરસ્કારવાના ઉદ્દેશથી રચાયેલા શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ ૨૦૨૫નો ગ્રામ પુનર્રચના ઍવોર્ડ કચ્છના ભોજાય સર્વોદય ટ્રસ્ટને તથા સાહિત્ય ઍવોર્ડ સર્જનાત્મક લેખક મોહન પરમારને જાહેર કરાયો છે. શાલ, રૂપિયા એક લાખનો ચેક અને તામ્રપત્ર સાથેનો આ ઍવોર્ડ ક્યારે અને ક્યાં અપાશે તે ટૂંક સમયમાં જાહેર કરાશે.

ફાઉન્ડેશનનાં અજય રાવલ અને સંજય ચૌધરીના જણાવ્યા અનુસાર કચ્છના દુર્ગમ અને સરહદી પછાત વિસ્તારોમાં આરોગ્ય વિષયક સેવાઓની ખોટ પૂરવા લીલાધરભાઈ ગડા ઉર્ફે 'અધા'એ ૧૯૯૬માં જેની સ્થાપના કરી, એ ભોજાય સર્વોદય ટ્રસ્ટની તમામ સેવાકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર ગામડા અને ગ્રામ્ય વિસ્તારના દર્દીઓ છે. આ ટ્રસ્ટ દ્વારા મહિલાઓને અને ખાસ કરીને ગર્ભાશયને લગતાં ગંભીર રોગ - કેન્સર સહિતની અત્યાધુનિક ઑપરેશન થિયેટર અને તજજ્ઞ તબીબો - મોબાઈલ યુનિટ દ્વારા સારવાર કરવામાં આવે છે. ઉપરાંત ટ્રસ્ટ દ્વારા માનસિક રીતે વિક્ષિપ્ત બાળકો માટે માનસ મંદિર નિવાસી શાળા, આંખની હોસ્પિટલ તથા દર મહિને ૩૦૦ ડાયાલિસિસ કરતું સેન્ટર પણ ચલાવાય છે. સાહિત્ય ક્ષેત્રે ઍવોર્ડ મેળવનાર મોહન પટેલ વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર ઉપરાંત વિવેચક પણ છે. ૧૯૭૦થી લેખન યાત્રાનો આરંભ કર્યો. તેમના સાહિત્યમાં ગ્રામ્ય અને પછાત વર્ગના લોકોની સમસ્યાઓનું સચોટ પ્રતિબિંબ પડે છે. તેમના 'અચંબો' વાર્તા સંગ્રહને ૨૦૧૧માં કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે.

### કચ્છને ચોથો 'દર્શક' ઍવોર્ડ મળ્યો

૧૯૯૨થી આ દર્શક ઍવોર્ડ અપાય છે. ૨૦૦૦માં કચ્છના લેખક - સાહિત્યકાર ડૉ. ધીરેન્દ્ર મહેતાને સાહિત્યનો અને ગ્રામ સ્વરાજ સંઘ નીલપર (તા. રાપર)ને ગ્રામોત્થાનનો આ ઍવોર્ડ એનાયત થયેલો. ૨૦૦૬માં કાંતિસેન શ્રોફ 'કાકા'ને મળ્યા બાદ ભોજાય સર્વોદય ટ્રસ્ટને ચોથો દર્શક ફાઉન્ડેશન ઍવોર્ડ એનાયત થશે. ૨૦૦૯માં વિનેશભાઈ અંતાણીને સાહિત્ય ક્ષેત્રનો ઍવોર્ડ મળ્યો હતો.

*"દિવ્ય ભાસ્કર"માંથી સાભાર*

## મુંબઈમાં કચ્છી લોક સંગીતના ઉપાસકનો જન્મોત્સવ ઉજવાયો

*લાલ રાંભિયાએ સફળતાનો શ્રેય પરિવાર તથા સ્નેહીઓને આપ્યો*

મુંબઈમાં કચ્છી લોકકલાના ઉપાસક લાલ રાંભિયાનો ૭૫મો જન્મોત્સવ ઉજવાયો હતો.

કચ્છી લોકસંગીતના ઉપાસક લાલ રાંભિયા આયખાનાં ૭૪ વર્ષ પૂરા કરી ૭૫મા વર્ષમાં પ્રવેશ્યા, એ નિમિત્તે મિત્રો અને ચાહકોએ 'લાલ જી ગાલ' નામે મુંબઈના મૈસુર એસોસિએશન હોલમાં યોજાયેલા ગીત-સંગીતના કાર્યક્રમમાં લાલ રાંભિયાએ પોતાની સફળતાનો શ્રેય પરિવાર તથા સ્નેહીઓને આપ્યો હતો.

કાર્યક્રમમાં લાલ રાંભિયાની ઓળખ ડાયરાના માણસ તરીકેની હતી. તેમનાં વ્યક્તિત્વના અન્ય પાસાઓને ઘટનાઓના નિરૂપણ સાથે રજૂ કરાયા હતા અને ગીત-સંગીતનું આયોજન કરાયું હતું. કાર્યક્રમને સંગીતથી વિક્રમ નિઝામાએ સજાવ્યો

Ashish Shah : M. 93761 37765
Parag Shah : M. 72081 22394

**Mahavir Trading – Ahmedabad**
**Brilliant Dyes – Mumbai**

DEALS IN DISPOSABLE ITEM & DYES AND CHEMICALS

હતો. લીલાધર ગડા 'અધા', ગુલાબ દેઢિયા, વિશનજી શાહ, મૂલચંદ લાલન કાર્યક્રમ આયોજનમાં સહભાગી હતા.

*"કચ્છ મિત્ર"ના સૌજન્યથી*

## કચ્છ જલધારા સેવા સંઘ

આદરણીયશ્રી રાષ્ટ્ર પુરુષ નરેન્દ્રભાઈ મોદીજીના "કેચ ધી રેઈન"ના આહ્વાનને શિરોમાન્ય ગણીને કચ્છના સરહદી વિસ્તારમાં જલ મંદિરો નિર્માણ કરવા માટે કચ્છ જલધારા સેવા સંઘ કાર્ય કરી રહી છે.

પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા કચ્છ જલધારા સેવા સંઘને ૧૧ હિટાચી મશીનો અને ૨૨ આઈવા (ટ્રક) આપેલ છે. જેનાથી ૧૧ જગ્યાએ કામ ચાલુ છે અને ૭ જગ્યાએ કામ પૂર્ણ થયેલ છે. જેમાં અદ્‌ભુત કહી શકાય તેવું કાર્ય... આપણા કચ્છમાં જળસંગ્રહ માટેના કાર્ય માટેના માર્ગદર્શક એવા આદરણીય શ્રી દીપકભાઈ વોરાના માર્ગદર્શનથી સુજલામ સુફલામ યોજના અંતર્ગત... શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં ખૂબ મોટું જળમંદિર બનાવવામાં આવી રહેલ છે. જેની મુલાકાતે આદરણીય કલેક્ટર શ્રી આનંદ પટેલ પધારેલ હતા.

## સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ - રાજકોટ દ્વારા કચ્છના કોઈ પણ ગામમાં ૧૦૦ એકર જમીનમાં વૃક્ષારોપણ

સદ્‌ભાવના વૃદ્ધાશ્રમ - રાજકોટ દ્વારા એક યોજના જાહેર કરવામાં આવી છે. તે મુજબ કચ્છમાં કોઈપણ ગામમાં ૧૦૦ એકર સરકારી પડતર ખરાબાની જમીન ગ્રામસભાનો ઠરાવ કરીને સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને સોંપવામાં આવે તો તેઓ દ્વારા આ ૧૦૦ એકર જગ્યામાં મિયાવાકી પદ્ધતિથી ૧૦ લાખ ઝાડ રોપવામાં આવશે. જેમાં જરૂરી સરકારી મંજૂરી સદ્‌ભાવના વૃધાશ્રમવાળા લાવશે. યોજના મુજબ –

૧. આ જમીનની કાયમી માલિકી પંચાયત કે સરકારની જ રહેશે.
૨. આ જમીનમાં વાવવામાં આવેલ વૃક્ષોમાંથી કોઈ ઉપજ થાય તો તેની આવક પંચાયતની થશે. જેમાં સદ્‌ભાવના વૃદ્ધાશ્રમનો કોઈ હક હિસ્સો રહેશે નહીં.
૩. આ જમીનમાં ગાંડા બાવળ કે ઝાડી ઝાંખરા સદ્‌ભાવના વૃધાશ્રમવાળા દૂર કરશે.
૪. જમીનમાં ચારે બાજુ ફેન્સિંગ કરવામાં આવશે.
૫. વાવવામાં આવેલ વૃક્ષોની સાર સંભાળ અને ઉછેર ચાર વર્ષ સુધી સદ્‌ભાવના વૃદ્ધાશ્રમવાળા કરશે. પાણીની વ્યવસ્થા પણ તેઓ કરશે.
૬. ચાર વર્ષ પછી સદ્‌ભાવના વૃદ્ધાશ્રમવાળા કબજો છોડી દેશે.
૭. આ મુજબ ગામની કોઈ આર્થિક જવાબદારી આવતી નથી અને કોઈપણ રકમ ગામ તરફથી કે ગામના દાતા તરફથી આપવાની રહેશે નહીં. તમામ વ્યવસ્થા અને ખર્ચ સદ્‌ભાવના કરશે.

આ યોજના સમજાવવા અને જાણકારી આપવા માટે ખીરસરાની ગ્રામસભા બોલાવવામાં આવેલ હતી. જેમાં ૩૦ થી ૩૫ લોકો હાજર રહ્યા હતા.

યોજનાની જાણકારી આપવા માટે સુરતથી કાંતિભાઈ સાંખલા હાજર રહ્યા હતા. ઉપરાંત વડીલભાઈ શ્રી ગોપાલભાઈ વાલજીભાઈ ભાવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ગ્રામસભામાં દરેક જ્ઞાતિના પાટીદાર, જોશી, હરિજન, ગઢવી, રબારી, કોલી જ્ઞાતિના ગ્રામજનો હાજર રહ્યા હતા.

ગામના અગ્રણી ભાઈઓ રવાભાઈ રબારી, દિનેશભાઈ વાઘેલા, દિનેશભાઈ જોશી, મણિલાલ સાંખલા, મણિલાલ ચૌધરી, ભવનભાઈ સાંખલા વગેરે ગ્રામસભામાં હાજર રહ્યા હતા.

યોજનાની જાણકારી મેળવીને સર્વાનુમતે આ યોજના ગામની પૂર્વ બાજુએ અને ઉત્તર બાજુએ આવેલી સરકારી પડતર જમીન અંદાજે ૧૨૫ થી ૧૩૦ એકર વાળી જમીનમાં આ યોજનામાં પરવાનગી આપીને મંજૂરી આપવી એવું ઠરાવવામાં આવેલ અને આ અંગે ઠરાવ કરવામાં આવેલ છે. જમીન જોવા માટે સદ્‌ભાવનાની ટીમ આવેલ હતી અને મંજૂરી આપેલ છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૫૩ ઉપર)


**ચૌલા કુરૂવા અને પ્રમીલા કુરૂવા ફાઉન્ડેશનના પ્રકાશનો**

| | | | |
|---|---|---|---|
| ■ આનંદ મંગલ | : ......... 100/- | ■ સફળતા | : .......... 75/- |
| ■ સત્યમ્ શિવમ્ સુંદરમ્ | : ......... 100/- | ■ પહેલું સુખ તે જાતે નર્યા | : .......... 70/- |
| ■ આરોગ્યના અમૃત | : ......... 150/- | ■ ગીત ગુંજન | : ....... 150/- |
| ■ આરોગ્ય હેલ્થ ટીપ્સ | : ......... 100/- | ■ સાપસીડી | : ....... 250/- |

WhatsApp
99130 12120

Marengo Asia Hospitals

**Dr. Dhiren Shah**
MB, MS, Mch (CVTS), FICS
Director - Consultant Cardiac Surgeon
Director - Heart Transplant Programme and Mechanical Circulatory Support (MCS) Programme





**Service Offered :**
- CABG
- VALVE SURGERY
- HEART FAIURE SURGERY
- MINIMALLY INVASIVE HEART SURGERY (MICS)
- ROBOTIC SURGERY
- HIGH RISK HEART SURGERY
- HEART TRANSPLANT
- LUNG TRANSPLANT
- TAVI TAVR

**For Appointment : 1800 309 9999**
**OPD Co-ordinatar**
**Vipul Desai : +91-98795 66808**
**Clinical Co-ordinator**
**Sophy Patel : +91-99797 77655**
**Transplant Co-ordinator**
**Sunil Agrawal : +91-79843 40896**

Transplant OPD, 2nd Floor, Marengo Asia CIMS Hospital, CIMS Hospital Road, Panchamrut Bunglows II, Sola, Ahmedabad, Gujarat 380060.

**+91 9825575933** **dhiren.shah@cims.org** **www.dhrenshah.in**

**SAHAJ GASTRO & LIVER CLINIC**
4th Floor, 401, Anikedhya Capital 2, Mahalaxmi Five Road,
Opp. Badshah Dairy, Paldi, Ahmedabad, Gujarat 380007.

**Dr. Kaivan Shah**
MD (Medicine)
DM (Gastro Enterology & Hepatology) Gold Medalist

**• Timings •**
**Mon to Sat : 11:30 AM to 04:00 AM**
**Mon to Sat : 06:30 PM to 08:00 PM**

**Appointment : 8849320675, 079-48900882**

**Sunday Closed • The Clinic is open from 9:30 to 8:30**

Review : http://g.page/r/CbmPhq_2ihYMEA/review
Directions : http://g.co/kgs/NJsCwUt
Website : https://sahajgastro.in/

Like & Follow :
http://www.facebook.com/sahajgastro
http://www.instagram.com/sahajgastro/

Shailesh Mehta
Mo : 9427061996
7984472249

NAVKAR
T-A-X
CONSULTANCY

Income Tax Return and Audit

- GST Return
- ROC Work
- Loan
- Financial Planning
- Insurance
- Mutual Fund / SIP

202, Shoppers Plaza-4, Opp BSNL Exchange, C. G. Road
Ahmedabad-380009

Jay Jinendra

Ankit Shah
9512791651

SAMBHAV MEDICAL STORES
GOVERNMENT APPROVED DRUGGIST & CHEMIST

GF-3, Oasis Complex, Off. Ankur School, Fatehpura,
Paldi, Ahmedabad-380007.

Free Home Delivery on Medicines of
Rs. 1500/- Within 3 KM of Area

Upto
20% Discount on
Medicine On Purchase
of Rs. 1500/- & above

Kidney, Cancer, Diabetes, B.P. &
All Life Saving Medicines,
Surgical Items & Expensive Injections
are Available at Special Rate




# ડેન્ટોલ આઈકોન

મલ્ટી સ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક એન્ડ ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. સૂચી હિતેન્દ્ર શાહ (B.D.S., M.D.S.)

ડૉ. હિતેન્દ્ર એમ. શાહ (B.D.S., M.D.S.)

**ક્લિનિક ૧**

ઝલક કોમ્પ્લેક્ષ, પહેલો માળ, ભઠ્ઠા ચાર રસ્તા,
અંજલી ચાર રસ્તા પાસે, વાસણા, અમદાવાદ.
મો. ૬૩૫૨૩ ૧૫૪૭૮

**ક્લિનિક ૨**

૩, પાયલ પાર્ક સોસાયટી, ઈસ્કોન પ્લાઝાની સામે,
સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ, અમદાવાદ.
મો. ૯૫૧૨૩ ૪૦૩૦૩, ૯૫૧૨૩ ૪૦૩૦૫

# Sahjanand

Fracture & Orthopaedic Hospital

# સહજાનંદ ઓર્થોપેડિક હોસ્પિટલ

ડૉ. રાજેશ વી. પરીખ (M.S. Ortho)

સ્પાઈન અને સાંધાના રોગોનું નિદાન અને સારવાર

૩૦૧, સહજાનંદ પેલેસ, ગોપી રેસ્ટોરન્ટની ઉપર, રાહુલ ટાવરની સામે,
૧૦૦ ફૂટ આનંદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૬૯૩૦૮૦૯ • મો. ૯૮૨૫૩ ૫૪૧૮૩




# Ahmedabad Institute of Technology

**(NBA Accredited)**

**(AICTE Approved & GTU Affiliated)**



**21 Year of Academic Excellence**

**BE | BBA | BCA**

**ME | MBA | MCA**

**Diploma**

## COURSES OFFERED

**B.E. Programs**

- Computer Engineering
- Information Technology
- Artificial Intelligence and Machine Learning
- CSE (Cyber Security)
- CSE (Data Science)
- Automobile Engineering
- Mechanical Engineering
- Electronics & Communication Engg.
- Electrical Engineering
- Civil Engineering

**Diploma Programs**

- Computer Engineering
- Information Technology

**M.E. Programs**

- Mechanical Engineering
- Electrical Engineering
- Computer Engineering

**BBA, BCA, MBA, MCA**

Near Vasantnagar Township, Gota-Ognaj Road, Nr. S G Highway, Ahmedabad, Gujarat - 380060

**Ph. :** 024172411325, 9510900587 **E-mail :** admission@aitindia.in • info@aitindia.in **Website :** www.aitindia.in

## અન્ય સંસ્થાના સમાચાર

(અનુસંધાન : પાના નં. – ૪૮ ઉપરથી ચાલુ)

ઠરાવ રાજકોટ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમને મોકલી આપવામાં આવેલ છે અને ઠરાવ કર્યા પછી કાંતિભાઈ સાંખલા અને શીવજીભાઈ લીંબાણી તથા સુરતના ભાઈઓએ રાજકોટ સદ્‌ભાવના વૃદ્ધાશ્રમના પ્રમુખ શ્રી વિજયભાઈ અને તેમના અધિકારી અને કાર્યકરોની મુલાકાત લીધેલ છે અને ટૂંક સમયમાં આ કામ ચાલુ કરવામાં આવશે એવું જણાવેલ છે.

*કાંતિભાઇ સોમજીભાઈ સાંખલા - સુરત*

## શ્રી મુંદ્રા શહેર અને તાલુકા સમસ્ત જૈન સમાજ પ્રથમ ઐતિહાસિક સ્નેહ મિલન સમારોહમાં ભવ્ય અતિથિ ભવન બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો

મુંદ્રા શહેર અને તાલુકાના ૩૩ ગામોમાંથી સમસ્ત જૈન સમાજના ૧૫૦૦થી વધુ જ્ઞાતિજનો પધારી અવસરને મહોત્સવ બનાવ્યો અને સમાજની સંગઠન શકિત મજબુત બનાવવાનો તથા સમાજને ઉપયોગી કાર્યો કરવાનો સંકલ્પ લેવામાં આવ્યો.

આ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી શ્રી વિજયભાઈ છેડા (ચેરમેન - શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ) એ કાર્યક્રમની મહેનતને બિરદાવી અને સમાજના વિવિધ કામો માટે પૂર્ણ સહયોગ આપવાની ખાત્રી અને વિદેશમાં રહેતા જૈનોનું સંગઠન 'જૈના'ના માધ્યમથી પૂરેપૂરો સહકાર આપવાની ખાત્રી આપી હતી. અવસરના અમૂલ્ય અતિથિ પદેથી અદાણી પોર્ટના સી.ઈ.ઓ. રક્ષિતભાઈ ઉપસ્થિત માનવ મહેરામણ જોઈને ભાવવિભોર થઈ ગયા હતા અને કાર્યકર્તાઓની મહેનતને બિરદાવતા મંચસ્થ સર્વે મહાનુભાવોને તથા ઉપસ્થિત જ્ઞાતિજનોને કાર્યક્રમ માટે સ્ટેન્ડિંગ ઑવેશન આપી અને પોતાની લાગણીઓ વ્યકત કરી હતી. સાથે સમાજના કોઈપણ કાર્યમાટે અદાણી ગ્રુપના દરવાજા ૨૪ કલાક ખુલ્લા છે એવી ઉત્સાહભેર લાગણી વ્યકત કરી હતી.

અવસરના અતિથિશ્રીઓ શ્રી ભોગીલાલ મહેતા, શ્રી કોમલભાઈ છેડા, શ્રી રાજેશભાઈ કુબડિયા, શ્રી અનિલભાઈ ખોના, શ્રી શાંતિલાલભાઈ સાવલાએ પણ તમામ પ્રકારની સહકારની ખાત્રી સાથે સમાજને સંગઠિત કરવાના પ્રયાસને હૃદયપૂર્વક બિરદાવ્યું હતું. આ અવસરે કચ્છ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રેશ્માબેન ઝવેરીએ પણ ખૂબ જ પ્રેરણારૂપ સંબોધન કરી સમાજના કાર્ય માટે સદૈવ સહકાર આપવાની તત્પરતા બતાવી હતી.

આ અવસરનો શુભારંભ નિશાબેન સંઘવી અને સાથી કલાકારોના સંગાથે ગીત સંગીતના માધ્યમથી થયો. સન્માન સમારંભનો શુભારંભ કરતા માંગલિકના ઉચ્ચારો સાથે કરવામાં આવ્યું. ત્યારબાદ મહેમાનોનું સ્વાગત અને અવસરના પ્રસંગનો પરિચય શ્રી જીગરભાઈ છેડાએ ખૂબ જ પ્રતિબધ્ધતા અને પ્રેરણાત્મક્તા સાથે આપ્યું અને વિરાટ સંખ્યામાં પધારનાર જ્ઞાતિજનોને અવસરને યાદગાર બનાવવા બદલ અંતરભીના અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત અતિથિશ્રીઓ અને મહેમાનોનું શાલ, પાઘડી અને મોમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું. સંપૂર્ણ કાર્યક્રમનો પ્રેરણાત્મક રીતે સંચાલન શ્રી ધીરજભાઈ છેડા એકલવીરે કર્યું હતું. આભારવિધિ જયંતીભાઈ મામણિયા દ્વારા કરવામાં આવી હતી. આ અવસરે આ કાર્યના પાયાના પત્થર એવા અમૂલ્ય દાતાશ્રીઓ અનશન વ્રતધારી સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગશી છેડા પરિવાર હસ્તે. હંસાબેન તારાચંદભાઈ છેડા (કાંડાગરા, હાલે : ભુજ-કચ્છ) તથા અવસરના સવિશેષ દાતાશ્રી શ્રીમતી છાયાબેન વસંતભાઈ ડુંગરશી છેડા પરિવાર (રતાડિયા ગણેશ), માતુશ્રી ભાનુમતીબેન માવજીભાઈ મોરારજી દેઢિયા પરિવાર (મોટા કપાયા), શ્રી દિનેશકુમાર કાંતિલાલ મોરખીયા (ચુનરીમોલ પરિવાર થરાદવાલા) તથા અવસરના વિશેષ દાતાશ્રી પરીનભાઈ દિલીપભાઈ ગાલા-સાડાઉ (મહાવીર ગ્રુપ), શ્રી કરમશી વાઘજી ધરોડ પરિવાર (વાંકી)નો ઉમદા સહયોગ મળ્યો. તમામ દાતાશ્રીઓનું મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવ્યું.

આ અવસરે સમગ્ર કચ્છના જૈન સમાજના કાર્યકરોને વિવિધ હોદ્દા ઉપર જવાબદારી મળી એમનું પણ સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે મુંદ્રા તાલુકાના ૧૨ ગામોમાંથી એકમાત્ર જૈન સરપંચ કારાઘોઘાના શ્રીમતી નેહાબેન મુકેશ શેઠિયાનું સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે અવસરની શોભા

• શુભેચ્છા સહ •
વિશનજી ઉમરશી ગડા – કોડાય

વધારવા ખાસ પધારનાર શ્રી પ્રવીણભાઈ ગાલા (છસરા), શ્રી ભરતભાઈ ગોગરી (છસરા), શ્રી નીલેશભાઈ ધરોડ (વાંકી), શ્રી કેકિનભાઈ મહેતા (બારોઈ), ડૉ. કૌશિક શાહ (મુંદ્રા), શ્રી સંજયભાઈ ડગાળાવાળા (માંડવી), શ્રી કિરણ સંઘવી (માંડવી), શ્રી માવજીભાઈ ગાલા (કારાઘોઘા), શ્રી જયેશભાઈ વીરા (દેશલપર) સહિત અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિતિમાં પધારેલ, એમનું પણ સન્માન કરવામાં આવ્યું. સમાજના વિવિધ મહાજનોના અને વિવિધ સંપ્રદાયોના પદાધિકારીઓ બહોળી સખ્યામાં પરિવાર સહિત પધારેલ.

આ પ્રસંગે વિવિધ ગામોમાંથી સમાજના લોકો આવે એ માટે ગામે ગામથી વાહન વ્યવસ્થા રાખવામાં આવેલ અને એ માટે ગામે ગામના કાર્યકર્તાઓએ ખૂબ જ મહેનત કરી હતી. સાથે સાથે મુંદ્રા શહેર અને ૩૩ ગામોમાંથી ૧૨૫થી વધારે કાર્યકરોએ આ કાર્યને સફળ બનાવવા સતત ૧૫ દિવસથી મહેનત કરી એક કર્તવ્યબધ્ધ સ્વયં સેવકની પ્રતિભા ઉભી કરી હતી. યુવા કાર્યકર્તાઓએ પણ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો. સાંજે ૫ વાગ્યાથી શક્તિ નગરથી લઈ અને સુરભિ ગાર્ડન પધારવા માટે જૈન સમાજનો માનવ મહેરામણ ઉમટ્યો હતો, જે સમાજની ઈચ્છાભેર લાગણીઓના દર્શન થતા હતા. આ કાર્ય માટે અનેક નામી અનામી વ્યક્તિઓએ સહકાર આપેલ હતો. તે સર્વેનો આભાર.

## સંસ્થા પરિચય : કેર ફાઉન્ડેશન હોસ્પિટલ સેવાયજ્ઞનાં ૩૮ વર્ષ : માનવસેવાનો યજ્ઞ ચલાવતું કેર ફાઉન્ડેશન હોસ્પિટલ

બરાબર ૩૮ વર્ષ પહેલાં અમદાવાદના સુપ્રસિદ્ધ સેવાભાવી ડોક્ટર ભરતભાઈ ભગતને સોલા ભાગવત વિદ્યાપીઠના શ્રીનાથજીની પ્રેરણા પ્રાપ્ત થઈ અને તેમણે પોલિયોથી પીડિત એવાં બાળકોને નિઃશુલ્ક પોલિયો ઑપરેશન દ્વારા સાજાં કરીને તે બાળકોને સમાજમાં પોતાના આત્મવિશ્વાસ-સહ કેલિપરના સહારે હરતાં-ફરતાં સ્વતંત્ર કરી દેવાનો સંકલ્પ લીધો. તે સમયે ઘણા બધા સેવાભાવી મિત્રોનો સહકાર મળ્યો અને સંકલ્પને ઉજાગર કરવાનું શરૂ થયું. આ બધા સેવાભાવી મિત્રો જાણે છેલ્લા શ્વાસ સુધી સેવાસમર્પિત થયા.

શરૂઆત તેમના ભગત નર્સિંગ હોમથી કરવામાં આવી. સંકલ્પ હતો કે ન તો દર્દી પાસેથી રૂપિયો લેવો અને બધા તબીબો અને કાર્યકર્તાઓએ નિઃશુલ્ક સેવા આપવી. કાર્યની ધીરી અને મક્કમ શરૂઆત કરવામાં આવી. તે સાત વર્ષની સાતત્યપૂર્ણ નિઃશુલ્ક સેવાથી પ્રભાવિત થઈ તે સમયના શહેરના કમિશનર શ્રી પી. કે. ઘોષસાહેબે તરત જ મ્યુનિ. કોર્પો. સંચાલિત રાયપુર શામળાની પોળના નાકે આવેલા એક ત્રણ માળના પ્રસૂતિગૃહનો આ સેવા માટે રૂા. ૧૦૦/- પ્રતિવર્ષે ભાડાના ઠરાવી ઉપયોગ કરવા સૂચવ્યું. જેનો વહીવટી પાંખ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો અને વધુ ને વધુ પોલિયોનાં ઑપરેશન થતાં ગયાં. સૌ કોઈ શહેરીજનો વતી આ કમિશનર ઘોષસાહેબને અભિનંદન આપીએ તેટલાં ઓછાં.

સમય પસાર થતો રહ્યો અને દરમિયાન અમદાવાદની આજુબાજુનાં તલોદ, સિધ્ધપુર અને ડીસા જેવાં અનેક ગામોમાં ઉપરાંત ઉના, માણાવદર કે રૂષિકેશ જેવાં દૂરનાં અનેક ગામોમાં રજાઓ દરમિયાન એકસો પાંસઠથી વધુ નિઃશુલ્ક પોલિયો કેમ્પ અસંખ્ય બાળકોના ઉત્થાન માટે ત્યાંની લાયન્સ કે રોટરી ક્લબોના સહયોગથી કરવામાં આવ્યાં. સન ૧૯૯૬ના વર્ષમાં કેન્દ્રીય સરકારે 'પોલિયો નાબૂદી'ની ઝુંબેશ શરૂ કરી અને તેને યોગ્ય સફળતા મળી. તે સમય દરમિયાન જેમને ખરેખર જરૂર છે તેવા 'સેરેબ્રલપાલ્સી'વાળાં બાળકો માટે વણથંભ્યો સેવાયજ્ઞ ચાલુ રાખવા સંમતિ સધાઈ અને તે મુશ્કેલ લાગતી સેવાઓ પણ શરૂ કરવામાં આવી.

૨૦૦૭ના વર્ષમાં ઔડાએ પોલિયો ફાઉન્ડેશનની અતિ સફળ નિઃસ્વાર્થ કામગીરી જોઈને વેજલપુર વિસ્તારમાં જીવરાજ મહેતા હોસ્પિટલની પાસે ૫,૫૦૦ વારનો પ્લોટ વિનામૂલ્યે સમર્પિત કર્યો. અહીં અદ્યતન બાંધકામવાળી ત્રણ માળની ૮૦,૦૦૦ સ્કેવર ફૂટની હેલ્થ એન્ડ કેર ચેરીટેબલ હોસ્પિટલ કાર્યવંત થઈ છે. જેનું ઉદ્‌ઘાટન પરમ પૂજ્ય મોરારિબાપુએ વર્ષ ૨૦૧૦માં કર્યું હતું. તે સમયે દાતાઓએ લાખ્ખો રૂપિયાના દાનનો ધોધ વહાવી દીધો હતો અને ત્યારબાદ નિઃસ્વાર્થ સેવાની આ કામગીરી અદ્‌ભુત વેગથી આગળ ને આગળ વધવા માંડી છે. પોલિયો ફાઉન્ડેશનના નામથી શરૂ થયેલી લગભગ મોટા ભાગની મેડિકલ સુવિધા ધરાવતી આ ચેરીટેબલ

Shailen Vijaysen Shah
M. 98240 01166
SPACE UNLIMITED
REAL ESTATE CONSULTANT
DEALING IN PALDI AREA

હોસ્પિટલનું નવું નામ હવે 'હેલ્થ એન્ડ કેર ચેરીટેબલ હોસ્પિટલ' આપવામાં આવ્યું છે.

★ આંખના વિભાગમાં તેને લગતી બધી સમસ્યાનું નિવારણ કરવામાં આવે છે. તે ઉપરાંત જન્મજાત હાથપગની ખોડવાળાં બાળકોની નિઃશુલ્ક સર્જરી.

★ ROP પ્રોજેક્ટ દ્વારા પ્રિ-મેચ્યોર બેબીના રેટીનાની તપાસ કરી જરૂરી જણાય તેવાં બાળકોની સારવાર કરી અંધત્વ અટકાવવામાં આવે છે.

★ સ્ત્રીઓ માટે સ્તન કેન્સરના નિવારણ માટે ઑપરેશન અને બધી સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે.

★ બાળકોને ખૂંધનાં ઓપરેશન ખૂબ જ નજીવી કિંમતે કરી આપવામાં આવે છે.

★ ડાયાબિટીસ માટે જાગૃતિ, તપાસ અને સારવાર.

★ બીજા અન્ય મેડિકલ વિભાગો સંપૂર્ણપણે કાર્યરત છે. ઉપરાંત અનેકવિધ મેડિકલ શાખાઓનાં ઓપરેશન દ્વારા દર્દીની સારવાર કરવામાં આવે છે. દરરોજ સવારે ૧૦ થી ૧૨માં ૪૦૦ થી ૫૦૦ દર્દીઓની ઓપીડી કરવામાં આવે છે.

સમાજના વયસ્ક નાગરિકો રોજ અહીં બપોરે ભેગા મળીને પોતાની વૃદ્ધાવસ્થાને ઉજાળી રહ્યા છે તો યુવાનો માટે યોગ અને કસરતનો વિભાગ આકર્ષક હેતુલક્ષી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટુડન્ટ્સને વાંચવા માટે બે મોટા ઍરકન્ડિશન્ડ રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે જેનો સારો ઉપયોગ થઈ રહ્યો છે.

ડૉ. ભરતભાઈ ભગતની કુશાગ્ર દીર્ઘદૃષ્ટિ અને સતત નિગરાની તથા વડપણ નીચે ટ્રસ્ટીગણ, લગભગ ૬૦ સ્પેશિયાલિટી ડૉક્ટર સાહેબો, ૧૦૦ સ્ટાફ મેમ્બર્સ અને સલાહકાર મંડળ સાથે અદ્ભુત સેવાયજ્ઞ અહીં થઈ રહ્યો છે. સદ્‌ગૃહસ્થ દાતાઓ અને ગુજરાત રાજ્યના સહકારથી લગભગ નિઃશુલ્ક અગર ખૂબ જ ઓછી કિંમતે સતત કામગીરી થઈ રહી છે. આ અવિરત સેવાયજ્ઞ હવે દેદીપ્યમાન બની ચૂક્યો છે.

વાચકમિત્રોને પોતાનાં દર્દી-આપ્તજનો સહિત આ ચેરીટેબલ હૉસ્પિટલનો લાભ લેવા ખાસ અનુરોધ છે.

આ સંસ્થાના ઉદયથી લઈ આજ સુધી સક્રિય રહી સેવાની જે તક મને મળી રહે છે તે મારા જીવન માટે ધન્યતા બક્ષનારી છે.

*સર્વજ્ઞ ગોડીઆવાલા - અમદાવાદ*
*મો. : ૯૩૨૭૦ ૦૮૭૪૪*

## સમગ્ર ભારતભરમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી

*આ કલ્યાણક માત્ર એક જન્મોત્સવ નથી પરંતુ સમગ્ર માનવજાત માટે શાંતિ, અહિંસા અને સદાચારના સંદેશો આપતો પવિત્ર તહેવાર છે.*

*– મુનિ નયશેખર મહારાજ સાહેબ*

સમગ્ર ભારતભરમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી થઈ હતી. આ ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના અવસરે પ.પૂ. મુનિરાજશ્રી નયશેખર મહારાજ સાહેબે મહાવીર જન્મ કલ્યાણકનો મહિમા બતાવતા કહેલ કે જૈન ધર્મમાં તીર્થંકરોના જીવનના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રસંગોને 'પંચ કલ્યાણક' કહેવામાં આવે છે. તેમાં પ્રથમ અને અતિ પવિત્ર પ્રસંગ છે – મહાવીર જન્મ કલ્યાણક. આ દિવસ ભગવાન મહાવીરના જન્મની પવિત્ર યાદમાં ઉજવાય છે. આ કલ્યાણક માત્ર એક જન્મોત્સવ નથી પરંતુ સમગ્ર માનવજાત માટે શાંતિ, અહિંસા અને સદાચારનો સંદેશો આપતો પવિત્ર તહેવા છે.

જન્મનો દિવ્ય પ્રસંગ : ભગવાન મહાવીરનો જન્મ ઈ.સ. પૂર્વે ૫૯૯માં કુંડલપુર ખાતે થયો હતો. તેમના પિતા સિધ્ધાર્થ રાજા અને માતા ત્રિશલા રાણી હતા. ભગવાન મહાવીરના જન્મ પહેલાં માતા ત્રિશલાએ ૧૪ સ્વપ્નો જોયા હતા. જે દર્શાવતા હતા કે એક મહાન આત્મા જન્મ લેવા જઈ રહ્યો છે. આ સ્વપ્નોનો મહિમા જૈન શાસ્ત્રોમાં વિશેષ રીતે વર્ણવાયો છે. ભગવાન મહાવીરના જન્મ સમયે સમગ્ર જગતમાં આનંદની લહેર ફેલાઈ હતી. દેવતાઓએ પણ આ પ્રસંગે ઉત્સવ મનાવ્યો હતો અને ઈન્દ્રે ભગવાનનું અભિષેક કર્યું હતું. આથી આ પ્રસંગને 'જન્મ કલ્યાણક' તરીકે વિશેષ મહિમા મળ્યો છે. મહાવીર જન્મ કલ્યાણક માત્ર ઐતિહાસિક ઘટના નથી પરંતુ આધ્યાત્મિક જાગૃતિનું પ્રતીક છે. ભગવાન મહાવીરે સમગ્ર

શુભેચ્છા સહ...
મનીષ આર. સાવલા
અરિહંત ઇન્ડસ્ટ્રીઝ, વટવા, અમદાવાદ.

જગતને 'અહિંસા પરમો ધર્મ'નો ઉપદેશ આપ્યો. તેમણે બતાવ્યું કે સત્ય, અહિંસા, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવા સિદ્ધાંતોને અપનાવીને આત્માનું કલ્યાણ શક્ય છે. તેમના જીવનમાંથી આપણે શીખીએ છીએ કે દરેક જીવમાં આત્મા સમાન છે. કોઈ પણ પ્રાણી પર હિંસા કરવી પાપ છે. ક્ષમા, દયા અને કરુણા જીવનના મૂળ આધાર છે. ઉજવણી અને પરંપરા મહાવીર જન્મ કલ્યાણકના દિવસે જૈન સમાજમાં ખૂબ ભક્તિ અને ઉત્સાહ જોવા મળે છે. દેરાસરોમાં વિશેષ પૂજા પૂજન, અનુષ્ઠાન, અભિષેક, આંગી, મહાપૂજા અને આરતી કરવામાં આવે છે. ભગવાન મહાવીરની રથયાત્રાનું પણ આયોજન થાય છે. જેમાં ભક્તો ભજન-કીર્તન સાથે ભાગ લે છે. આજના દિવસે ભાવિકો ઉપવાસ, એકાસણા આદિની તપસ્યા કરે છે. સાથે સાથે જીવદયા, ગરીબોને ભોજન અને વસ્ત્રદાન કરે છે. પક્ષીઓ અને પ્રાણીઓ માટે પાણી અને અન્નની વ્યવસ્થા કરાય છે. આ બધા કાર્યો ભગવાન મહાવીરના ઉપદેશોને જીવનમાં ઉતારવાનો પ્રયાસ છે, જે અંધકારમાં પ્રકાશ આપે છે. આજના દિવસે આપણે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે 'અમે અહિંસા, સત્ય અને દયાના માર્ગ પર ચાલીને આપણા જીવનને પવિત્ર બનાવીએ. ■

# નિવૃત્તિ પછીના ખુશહાલ અને સ્વસ્થ જીવન માટેની ૩૬ ભલામણોની યાદી

***આ એક નિવૃત્તિ પછીના ખુશહાલ અને સ્વસ્થ જીવન માટેની ૩૬ ભલામણોની યાદી છે. જેને પ્રખ્યાત કંપનીના HR વિભાગ દ્વારા જાહેર કરાયું છે.***

૧. એકલા પ્રવાસ ન કરવો.
૨. જીવનસાથી સાથે પ્રવાસ કરવો.
૩. પીક કલાકોમાં બહાર ન જવું.
૪. વધુ વ્યાયામ કે ચાલવાનું ટાળવું.
૫. વધુ વાંચન, મોબાઈલનો ઉપયોગ કે ટીવી જોવાનું ટાળવું.
૬. દવાઓ વધુ ન લેવી.
૭. સમયસર ડૉક્ટર પાસે જવું અને દવાઓ નિયમિત લેવી.
૮. નિવૃત્તિ પછીની પ્રોપર્ટી ડીલિંગ ટાળવી.
૯. હંમેશાં તમારું ID અને મહત્ત્વના ફોન નંબર સાથે રાખો.
૧૦. ભૂતકાળ ભૂલી જાવ અને ભવિષ્ય વિશે વધારે ચિંતા ન કરવી.
૧૧. તમારા શરીરને અનુરૂપ ખાવાનું ખાઓ અને ધીમે ધીમે ચાવો.
૧૨. બાથરૂમ અને ટોઇલેટમાં સાવચેત રહો.
૧૩. ધૂમ્રપાન અને દારૂનું સેવન ટાળવું. તે નુકસાનકારક છે.
૧૪. તમારી સિદ્ધિઓ અંગે ઘમંડ ન કરવો.
૧૫. નિવૃત્તિ પછી થોડા વર્ષો માટે મુસાફરી કરવી. પરંતુ પછી ભીડવાળા સ્થળોથી દૂર રહેવું.
૧૬. તમારી સંપત્તિ અને મિલકત અંગે બીજાઓ સાથે ચર્ચા ન કરવી.
૧૭. તમારી ક્ષમતા અને સ્વાસ્થ્ય મુજબ વ્યાયામ ફરવો.
૧૮. ઊંચા બ્લડપ્રેશર અથવા હૃદયની સમસ્યાઓ હોય તો શીર્ષાસન અને કપાલભાતિ ટાળવું.
૧૯. હંમેશાં સકારાત્મક રહેવું અને વધુ લાગણીઓ ટાળવી.
૨૦. ખાધા પછી તરત સૂવું નહીં.
૨૧. બીજાઓને પૈસા ઉધાર ન આપવા.
૨૨. નવી પેઢીને અનિચ્છિત સલાહ ન આપવી.
૨૩. બીજાના સમયનો આદર રાખવો.
૨૪. જો જરૂરી ન હોય તો વધુ કમાવાની કોશિશ ન કરવી.
૨૫. રાત્રે સારી ઊંઘ માટે દિવસ દરમિયાન ઊંઘવાનું ટાળવું.
૨૬. તમારું પોતાનું સ્થાન રાખો અને બીજાની ગોપનીયતાનો આદર રાખો.
૨૭. વસીયત બનાવો અને જીવનસાથી સાથે તેની ચર્ચા કરો.
૨૮. નિવૃત્તિ પછીની બચત નવી પેઢીને ન આપવી.
૨૯. વરિષ્ઠ નાગરિકોના જુથમાં જોડાઓ, પણ વિવાદ ટાળવો.
૩૦. જો ઊંઘ ન આવે તો બીજાને તકલીફ ન દો.
૩૧. ઝાડ પરથી ફૂલો ન તોડો.
૩૨. રાજકીય ચર્ચા ન કરવી અથવા વિપરીત મતો સ્વિકારવા માટે તૈયાર રહો.
૩૩. તમારી તંદુરસ્તી અંગે સતત ફરિયાદ ન કરવી.
૩૪. જીવનસાથી સાથે ઝઘડા ન કરવા. તે તમારો મુખ્ય આધાર છે.
૩૫. આધ્યાત્મિક કાર્યક્રમોમાં હાજરી આપો પરંતુ અંધ અનુયાયી ન બનવું.
૩૬. હંમેશાં સ્મિત સાથે તણાવમુક્ત જીવન જીવો.

આ પોસ્ટ, જે નેશનલ સિનિયર સિટીઝન્સ વેલફેર એસોસિએશન ઓફ ઇન્ડિયા દ્વારા વહેંચવામાં આવી છે, જે દરેક માટે ખૂબ જ ઉપયોગી છે. કૃપા કરીને તે વાંચો, સમજો અને અનુસરો. ■

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૧૦૦

### શ્રી માંડવગઢ તીર્થ
### (શ્રી સુપાર્શ્વનાથ ભગવાન)



ઇંદોર રેલવે સ્ટેશનથી ૮૮ કિ.મી. દૂર અને ધાર ગામથી ૩૩ કિ.મી. દૂર આવેલા વિંધ્યાચલ પર્વતના એક ઊંચા શિખર પર આવેલા માંડવ દુર્ગના વિશાળ કોટની અંદર આ તીર્થ આવેલું છે. એ માંડુના નામે પણ ઓળખાય છે. આ માંડુ અત્યંત પ્રસિદ્ધ પ્રાચીન સ્થળ હોવાથી અહીં પ્રાચીનકલાના અસંખ્ય અવશેષો જોવા મળે છે. મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની શ્વેત વર્ણની ૯૧.૪ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. આ પ્રતિમા ૧૪મી સદીથી પણ પ્રાચીન છે. એમ કહેવાય છે કે એક સમયે અહીં ૭૦૦ જિનાલય હતા અને છ લાખથી અધિક જૈનોની વસ્તી હતી. અહીં લોકોમાં સાધર્મિક વાત્સલ્ય એટલું બધું હતું કે અહીં જે કોઈ જૈન નવો રહેવા આવતો, તેને પ્રત્યેક જૈન ઘર દ્વારા એક સુવર્ણ મુદ્રા અને એક ઇંટ આપવામાં આવતી હતી. ઈ.સ. ૧૩મી સદીથી ૧૭મી સદી દરમિયાન માંડવગઢમાં અનેક પ્રભાવશાળી જૈન મંત્રીઓ અને શ્રાવકો થયા. મંત્રી પેથડશાહ, ઝાંઝણશાહ, પૂંજરાજ, મુંજરાજ, ઉપમંત્રી, મંડન, ગોપાલ, ખજાનચી સંગ્રામ સોની, દીવાન જીવન, શ્રાવક જાવડશાહ વગેરેએ પોતાની અઢળક સંપત્તિનો ઉપયોગ કરીને અનેક મંદિરો બંધાવ્યા હતા. ઘણા યાત્રાસંઘ કાઢ્યા હતા અને એ રીતે જૈન ધર્મની અસીમ પ્રતિષ્ઠા વધારી હતી. પેથડશાહ દ્વારા શ્રી ધર્મઘોષ સૂરિજીના આગમન સમયે આ નગરીને ભવ્ય રીતે શણગારવામાં આવી હતી. ઝાંઝણશાહે કાઢેલો શત્રુંજયનો યાત્રાસંઘ, મંડન ઉપમંત્રીએ રચેલા ગ્રંથો, શ્રી સંગ્રામ સોનીએ સુવર્ણાક્ષરે લખાવેલાં આગમો અને જાવડશાહની ધાર્મિકતા અને ઉદારતાનો ઇતિહાસ માંડવગઢ તીર્થમાં સંભળાય છે. આ જ કોટની અંદર શ્રી શાંતિનાથ ભગવાનનું નીચા ઘાટનું પણ રમણીય મંદિર છે. એની ભમતિની રચના સુંદર છે.

## તીર્થ દર્શન-૧૦૧


### શ્રી ભાંડુક (ભદ્રાવતી) તીર્થ
### (શ્રી કેસરિયા પાર્શ્વનાથ ભગવાન)



ભદ્રાવતી ગામની પાસે વિશાળ બગીચાની વચ્ચે આવેલા આ તીર્થમાં મૂળનાયક સ્વપ્નદેવ શ્રી કેસરિયા પાર્શ્વનાથ ભગવાનની શ્યામ વર્ણની ૧૫૬ સે.મી. ઊંચી અર્ધ પદમાસનસ્થ પ્રતિમા મળે છે. અહીંથી મળતા પ્રાચીન અવશેષો એમ દર્શાવે છે કે આ તીર્થ ઘણું જ પ્રાચીન હોવું જોઈએ. પરંતુ તે કેટલું પ્રાચીન છે તે હજી જાણી શકાયું નથી. ગઈ સદી સુધી આ શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનો અડધો ભાગ જમીનમાં દટાયેલો હતો અને તેથી લોકો એમને કેસરિયાબાબા કહેતા. એમને ભક્તિથી સિંદૂર ચડાવતા હતા. આ પછી શ્વેતાંબર જૈન સંઘોએ સરકાર પાસે રહેલા આ તીર્થની માંગણી કરતાં સરકારે આ તીર્થ શ્રી સંઘને સોંપ્યું અને શ્રી સંઘે આ તીર્થનો ફરી જીર્ણોધ્ધાર કરાવ્યો. વિ.સં. ૧૯૬૬ના મહા સુદ-૫ ના દિવસે શ્રી અંતરીક્ષ તીર્થના મેનેજર શ્રી ચતુર્ભુજભાઈને એક સ્વપ્ન આવ્યું. એમાં નાગદેવતાના દર્શન થયા અને આ તીર્થનો ઉદ્ધાર કરવાનો આદેશ મળ્યો. શ્રી ચતુર્ભુજભાઈએ આ સ્થળની શોધ ચલાવી અને એમને ભ્રમણ કરતાં આ તીર્થસ્થાન મળી ગયું. એમણે આખીયે વાત ચાંદાના શ્રી સંઘને કરી અને શ્રી સંઘે આ તીર્થનો કારભાર સરકાર પાસેથી લઈને પોતાના હાથમાં લીધો. આ દિવસથી આ તીર્થના પ્રભુને શ્રી સ્વપ્નદેવ કેસરિયા પાર્શ્વનાથ ભગવાન કહેવા લાગ્યા. અહીંથી પ્રાપ્ત થતી જિનપ્રતિમા પર વિ.સં. ૧૧૩૩નો લેખ મળે છે. અહીં દર વર્ષે માગશર વદ દસમે મેળો ભરાય છે ત્યારે દૂર દૂરથી અનેક શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત અહીં આદિશ્વર ભગવાનનું મંદિર અને ગુરૂમંદિર પણ આવેલા છે. આ તીર્થનો જીર્ણોધ્ધાર પાછો વિ.સ. ૨૦૬૦-૬૧ આસપાસ થયેલ છે. આ તીર્થ નાગપુરથી ૧૨૦ કિ.મી. દૂર છે. રહેવાની અને ભોજનશાળાની સગવડ છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# વૅકેશનમાં ભારતના પ્રવાસ માટે માર્ગદર્શન આપતું સાહિત્ય










## તીર્થપ્રવાસ

| | | |
|---|---|---|
| કૈલાશના સાંનિધ્યમાં | શ્યામકુમાર ભાનુપ્રસાદ સોનાર | 350 |
| અવાક્ (કૈલાસ-માન સરોવર) | ગગનગિલ, અનુ. દીપક રાવલ | 375 |
| બૌદ્ધ દેશ શ્રીલંકા પ્રવાસ | ભીખાભાઈ અમીન | 120 |
| પશ્ચિમ બંગાળ મારી નજરે | સ્વામી સચ્ચિદાનંદ | 130 |
| કાશી-અયોધ્યાની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 100 |
| હરિદ્વારની યાત્રા | સ્વામી સચ્ચિદાનંદ | 90 |
| બોધગયામાં નેત્રશ્રાદ્ધ | સ્વામી સચ્ચિદાનંદ | 170 |
| હિમાલયનાં ચાર ધામ | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| હિમાલયના હીંડોળે | સ્વામી સચ્ચિદાનંદ | 150 |
| અમારી અધૂરી નર્મદા પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 125 |
| નર્મદાજીની અધૂરી યાત્રા પૂરી થઈ | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| અમારી નર્મદા-પરિક્રમા | સ્વામી સચ્ચિદાનંદ | 180 |
| રામાનુજ પ્રતિમાદર્શન | સ્વામી સચ્ચિદાનંદ | 60 |
| અમરનાથયાત્રાનાં સંસ્મરણો | હરીશ ત્રિવેદી | 115 |

## અન્ય પ્રવાસ

| | | |
|---|---|---|
| ચાલો, ગુજરાતના પ્રવાસે | પ્રવીણ શાહ | 500 |
| નગરયાત્રા | યશવંત મહેતા | 300 |
| દો કદમ હમ ભી ચલેં (પુરસ્કૃત) | મહેબૂબ દેસાઈ | 85 |
| પ્રવાસન : સિદ્ધાંત અને વ્યવહાર | મહેબૂબ દેસાઈ | 150 |
| સ્વાગતમ્ ગુજરાત | રજની વ્યાસ | 380 |

## વિદેશમાં પ્રવાસનું સાહિત્ય

### ભારતી રાણે

| | |
|---|---|
| સાકુરા સંગાથે | 170 |
| હિમાગ્નિનો વિસ્મયલોક | 170 |
| ઉજાસનો પ્રવાસ (ઉત્તરધ્રુવ) | 180 |
| રણ તો રેશમ રેશમ (સિલ્કરૂટના દેશો - ઉઝબેકિસ્તાન અને જોર્ડનનો પ્રવાસ) | 170 |

### વિનોદ ભટ્ટ

| | |
|---|---|
| અમેરિકા એટલે (હળવી શૈલીમાં) | 100 |

### રતિલાલ બોરીસાગર


| | |
|---|---|
| ત્રણ અઠવાડિયાં અમેરિકામાં (હળવી શૈલીમાં) | 250 |


### ફોરમ ગોર

| | |
|---|---|
| મારી અલગારી સહેલગાહ [દેશ-વિદેશયાત્રાઓની રસપ્રદ અને માહિતીપ્રદ વિગતો] | 180 |

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| શ્રીલંકાની સફરે | 130 |
| નેપાળયાત્રા | 130 |
| મોરેશિયસ અને દુબઈનો પ્રવાસ | 100 |
| સિક્કિમ અને ભુતાનનો પ્રવાસ | 150 |
| આફ્રિકા પ્રવાસનાં સંસ્મરણો | 200 |
| પૃથ્વી-પ્રદક્ષિણા (પુરસ્કૃત) | 350 |




## દરિયાકિનારાના પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| લક્ષદ્વીપ પ્રવાસ | 65 |
| ગોવાપ્રવાસ | 40 |
| રાષ્ટ્રીય તીર્થ આંદામાન | 125 |
| આંદામાનનો પ્રવાસ (સાધ્વી સમર્પણાદેવી તીર્થ, લાભુભાઈ લખાણીની સાથે) | 70 |

## પર્વતીય પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| લેહ, લદ્દાખ, કારગિલ, કાશ્મીર | 80 |
| કૌસાની, રાણીખેત અને નૈનિતાલનો ઊડતો પ્રવાસ | 45 |

### જયંતી ડી. શાહ

| | |
|---|---|
| નયનરમ્ય નૈનીતાલ | 70 |
| મહાબળેશ્વર | 60 |

### રમણ સોની

| | |
|---|---|
| હિમાલય અને હિમાલય (પુરસ્કૃત) | 200 |

## ઐતિહાસિક પ્રવાસ

### સ્વામી સચ્ચિદાનંદ

| | |
|---|---|
| બીજાપુરથી નાંદેડ | 60 |
| હમ્પી, વેલૂર અને હળેબીડૂ પ્રવાસ | 50 |
| પૂર્વની સાત બહેનો | 110 |
| તાલિમનાડુની યાત્રા | 100 |
| સ્થાપત્ય અને શૌર્યની ભૂમિ રાજસ્થાન | 300 |
| પટના અને પન્ના | 60 |

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિ-સ્થાનો

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

# નવકાર જાપ : વિશ્વશાંતિ

વસંત 'કચ્છ કેસરી'

તા. ૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ, અંદાજે ૯૦ મિનિટના સમય માટે, સમગ્ર વિશ્વમાં નવકાર મહામંત્રના સમૂહ જાપના અનુસ્થાન, જૈન ધર્મના આચાર્યોના આહવાન રૂપે આયોજિત થયા! શક્ય છે કે કેટલાક જૈનો, કોઈ અગમ્ય કારણોને લીધે, આ અનુસ્થાનમાં જોડાઈ શક્યા ન હોય પણ બહુતેક જૈન સમુદાયો ખૂબ શ્રદ્ધાપૂર્વક આ અભિયાનમાં ચોક્કસ જોડાયા!

આવા અભિયાન વર્ષમાં એક દિવસ માટે જ કેમ? વિશ્વની હાલની અશાંત અને યુદ્ધની પરીસ્થિતિના નિવારણ માટે આ સમૂહ જાપનું દોઢ કલાક સુધીના સમય માટે આયોજન થયું એમ કહેવાય છે. જો ખરેખર વિશ્વ શાંતિ માટે આ ગોઠવાયું હોય તો, ફક્ત એક દિવસના સમૂહ જાપના સ્પંદનો, સમગ્ર જગતની રાજકીય અશાંત અને આક્રમક મનોદશાને કેટલા પ્રમાણમાં અંકુશિત કરી શકે? વિશ્વમાં કોઈ ને કોઇ દેશ અવિરત આપસમાં લડતા જ હોય છે, ત્યારે આવા પવિત્ર નવકાર મહામંત્રના સમૂહ જાપના સ્પંદનો અવિરત ફેલાતા રહે એવું અભિયાન આયોજિત થાય તો જ વિશ્વના દેશોમાં, રાજકીય તથા પ્રજાકીય દ્વેષપૂર્ણ આક્રમકતા શાંત પાડી શકાય!

જૈનો માટે નવકાર મહામંત્ર અતિ પ્રભાવિત અને પવિત્ર મંત્ર છે. તેવી જ રીતે સમગ્ર હિંદુ સનાતન ધર્મના શાસ્ત્રો અનુસાર ગાયત્રી મંત્ર એટલો જ પ્રભાવિત અને પવિત્ર છે, જેના જાપથી પણ ઉત્પન્ન થતા સ્પંદનો, મન અને આત્માને શાંતિની અનુભૂતિ કરાવે છે. ફક્ત મનની એકાગ્રતા જરૂરી છે.

હવે આવા લાંબા સમૂહ જાપ નિરંતર અથવા અવારનવાર કરવા શક્ય ન હોય એ સ્વાભાવિક છે. ઘણા જૈનો સવારે નિયમિત પ્રભુ દર્શન, પૂજા વગેરે કરે જ છે. તેમ છતાં કેટલાક જૈનો શારીરિક નબળાઈ, આર્થિક, કૌટુંબિક અને સામાજિક સમસ્યાઓને કે સમયના અભાવે કે અન્ય કોઇ કારણે દર્શન/પૂજાનો લાભ નથી લઈ શકતા.

ઈસ્લામ ધર્મના નિયમ મુજબ, દરેક મુસ્લિમ અનુયાયીઓ પ્રતિ દિવસ પાંચ નમાજ પઢે, શક્ય ન થાય તો એક નમાજ પઢે, એ પણ શક્ય ન હોય તો દર શુક્રવારે તો મસ્જિદમાં જઈ અવશ્ય નમાજ પઢે જ! તેવી રીતે ઇસાઈ ધર્મના પ્રત્યેક અનુયાયીઓ દર રવિવારે યથાશક્તિ અનુકૂળતા મુજબ દેવળમાં જઈ પ્રાર્થના અવશ્ય કરે.

આવો નિયમ કે અભિગ્રહ જૈન કે હિંદુ સનાતન ધર્મના બધા અનુયાયીઓ ધરાવતા નથી. શું કારણ હોઈ શકે એ ખબર નથી! ખેર, જે હોય તે!

વિશ્વની હાલની અશાંત અને લડાયક સ્થિતિ, જાનમાલની ખુવારી, માનવ સમાજ માટે નિર્મિત થયેલી અસહ્ય સ્થિતિ વગેરેના સંદર્ભમાં, આજે સર્વ ધર્મની પ્રજાએ, વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરવી અનિવાર્ય બની છે. જૈન ધર્મીઓ માટે એક સૂચન કરી શકાય : દરેક જૈન ધર્મી, ધર્મમાં અને નવકાર મહામંત્રના પ્રભાવમાં વિશ્વાસ ધરાવતા હોય એ નિઃશંક બાબત છે. તો દરેક જૈન ધર્મી શ્રાવક-શ્રાવિકા, સર્વ સાધુ/સાધ્વી સમુદાય પ્રતિદિન સવારે ઠીક ૮ વાગે, હાલતાં ચાલતાં, ખાતાપિતા, ઘરે કે રસ્તામાં, જ્યાં અને જે સ્થિતિમાં હોય, ત્યાં સ્થિર થઈ એક, બે કે ત્રણ નવકાર, મનમાં સ્મરણ કરી ગણે જ!

એક ઉચ્ચ સ્થાને બિરાજતા જૈન મહાત્માના કહેવા મુજબ, નવકાર મહામંત્રનું મનમાં સ્મરણ ચોવીસ કલાક, કોઈપણ સ્થિતિમાં, ક્યારે પણ, કરી શકાય. આ મંત્ર એટલો પવિત્ર છે કે કોઈ પણ સંજોગોમાં એ અપવિત્ર થઈ શકે જ નહીં.

તેવી જ રીતે દરેક હિંદુ સનાતની ધર્મી વ્યક્તિ સવારે ઠીક ૮ વાગે, જ્યાં પણ અને જે સ્થિતિમાં હોય, ત્યાં ફક્ત ત્રણ વાર ગાયત્રી મંત્રની પ્રથમ પંક્તિની, મનમાં ભાવના ભાવે. જૈન કે હિંદુ સનાતની ધર્મી માટે રોજ સવારે ઠીક ૮ વાગે, ફક્ત એક કે બે મિનિટનો સમય આપવો પડે! આવી રીતે પ્રતિદિન, સમૂહમાં થતી પ્રાર્થનાથી નિર્મિત થતા સ્પંદનો, વિશ્વ શાંતિ માટે ચોક્કસ પ્રભાવ પાડી શકે.

ઈસ્લામ અને ઇસાઇ ધર્મના નિયમો મુજબ, આજે જૈનો અને હિંદુ ધર્મીઓ પણ વિશ્વ કલ્યાણ અને શાંતિ માટે તેમજ પોતાના આત્મશ્રેય માટે આટલું તો અવશ્ય કરી શકે.

***છેલ્લે એક આડ વાત...***

તેલંગાણા રાજ્યમાં એક સાધારણ કક્ષાના ગામમાં, વર્ષોથી, એક નિયમ એવો છે કે રોજ નિયમિત સાંજે સાત વાગે એક સાયરન વાગે (જેના અવાજના પ્રસારણ માટે આખા ગામમાં યોગ્ય જગ્યાએ લાઉડસ્પીકર મૂકવામાં આવ્યા છે) અને રાષ્ટ્રગીત વાગે, ત્યારે દરેક ગ્રામવાસી જ્યાં પણ હોય, જે સ્થિતિમાં હોય, શિસ્તબદ્ધ રીતે સ્થિર થઈ જાય, રસ્તા પરનો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૬૦ ઉપર)

લઘુકથા

## માણેક બા

પ્રભુલાલ એમ. સંઘવી

આજે એક અનુભવી સિદ્ધ માણેકબાની વાત આપણે અહીં કરવી છે.

માણેકબા ગર્ભ શ્રીમંત પતિના અવસાન બાદ એકલા થઈ ગયા. સંતાન હતા નહીં. પણ માણેકબા પતિનો વ્યવસાય સુપેરે સંભાળતા હતા. માણેકબા બહુ ભણેલા ન હતા, પણ ગણેલા હતા. તેમની કોઠાસુઝ ગજબની હતી અને પોતે સ્નેહાળ તો એવા કે ન પૂછો વાત! જેટલો સ્નેહપૂર્ણ વ્યવહાર પીયરિયા સાથે રાખે, તેટલો જ સ્નેહપૂર્ણ સંબંધ સાસરીયા સાથે રાખે. આથી સૌ સંબંધીઓને માણેકબા માટે પ્રેમ પણ ખરો.

સમય જતાં માણેકબાએ વ્યવસાય સમેટી લીધો. હોંશિયાર પણ એવા કે બધા રૂપિયાનું તેમણે વ્યવસ્થિત રીતે રોકાણ કરી લીધું. પાછળનું જીવન આનંદથી જીવવા સાથે સમાજોપયોગી કાર્યો કરવાનું શરૂ કર્યું. જરૂરિયાતમંદોને શિક્ષણ માટે, મેડિકલ માટે સહાય કરવા લાગ્યા. કોઈ વખતનો માર્યો પરિવાર હોય તો તેમને છાનામાના અનાજ મોકલાવી આપે. મદદ કરે તો એવી રીતે કરે, જમણા હાથે આપેલું ડાબા હાથને પણ ખબર ન પડે.

આવા હોંશિયાર માણેકબા થોડા સમયથી બીમાર રહેતા હતા. પોતાનો તો કોઈ વિસ્તાર હતો નહીં. પોતાની સંપત્તિની વ્યવસ્થા કરવાની હતી. માણેકબાના એક નણંદ, જે તેમના જેવા જ હોંશિયાર, માણેકબાએ તેમને પોતાના ઘેર બોલાવી લીધા. પછી પોતાની સંપત્તિનું વિભાજન કેવી રીતે કરવું છે તે નણંદને સમજાવ્યું. બધું લખાણ કરાવી લીધું. સંપત્તિનો અમુક હિસ્સો તેમને દાન કરવો હતો. કઈ કઈ સંસ્થાને કેટલી રકમ આપવી છે તે લખાવ્યા પછી બાકી રહેતી રકમ માણેકબાએ પોતાની સાસરીના સગા અને પીયરના સગાને સરખે ભાગે વહેંચી દીધી. કોઈને અન્યાય ન થાય એ રીતે બધાને સારી એવી રકમ મળે એવી વ્યવસ્થા કરી. પોતે નણંદ સાથે મળીને નાના નાના પાઉચમાં જેને જે રકમ આપવાની હતી, તેના નામની ચિઠ્ઠી સાથે મૂકી દીધી.

જ્વેલરી પણ જેને આપવાની હોય તેના નામ સાથે પાઉચમાં મૂકી દીધા. વકીલને બોલાવી લીધા અને દાન વગેરે માટે જે પેપર્સ તૈયાર કરવાના હોય તે કરાવી લીધા. પછી થોડા સમય બાદ એક ફંકશનનું આયોજન કર્યું. બધા સગા-સંબંધીને બોલાવ્યા - જમાડ્યા અને દરેકને પોતાનો હિસ્સો આપી દીધો. સગાવહાલા તો રાજી રાજી થઈ ગયા. સૌને જાણે અચાનક લોટરી લાગી ગઈ. ફંકશન પછીના ત્રીજા દિવસે જ માણેકબાએ દેહ છોડ્યો ત્યારે તેમના ચહેરા પર પરમ શાંતિ હતી.

*મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬*

### નવકાર જાપ : વિશ્વશાંતિ

**(અનુસંધાન : પાના નં. – ૫૯ ઉપરથી ચાલુ)**

વાહન વ્યવહાર અટકી પડે, કોઈ હલન ચલન નહીં! રાષ્ટ્રગીત, બે મિનિટમાં પૂર્ણ થતાં જ બધું ફરી રાબેતા મુજબ શરૂ થઈ જાય. આ છે દેશપ્રેમ! તો શું આપણે, અલ્પ સમય માટે, ધર્મપ્રેમ કેળવી જગત કલ્યાણ અર્થે થોડું યોગદાન ન આપી શકીએ? જરૂર આપવું જ જોઈએ!

આપણા ઉધ્ધારક, જૈન કે સનાતની સંત મહાત્માઓએ, એમના પ્રવચન અને ઉપદેશ આપતા સમયે, આવા અભિયાન માટે પ્રેરણા અવશ્ય કરવી જોઈએ. મહાપુરુષોના પ્રભાવ અને તેમના તરફના પૂજ્યભાવથી જન સમુદાયમાં નિર્ણાયક જાગૃતિ આવે.

સર્વ મંગલની ભાવના સાથે.... અસ્તુ!

*વસંત 'કચ્છ કેસરી' (દેવપુર/મુલુંડ)*
*મો : ૮૪૫૧૦ ૯૮૬૭૮.*

### રેર અર્થ

આજકાલ 'રેર અર્થ' વિશે ઘણું બધું વર્તમાનપત્રોમાં આવે છે. કેમકે તેનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક મશીનરી, એ.આઈ., ડિજિટલ ઉપકરણો, મોબાઈલ સ્ક્રીન, લેપટોપ, સ્માર્ટ ફોન, પાતળી સ્ક્રીનવાળા ટી.વી., ડિજિટલ કેમેરા, એલ.ઈ.ડી. લાઈટ, વિન્ડ ટર્બાઇન વગેરેમાં થાય છે અને તેથી તેની જરૂરિયાત વિશેષ રહે છે.

આ પ્રકારના દુર્લભ ખનીજો ૧૭ ધાતુઓના બનેલા હોય છે કે જેની વિગત નીચે મુજબ છે.

લેથાનમ, સીરિયમ, પ્રસિયોડીમિયમ, નિયોડિમિયમ, પ્રોમીથિયમ, સમરિયમ, યુરોમિયમ, ગેડોલિનિયમ, ડિસ્પોસિયમ, હોલ્મિયમ, એર્બિયમ, થુલિયમ, યટ્ટરબિયમ, લુટિશિયમ, સ્કેન્ડિયમ અને ઇટ્રીયમ.

યુ.એસ. જિયોલોજિકલ સર્વેનું માનવું છે કે પૃથ્વી પર અંદાજે ૧૧૦ મિલિયન મેટ્રિક ટન રેર અર્થનો ભંડાર છે કે જેમાંથી ૪૪ મિલિયન ટન એકલા ચીન પાસે છે. ■

છેલ્લા આઠ વર્ષથી
જોઇએ તે જથ્થામાં નેપિયર
ઘાસ સેવા સ્વરૂપે આપવામાં આવી રહેલ છે.
કોઇને પણ નેપિયર ઘાસ ઉગાડવું હોય
તો તેની કલમો મેળવવા માટે
સંપર્ક કરો.

**મો. ૯૬૫૩૨ ૦૫૦૬૦**

---

**Sheth** info

Reliable • Reasonable • Refurbished

Refurbished IT Products - Sales & Rental

Laptops • Desktops • Workstation • Servers • Apple Products

Jodhpur Char Rasta, Satellite, Ahmedabad.
Mob :- 7405732001 ● E-mail : info@shethinfo.com

---

Opti Matrix

- Premium Website Design
- Web Based Customize Software
- Mobile App Development
- Digital Marketing & Promotion

Opti Matrix Solutions

Ahmedabad : +91 81283 61116
706, Indraprastha Corporate, Opp. Shell Petrol Pump,
Prahlad Nagar, Ahmedabad, Gujarat - 380015

Bhuj : +91 75750 58824
207, Merry Rajaram Complex,
Hospital Road, Bhuj-Kutch, Gujarat - 370001

SCAN FOR DIGITAL CARD

---

॥ શુભેચ્છા સહ ॥



**રતનબેન પાસુભાઇ પૂંજા શાહનંદ**

અમદાવાદ

---

કોઇ પણ પ્રસંગે ભેટ આપવા લાયક...

**ચિત્રસેન શાહ - ગાંધીનગરના**

હાસ્ય કટાક્ષના પુસ્તકો

(૧) ધણીને ધાકમાં રાખો!
(૨) સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય
(૩) ચાલો, ખવડાવો આઇસ્ક્રીમ!
(૪) સ્મશાનમાં સ્વયંવર

સંપર્ક : ૬૩૫૩૧ ૪૦૫૭૬

---

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર

**“મંગલ મંદિર”**

ને હાર્દિક શુભેચ્છા...



॥ એક શુભેચ્છક ॥

---



ઘર ઘરની મીઠાઈ...

**હાથી છાપ ગોળ**

**શાહ હાથીભાઇ અજરામલદાસ**

૧૧૦૩, જૂના માધુપુરા, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. મો. ૯૭૧૨૩ ૬૫૪૦૦

---

*“Knowledge and brotherhood is key to success for the members of Jain Samaj.”*

**Justice S. H. Vora**

Former Judge
High Court of Gujarat



ANJALEE JEWELLERS
Opp. Lal Bunglow, C.G. Road, Ahmedabad. Ph: 26564791/92/93

Dr. ROHAN K PATEL
MBBS, MS ENT (Gold Medalist)
Ear, Nose, Throat & Head-Neck Surgeon

Aarvi Hospital
ENT AND DENTAL CARE

+91 98250 18678
healthcare@aarvihospital.com
www.aarvihospital.com

504-506, Copper Leaf,
Opp. Sarvopari Mall,
Bhuyangdev Cross Road,
Sola Road, Ahmedabad-380063.

Dev Morabia
96249 47491

Viren Morabia
98252 27499

MORBIA GROUP

Morbia Estate
APEX IT RENTAL
WORLD LINK
Kiddos Club



સ્મરણાર્થે...
ગાંધી જયાબેન રમણલાલ
ગાંધી રમણલાલ પાસુભાઈ
(ગામ : માનકુવા, હાલે : અમદાવાદ)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
માસિક મુખપત્ર "મંગલ મંદિર"
ને ખૂબ ખૂબ શુભેચ્છા...



(એક વાચક સભ્ય તરફથી)

Vipul M Shah
M. : 9321277711
9321277712

Elite Enterprises

SUPPLIERS OF ELECTRONICS
SPARE PARTS AND COMPONENTS.

3, Madan Mansion, 1st Floor, Shamrao Vithal Lane,
Lamington Road, Grant Road (East), Mumbai - 400 007.
Ph. : (0) (022) 4881 6231 • Email : vipulelite@rediffmail.com

Best wishes from
Mukesh Mulji Champshi Savla



Sagar Mukesh Savla 98791 13094
Neel Mukesh Savla 96870 05406

Scarlet Hospital
Dr. Sharad Purohit
M. +91 98790 07908
M.S.(Ortho.) DNB(Ortho.) FARS(Germany)
Joint Replacement & Reconstructive Surgeon

NABH Accredited Hospital
ISO 9001:2015 Certified Hospital

Hospital : +91 9879807908
079-2667 0908
dr_sharadpurohit@hotmail.com
www.scarlethospital.com

2nd Floor, Scarlet Business Hub,
Opp. Ankur School,
Nr. Mahalakshmi Five Roads,
Paldi Bhattha Road, Paldi,
Ahmedabad, Gujarat 380007.

Reporting Time : Mor. 10.15 am to 1.45 pm and Eve. 5.15 pm to 8.00 pm

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
"પદાધિકારીશ્રીઓ"

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ
મો. ૯૮૯૮૧ ૯૮૬૧૬

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**સહ ખજાનચી**
શ્રી દેવેશ દિલીપ દંડ
મો. ૯૩૨૭૯ ૧૮૫૭૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kjss.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

# મંગલ મંદિર ● મે-૨૦૨૬

## ભાગ-૨ : લેખો તથા અન્ય વિગતો

## અનુક્રમણિકા

**એરિસ્ટોક્રેટ્સ**

- એરિસ્ટોક્રેટ્સ
  પ્રકરણ-૨૦ : શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ – ૧ .................................. **દેવેન્દ્ર પટેલ**..... ૬૪

**સ્વાતંત્ર્ય સંગ્રામના ૭૫ શૂરવીરો**

- મણકો-૨૩ : વીર યોદ્ધા કુંવરસિંહ .... **રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ**..... ૬૬

★

- લગ્ન વિધિની સમજણ ..................................................... **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૬૭
- ૨૧મી જૂન : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
  સુખાકારી, શાણપણ અને વિશ્વશાંતિ માટે યોગ... ......................... **કિરણ ચાંપાનેરી 'સેતુ'**..... ૭૦
- ખાર્ગ આઈલેન્ડ ........................................................................ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૭૨
- ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાનો કાયદો અમલમાં.................... **ડૉ. મિહિર એમ. વોરા**..... ૭૩
- આપણા દેશની ક્ષમતા હોવા છતાં જાપાન દેશ આગળ કેમ છે? ..............**મનીષ જોષી 'મૌન'**..... ૭૬
- સિરોસીસ ઓફ લીવર......................................................... **ડૉ. કમલેશ એન. શાહ**..... ૭૭
- ફીટની બીમારી : એપિલેપ્સી : ભાગ-૬ : સારવાર .. **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૭૮
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**.....
- મારામાં આવેલ પરિવર્તન.. ............................................................................. ૮૦
- બોધકથા : સૌથી મોટું પુણ્ય કયું? ...................................... **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૮૧
- સમાજ આરસી : લોકકથા ............................................................................... ૮૨
- લઘુ વાર્તા : ગુડ (?) ન્યુઝ ............................................... **કિશોર કે. જોબનપુત્રા**..... ૮૪

**આ ભાગમાં સમાવિષ્ટ કરવામાં આવેલ કાવ્યો :**

- બા વિશે.. ........................................................................ **રોહિત શાહ** ...... ..૬૯
- હું ને મારી વેદના.. .......................................................... **જ્યોતિ એમ. ગોહિલ** ...... ..૬૯
- માણસનો જન્મ ક્યારે થશે એ એક સવાલ છે.. ..................... **વસંત 'કચ્છ કેસરી'** ...... ..૭૯

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

## એરિસ્ટોક્રેટ્સ : પ્રકરણ-૨૦ ★ શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ – ૧

# સરદાર પટેલે શેઠ અમૃતલાલને ચૂંટણી લડવા આમંત્રણ આપ્યું

• લેખક •
દેવેન્દ્ર પટેલ

અમદાવાદના માણેકચોકમાં આવેલી શેઠ હરગોવનદાસ લક્ષ્મીચંદની જૂની અને જાણીતી પેઢી આજે વર્ષોથી એ જ જગ્યાએ આવેલી છે. એ હરગોવનદાસ લક્ષ્મીચંદ જ્ઞાતિએ ખડાયતા વૈષ્ણવ વણિક તથા તેમનું મૂળ વતન કણભા.

સંવત ૧૯૫૬ના દુષ્કાળ પછી તેઓ અમદાવાદ આવ્યા અને કાલુપુર કટકિયાવાડમાં એમનું નિવાસસ્થાન થયું. સંવત ૧૯૦૬માં કંકુઓળમાં શરાફી પેઢી ઊઘાડી ને ત્યારથી માણેકચોકના ચોકઠામાં માણેક મંદિરના મેડા ઉપર આ પેઢી ચાલુ છે. આજે પણ આપણે જોઈએ છીએ તેમ એ જ સ્થિતિમાં હયાત છે.

ગુજરાત ઓઈલ મિલના તેઓ મેનેજિંગ એજન્ટ થયા અને સંવત ૧૯૭૭માં તેમનો વૈકુંઠવાસ થયો ત્યાં સુધી આ જ સ્થિતિ ચાલુ રહી.

તેમને બે પુત્રો : ત્રિભોવનદાસ અને અમૃતલાલ. શ્રી અમૃતલાલનો જન્મ તા. ૨૯મી ઓગસ્ટ ઈ. ૧૮૮૯ કુહા મુકામે થયેલો.

શેઠશ્રી અમૃતલાલને બાલ્યવયથી જ વ્યાપારી સંસ્કારો વરેલા, એટલે તેઓ, બી.કોમ., એલએલ.બી. થયા પછી તરત જ મુંબઈની ભાઈશંકર કાંગાની સોલીસિટર કંપનીમાં પ્રેક્ટિસ કરવા લાગ્યા. વકીલ તરીકેની કારકિર્દીનો પ્રારંભ તેમણે આ કંપનીમાં જોડાઈને કર્યો હતો.

ખડાયતા જ્ઞાતિના ગૌરવને અનુરૂપ તેમની પ્રાથમિક સામાજિક સેવાઓનાં બી મુંબઈની જ્ઞાતિની ઉદ્ભવેલી પ્રથમ પ્રવૃત્તિમાં રહેલાં છે. જ્ઞાતિ-માસિક, પરિષદ, ખડાયતા કેળવણી મંડળ, બોર્ડિંગો, કોટ્યર્ક મંદિર વગેરે પ્રવૃત્તિઓમાં તેઓ કોઈ ને કોઈ હોદ્દા ઉપર રહી કામ કરી રહેલા જણાય છે. તેમાં તેમની નિઃસ્વાર્થ સેવા પ્રકાશી ઊઠી હતી. પાછળનાં વર્ષોમાં તો તેઓ માત્ર માર્ગદર્શક રહ્યા હતા. ડૉ. મણિલાલ ભગત, હરિલાલ પારેખ ધારાશાસ્ત્રી અને સોમાલાલ પંચ તે બધાની સાથે રહી કામ કરતાં પરિષદના એક ઠરાવથી ‘રેસિડેન્સિયલ હાઈસ્કૂલ’ સ્થાપવાની તેમની મનીષા હતી. જ્ઞાતિએ સને ૧૯૬૫માં એમનો અમૃત મહોત્સવ (૭૫ વર્ષ) ભવ્યતાથી ઊજવી નૈતિક ઋણ અદા કર્યું હતું.

પરંતુ ધીરે ધીરે તેમને લાગ્યું કે તેમનું કાર્યક્ષેત્ર જ્ઞાતિ માટે રહે તો તે મર્યાદિત બની રહેશે. તેમની ભાવના વિશાળ તથા ગુજરાતના વિદ્યાર્થીઓને વિદ્યાવ્યાસંગી બનાવવાની હોવાથી જે જ્ઞાતિમાં ન થયું તે તેમણે ‘ગુજરાત એજ્યુકેશન સોસાયટી’ સ્થાપી અહીં શક્ય બનાવ્યું.

તેમને શિસ્તબદ્ધ અને તેજસ્વી વિદ્યાર્થીઓ ખપતા હતા. એમણે આપેલાં બધાં દાનોમાં પોતાની પસંદગીના થોડાક વિદ્યાર્થીઓને લાભ આપવાની અને ગુજરાતની અસ્મિતામાં તેઓ પ્રકાશી ઊઠે તેવી વ્યવસ્થા રાખી હતી. આમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને પસંદગી આપવાની એ લગીરે તરફેણ રાખતા નહોતા.

૧૯૫૯માં મોડાસામાં જ્ઞાતિની નવમી પરિષદ તેમના પ્રમુખપદે મળેલી, ત્યારે તેમણે આ વાતનો પુનરુચ્ચાર કરેલો. વળી, ૧૯૬૧માં ડાકોર મુકામે કાર્યકરોનું મિલન થયું ત્યારે તેમણે વેપારીઓ હવે ઉદ્યોગો અપનાવે અને તે માટે શું કરવું તેનું વિશાળ અવલોકન કરાવેલું. આનાથી એમના દિલમાં શું મનોમંથન ચાલી રહ્યું હતું, તેનો નિચોડ મળતો તથા અભ્યાસ થઈ શકતો.

તેમની દાન-પ્રવૃત્તિમાં હંમેશાં ગણતરી રહેતી. જનતા અને વેપારીઓ તથા વિદ્યાર્થીઓ પણ તેનો સારામાં સારો લાભ શી રીતે ઉઠાવે અને પછી તેઓ રાષ્ટ્ર-ધર્મ તરીકે રાષ્ટ્રને શી રીતે ઉપયોગી થશે, એ એમની દૃષ્ટિ તેમની વાતચીતમાંથી પારખી શકાતી હતી. આ પ્રકારની દૃષ્ટિએ એમના પ્રત્યે જનતા આકર્ષાઈ હતી અને હંમેશાં તેમને સાંભળવા-જાણવા આતુર રહેતી હતી.

### સરદારશ્રીના સાથી

ગુજરાતમાં ૧૯૨૭માં અતિવૃષ્ટિ થયેલી તે વખતે તેમણે સરદારશ્રી સાથે પુનર્વસવાટ અને રાહતના કામમાં તન, મન અને ધનથી સહકાર આપેલો. સંખ્યાબંધ મકાનો તૂટી ગયાં હતાં. જ્યારે મુસ્લિમ કુટુંબોના ઘરની મોજણી કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે શેઠશ્રીને ભારે દુઃખ થયું અને મુક્ત મને જણાવ્યું હતું કે તેમને મકાન બાંધવામાં માત્ર અડધી જ રકમ નહિ પણ પૂરેપૂરી રકમ આપવી જોઈએ. આમ સરદારશ્રીની સાથે, રેલસંકટ સમયે, સામાજિક સેવામાં ખૂબ જ સહકાર આપેલો. એમના વિશ્વાસુ સાથીદાર તરીકે સરદાર પટેલે શેઠશ્રી અમૃતલાલને ચૂંટણી લડવા માટે આમંત્રણ મોકલ્યું હતું; પરંતુ, તેઓ રાજકારણના ક્ષેત્રે પ્રવેશવા ઈચ્છતા નહોતા એટલે એમણે નમ્ર ભાવે એનો અસ્વીકાર કર્યો હતો.

અમદાવાદમાં કોમી રમખાણો ૧૯૪૧ અને તે પછી થયાં એ વેળાએ તથા સીમા અંગે ઉપસ્થિત થયેલ પ્રશ્નોમાં એમણે જે અનોખી જાગૃતિ અને સમજનાં દર્શન કરાવ્યાં હતાં તેથી આપણને એમને માટે અભિમાન થાય એવી એમની કુનેહભરી રીત હતી. એમ આપણે તેમને માટે કહી શકીશું કે ગુજરાતની પ્રજાના એક રખેવાળ રહીને પરોક્ષ રીતે તેમણે ગુજરાતની જનતાને કોઈ પણ રીતે સહન ના કરવું પડે તેની હંમેશાં ચીવટ

રાખી છે. તેમ કરતાં તેમના ઉપર કોઈની લાલ આંખ થાય તો તેની પણ તેમણે કદી પરવા કરી નથી અને કરે એવો એમનો સ્વભાવ પણ નહોતો.

સરદાર વલ્લભભાઈએ જેમ મુસ્તાક રહીને રાષ્ટ્રમાં પોતાની આગવી રીતે પ્રાણપ્રતિષ્ઠા કરી તેમ શ્રી અમૃતલાલભાઈએ ગુજરાતની પરિસ્થિતિની રખેવાળી કરવામાં કદી શ્વાસ હેઠો મૂક્યો નથી. તેમ કરવામાં વસમા પ્રસંગો આવે ત્યારે તેમનો સામનો કરવામાં, રાજકારણીય પુરુષોને કે નેતાઓને સાચી વાત સંભળાવી દેવામાં, પ્રગટપણે અસ્મિતા જ દર્શાવી હતી. એ જ તેમની અસ્મિતાએ પ્રતાપની તેજસ્વિતા પાથરી હતી.

એમની બહુમુખી પ્રતિભા, વેપાર-ઉદ્યોગ, જાહેર જીવન, કેળવણી, સંકટ-રાહત અને ગુજરાતના વિકાસ સુધી પ્રસરેલી હોવાથી તેમને ૭૫ વર્ષ પૂરાં થતાં સમગ્ર નગરજનોએ તેમનું ૧૯૬૪માં તે વખતના ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગના અધ્યક્ષપદે જાહેર સન્માન કર્યું હતું.

## મ્યુનિસિપલ ચૂંટણી

સને ૧૯૨૯માં સરદારશ્રીએ મ્યુનિ. ચૂંટણીમાં તેમની વરણી કરેલી; પરંતુ, તેમના પિતાશ્રીએ કહ્યું કે આપણે બીજાથી સારા છીએ તેમ માનીને બીજાઓની પાસે મત આપવા માટે માગણી કરવી એ આપણી સંસ્કૃતિ માટે શોભાસ્પદ નથી. બીજાઓનું તમામ કામ કરી છૂટવું, પરંતુ બીજાઓથી આપણે સારા છીએ તેવું ક્યારેય દર્શાવવું નહીં. તેમની આ શિખામણ શેઠશ્રીને ગળે ઊતરી ગઈ અને તેઓ ચૂંટણીના રાજકારણમાંથી તરત જ ખસી ગયા. પરંતુ તેમણે આ કામમાં ખૂબ જ રસ લીધો હતો.

સને ૧૯૩૪માં એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં શેઠશ્રી અમૃતલાલે સારો રસ લીધેલો. સરદારશ્રીએ આ કામની જવાબદારી શ્રી દીવાન માસ્ટર, શ્રી કાપડિયા, શ્રી સુતરિયા અને શેઠશ્રી અમૃતલાલને સોંપી હતી. તેઓ આ કામ માટે રોજ સવારે મહાજનો પાસે જઈ ફાળો ઉઘરાવતા હતા. ૧૯૩૬માં શેઠ હરગોવનદાસ લક્ષ્મીચંદ કોમર્સ કૉલેજની સ્થાપના થઈ ત્યારથી તો અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની પ્રવૃત્તિઓ અનેક રીતે વિકસી. શેઠશ્રીએ અનેક શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવા માટે દાન આપેલું છે. એ ઉપરાંત શેઠશ્રી અમૃતલાલે આપ્યું છે એથી અનેકગણું વિશેષ મેળવી આપ્યું છે. તેમની પ્રેરણાથી તો એક ગુજરાત કૉલેજને બદલે અનેક કૉલેજો ગુજરાતમાં સ્થપાઈ છે. તેઓશ્રી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હતા.

૧૯૪૮માં મુંબઈ રાજ્યે ઠરાવ પસાર કર્યો કે રાજ્યમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક ખાતે ત્રણ પ્રાદેશિક યુનિવર્સિટીઓ સ્થાપવી. આ ઉપરથી ગુજરાત યુનિવર્સિટી સ્થાપવાના ચક્રો ગતિમાન થયાં અને ગુજરાત યુનિવર્સિટી ટ્રસ્ટમાં રૂા. ૪૨ લાખ ઊભા કરવામાં તેમણે ખૂબ પરિશ્રમ લીધો હતો. તેના ટ્રસ્ટી મંડળમાં શેઠશ્રી કસ્તુરભાઈ સાથે તેઓશ્રી રહ્યા હતા.

## અટિરાની સ્થાપના

અમદાવાદ ટેક્ષ્ટાઇલ રીસર્ચ એસોસિએશનની સ્થાપના શેઠશ્રી અમૃતલાલે કરેલી. શ્રી શણ્યમુખમ્ ચેટ્ટી અત્રે આવ્યા હતા. ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટ ઊભી કરાય તો સરકાર એમાં મદદ કરવા તૈયાર છે એમ જણાવેલું. શણ્યમુખમ્ ચેટ્ટીને સૌ પ્રથમ સવાલ જ પૂછ્યો હતો કે આ ટેકનિકલ ઇન્સ્ટિટ્યુટમાં સરકાર કેટલી મદદ કરશે અને તે માટે ખાતરી કોણ આપશે? તે પછી સરકાર તરફથી આ માટે જરૂરી ખાતરી મળે કે તરત જ શેઠશ્રીએ તમામ મિલો ઉપર એક પરિપત્ર પાઠવીને જણાવ્યું હતું કે હવે યુદ્ધ પૂરું થયું છે અને ઉદ્યોગો પણ પગભર થયા છે, તો થોડા પૈસા કાઢીએ તો ગુજરાતમાં સારી સંસ્થા ઊભી થાય. શહેરના ઉદ્યોગપતિઓ પાસેથી રૂા. ૫૦ લાખ ભેગા થયા અને રૂા. ૨૦ લાખ સરકારે આપ્યા. સરકાર સાથે આ માટેની વાટાઘાટો કરવા તેઓ ગયા હતા. ત્યાં જઈને શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને પણ બોલાવ્યા હતા. તે પછીથી વાડીલાલ લલ્લુભાઈ અને નંદદાસ હરિદાસ પણ જોડાયા હતા. આમ અટિરાની સ્થાપનાથી જ સક્રિય સહકાર આપતા રહ્યા હતા.

## આણંદ ખેતીવાડી કૉલેજ

સરદારશ્રીની ઇચ્છાને માન આપી આણંદમાં તેમના બીજા પુત્ર બંસીલાલને અનુલક્ષીને ખેતીવાડી કૉલેજમાં સારી એવી રકમ આપી અને તે કારણે આજે તે વિદ્યાર્થીઓને સારી એવી મદદરૂપ પુરવાર થઈ ચૂકી છે.

ગાંધીસ્મારકમાં રૂા. ૪૮ લાખ ભેગા કરવામાં તેમનો પ્રશંસનીય ફાળો રહેલો છે. આ હકીકત દર્શાવી આપે છે કે તેઓ દેખાદેખી કશું જ કરતા નહિ, પણ તેમની કામ કરવાની પોતાની આગવી રીત અને પ્રતિભા છે.

## મેડિકલ કૉલેજ માટેનું દાન

તેમની પ્રવૃત્તિઓ તો વણથંભી ચાલુ જ રહી હતી. તેમનાં પૂ. માતુશ્રી નાથીબાની સ્મૃતિમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનને વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં મેડિકલ કૉલેજ શરૂ કરવા રૂા. ૧૫ લાખ જેટલી રકમ આપવાની સ્તુત્ય પ્રવૃત્તિ તા. ૧૫-૭-૧૯૬૩ના રોજ ટાઉનહૉલમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. સુશીલા નૈયરની અધ્યક્ષતામાં તે સમયના નાણામંત્રી શ્રી મોરારજી દેસાઈના વરદ હસ્તે કરવામાં આવેલી.

આયુર્વેદ માટે પણ તેમને લગન હતી, તેઓએ બે હૉસ્પિટલો મણિબહેન અમૃતલાલ હરગોવનદાસ હૉસ્પિટલ અમદાવાદ તથા પોપટપુરા (દાહોદ) ખાતે હૉસ્પિટલ આદિવાસી પછાત વિસ્તારમાં સ્થાપી હતી. ■

સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

## સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો

# મણકો - ૨૩ : વીર યોદ્ધા કુંવરસિંહ

• લેખક •
રાજ ભાસ્કર / અનંત શુક્લ / મધુકાંત પ્રજાપતિ

*જન્મ : ૧૩ નવેમ્બર, ૧૭૭૭*

*મહાપ્રયાણ : ૨૬ એપ્રિલ, ૧૮૫૮*

૧૮૫૭ પહેલાં ભારતીય સ્વતંત્રતા ચળવળના મહાન નાયક બાબુ વીર કુંવરસિંહનું કામ આજે પણ લોકોની યાદોમાં છે. ૧૩ નવેમ્બર ૧૭૭૭ ના રોજ ભોજપુર (બિહાર) આરામાં જન્મેલા વીર કુંવરસિંહ ૮૦ વર્ષની ઉંમરે દુશ્મનો સામે લડવા અને જીતવાના ઉત્સાહ માટે ઇતિહાસમાં જાણીતા છે. મંગલ પાંડેએ ૧૮૫૭માં જે ચિનગારી સળગાવી હતી તે આખા દેશમાં સંગ્રામની આગ બનીને ફેલાઈ ગઈ હતી. આવી સ્થિતિમાં વીર કુંવરસિંહ પણ પોતાની જાતને રોકી ન શક્યા અને પોતે કમાન્ડર બનીને ભારતીય સૈનિકો સાથે અંગ્રેજો સામેના યુદ્ધમાં ઉતર્યા. ૨૭ એપ્રિલ ૧૮૫૭ના રોજ દાનાપુરના સૈનિકો અને ભોજપુરના સૈનિકો અને અન્ય સાથીઓ સાથે બાબુ વીર કુંવરસિંહે આરા શહેર પર કબજો કર્યો. અંગ્રેજોના પ્રયત્નો છતાં, ભોજપુર લાંબા સમય સુધી સ્વતંત્ર રહ્યું. વીર કુંવરસિંહે આરા જેલ તોડી કેદીઓને મુક્ત કરાવ્યા અને તિજોરી કબજે કરી. આટલું જ નહીં, તેમણે આઝમગઢ પર પણ કબજો કર્યો. લખનૌથી ભાગી ગયેલા ઘણા ક્રાંતિકારીઓ પણ કુંવરસિંહની સેનામાં જોડાયા હતા.

જગદીશપુરનું રાજ્ય પચાવી પાડવા અંગ્રેજો કૂટનીતિના દાવપેચ અજમાવી રહ્યા હતા. અંગ્રેજોએ આરા પર હુમલો કર્યો અને બીબીગંજ અને દિવ્યાનાં જંગલોમાં ભીષણ યુદ્ધ થયું. બહાદુર સ્વાતંત્ર્ય સેનાનીઓ જગદીશપુર તરફ આગળ વધ્યા અને આરા પર ફરીથી કબજો કર્યા પછી, અંગ્રેજોએ બાબુ વીર કુંવરસિંહના કિલ્લાને ચારે બાજુથી ઘેરી લીધો. કુંવરસિંહ અને અમરસિંહને જન્મભૂમિ છોડવી પડી. અમરસિંહે અંગ્રેજો સામે ગેરીલા લડાઈ લડવાનું ચાલુ રાખ્યું અને વીર કુંવરસિંહે તેમના બહાદુર સૈનિકો સાથે બનારસ, આઝમગઢ, બલિયા, ગાઝીપુર, ગોરખપુરમાં આંદોલનને આગળ ધપાવવાનું ચાલુ રાખ્યું. વીર કુંવરસિંહ લાંબા સમય સુધી તેમની સેના સાથે અંગ્રેજો સાથે લડ્યા. આ સમય દરમિયાન, તેઓ સેના સાથે બલિયા નજીક શિવપુરી ઘાટથી હોડીની મદદથી ગંગા નદી પાર કરી રહ્યા હતા, ત્યારે અંગ્રેજોએ અચાનક તેમના પર હુમલો કર્યો અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો. આ દરમિયાન વીર કુંવરસિંહ ઘાયલ થયા અને તેમના હાથમાં ગોળી વાગી. પછી પણ તે અટક્યા નહીં. તેમણે પોતાની તલવારથી પોતાનો હાથ કાપીને નદીમાં ફેંકી દીધો અને અંગ્રેજી સેનાને હરાવીને ૨૩ એપ્રિલ ૧૮૫૮ના રોજ પોતાના ગામ જગદીશપુરના મહેલમાં પાછા ફર્યા. પછી તેમણે પોતાનો જગદીશપુરનો કિલ્લો જીતી લીધો અને અંગ્રેજોનો ધ્વજ ઉતારીને પોતાનો ધ્વજ ફરકાવ્યો. જગદીશપુર પરત ફર્યાના થોડા સમય બાદ ૨૬ એપ્રિલ ૧૮૫૮ના રોજ તેમનું અવસાન થયું હતું.

## ૪ પૈસા... એટલે શું?

છોકરો કાંઈક કમાશે, તો ૪ પૈસા ઘરમાં આવશે. ૪ પૈસા કમાઓ, તો પાંચમાં પૂછાશો. અથવા ૪ પૈસા કમાવા માટે માણસ રાત-દિવસ કામ કરે છે...

તો સવાલ છે કે, આ કહેવતોમાં ૪ પૈસા જ કેમ, ૩ પૈસા કેમ નહીં? ૫ પૈસા કેમ નહીં? તો ૪ પૈસા કમાવાની કહેવતને વડીલો પાસેથી માર્મિક વિગતો જાણી તેને સમજીએ.

પહેલો પૈસો કૂવામાં નાંખવાનો. બીજા પૈસાથી પાછળનું દેવું (કરજ) ઉતારવાનું. ત્રીજા પૈસાથી આગળનું દેવું ચૂકવવાનું. ચોથો પૈસો આગળ માટે જમા કરવાનો...

૧. એક પૈસો કૂવામાં નાંખવાનો એટલે કે, પોતાના પરિવાર અને સંતાનનો પેટ રૂપી ખાડો (કૂવો) પૂરવા માટે વાપરવાનો.

૨. બીજો પૈસો પાછળ (પિતૃઓ)નું દેવું (કરજ) ઉતારવા માટે વાપરવો. પોતાના માતા-પિતાની સેવા માટે તેમણે આપણું જતન કર્યું, પાલન પોષણ કરી મોટા કર્યા, તો તે કરજ ઉતારવા માટે.

૩. ત્રીજો પૈસો આગળ (સંતાનો)નું દેવું ચૂકવવા માટે વાપરવાનો. પોતાના સંતાનને ભણાવી - ગણાવીને આગળ ઉચ્ચ અભ્યાસ માટે. (એટલે કે ભવિષ્યનું દેવું)

૪. ચોથા પૈસાનો આગળ (પુણ્ય) જમા કરવા માટે વાપરવાનો. એટલે કે શુભ પ્રસંગ - અશુભ પ્રસંગ, દાન અર્થે, સંતોની સેવા અર્થે અને અસહાયની મદદ માટે...!

તો આ છે, ૪ પૈસા કમાવાની વાત. કેટલી ઊંડાઈ હોય છે આપણી આ પ્રાચીન વાતોમાં...!

*પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ*
*મો. ૯૪૦૮૫ ૧૨૬૬૨*

# લગ્ન વિધિની સમજણ

વિનોદભાઈ માછી નિરંકારી

આપણા દેશમાં સંસ્કારનું અનોખું મહત્ત્વ છે તે પાછળનું મુખ્ય કારણ એ છે કે આપણો દેશ આધ્યાત્મિકતાને વરેલો છે. દરેક માતા પિતા એવું ઇચ્છે છે કે તેમનું સંતાન સંસ્કારી તથા સદ્‌ગુણી બને. વિશ્વમાં લગભગ તમામ ધર્મો કે જાતિના લોકોમાં કોઇને કોઇ રીતે લગ્ન સંસ્કારની પ્રથા પ્રચલિત છે. લગ્ન માટે વિવાહ, પાણિગ્રહણ, પરિણય વગેરે શબ્દો પ્રચલિત છે.

ભારતીય સંસ્કૃતિ અનુસાર વિવાહ એ એક ધાર્મિક વિધિ છે. જુદા જુદા બે પરિવાર, કુટુંબના સ્ત્રી અને પુરૂષનું પ્રેમના તાંતણે જોડાણ થાય છે. આ જોડાણથી એક પરિવારનો વંશ આગળ વધે છે. લગ્ન સંસ્કારમાં સાથે જોડાયેલા સ્ત્રી-પુરુષનો દાંપત્ય સંબંધ જીવન પર્યંતનો હોય છે. લગ્ન સંસ્કાર ભલે એક ધાર્મિક વિધિ છે પરંતુ તેનો વ્યક્તિ અને સમાજ ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પડે છે. સ્ત્રી વિના પુરુષ અધૂરો છે અને પુરુષ વિના સ્ત્રી અધૂરી છે. બંનેનું વિધિવત જોડાણ બંને પાત્રોને પૂર્ણ બનાવે છે અને સૃષ્ટિનું રચનાત્મક કાર્ય આગળ વધે છે. ગૃહસ્થોએ જીવનમાં રહેલી કામનાને નિયંત્રિત કરી સામાજિક સેવાકાર્યોની સાથે સાથે મોક્ષ પ્રાપ્તિના માર્ગે આગળ વધવાનું હોય છે. આપણી સંસ્કૃતિમાં લગ્નને એક યજ્ઞ માનવામાં આવ્યો છે.

આપણા શાસ્ત્રોમાં વિવાહના આઠ પ્રકાર ગણાવ્યા છે, જેમાં પ્રથમ ચારને ઉત્તમ અને છેલ્લા ચારને અધમ ગણવામાં આવ્યા છે.

૧. **બ્રાહ્મ વિવાહ :** કન્યાના પિતા વિદ્વાન તથા શિલસંપન્ન પુરુષનો વિધિપૂર્વક સત્કાર કરી તેની પાસેથી કંઇ લીધા વિના યથાશક્તિ દક્ષિણા સાથે વસ્ત્રાભૂષણોથી અલંકૃત કન્યાનું દાન કરે છે. આ વિવાહને સૌથી ઉત્તમ માનવામાં આવ્યા છે.

૨. **દૈવ વિવાહ :** સદ્‌ગુણી અને કર્મઠ વ્યકિતને વિધિપૂર્વક કન્યાદાન આપવું તેને દૈવ વિવાહ કહેવાય.

૩. **આર્ષ વિવાહ :** આ વિવાહમાં કન્યાના પિતા પુરુષ પાસેથી ગાય, બળદ કે અન્ય વસ્તુ ધર્મપૂર્વક સ્વીકારી કન્યાદાન કરે છે.

૪. **પ્રાજાપત્ય વિવાહ :** કન્યા પુરુષ સાથે મળી ધાર્મિક તથા સામાજિક કર્તવ્યોમાં જેડાય તેવા ઉદ્દેશથી કરાતું કન્યાદાન પ્રાજાપત્ય વિવાહ કહેવાય છે.

ઉપરોક્ત ચાર પ્રકારના વિવાહને ઉત્તમ માનવામાં આવે છે. એમાં અલંકારોથી સુસજ્જિત કન્યાનું દાન ધર્મપૂર્વક કરવામાં આવે છે. આ ચાર પ્રકારના વિવાહોમાં ઉપલક ભેદ છે, પાયાના કોઇ ભેદ જણાતા નથી. ચારેય પ્રકારમાં યોગ્ય પતિની પસંદગી, કન્યાદાન તથા પૂર્ણ ધાર્મિક વિધિ થાય છે. તથા સામાજિકતા, ધાર્મિકતા અને સંસ્કારીતાના દર્શન થાય છે આથી આ પ્રકારના વિવાહો સર્વને માટે સુખદાયી નીવડે છે.

૫. **આસૂરી વિવાહ :** કન્યા વિક્રય અથવા પુરુષ વિક્રય કરી, દહેજની લેવડ-દેવડ કરી કરાતા લગ્નને આસૂરી વિવાહ કહેવામાં આવે છે.

૬. **ગાંધર્વ વિવાહ :** પુરુષ તથા સ્ત્રી પરસ્પરની પસંદગીથી પ્રેમભાવને વશ થઇ કરાતા કામોપભોગને ગાંધર્વ વિવાહ કહે છે.

૭. **રાક્ષસી વિવાહ :** કન્યાનું અપહરણ કરી તેની અનિચ્છા હોવા છતાં કરાતા લગ્નને રાક્ષસી લગ્ન કહે છે.

૮. **પિશાચી વિવાહ :** ગાઢ નિદ્રામાં સૂતેલી, મદ્યમત તથા બેભાન અવસ્થામાં પડેલી કન્યા સાથેનો કામોપભોગ પિશાચી વિવાહ કહેવાય છે.

આજના સમયમાં સમાજમાં મૈત્રીકરાર પ્રથા પ્રચલિત જોવા મળે છે.

વિવિધ સંસ્કૃતિ તથા રીતરીવાજ મુજબ સમાજમાં આજે સગાઈથી માંડીને વિવાહ સુધીની પ્રક્રિયામાં અનેક પ્રકારના વિધિ વિધાન જોવા મળે છે. મંડપ સ્થાપન, પીઠી ચોળવી, પોંખણા, હસ્તમેળાપ, છેડાછેડી, કંસારની વિધિ, કન્યાદાન, હોમ, ફેરા, સપ્તપદી વગેરે વિધિના રહસ્યોને સમજીને જો અમલમાં મૂકવામાં આવે તો દાંપત્યજીવન મધુર બની રહે છે.

લગ્ન પ્રસંગે થતી વિવિધ વિધિઓ આપણે નિહાળીએ છીએ પણ તે બધાનો શું અર્થ હોય છે તે જાણવું પણ જરૂરી છે. વરરાજા જ્યારે પરણવા આવે ત્યારે તેમને પોંખવામાં આવે છે. આ વખતે લાકડાનો બનાવેલો નાનો રવઈયો, મુશળ, ધુસરી, તરાક વરરાજાના માથેથી ઉતારે છે અને પગથી કોડિયું ભંગાવી પ્રવેશ કરાવે છે. આનો શું હેતુ છે? શું રહસ્ય છે? તેમજ બીજી વિધિઓનો શું અર્થ હોય છે? તે વિશે વિચાર કરીએ.

**લગ્ન :** બે વિજાતિય દેહનું જોડાણ તેનું નામ લગ્ન પણ તેનો ખરો અર્થ તો એવો છે કે બે દેહ દ્વારા બે મન એક કરવા, એનાથી પ્રેમ પ્રગટે, આત્મિયતા વધે અને અંદરના આંતરિક સૌંદર્યને જોઈ સુખનો અનુભવ થાય એ જ ખરું લગ્ન છે.

**વરઘોડો :** ઈન્દ્રિયોના ઘોડાને અંકુશમાં રાખવા માટેની ચેતવણીનું આ પ્રથમ પગલું છે.

**પોંખણું :** વરરાજા પરણવા આવે ત્યારે તેમને લાકડાના બનાવેલા રવઈયો, મુશળ, ધુંસરી અને તરાકથી સાસુ પોંખે છે તેનો અર્થ જોઈએ.

**નાનો રવઈયો :** માખણ કાઢવા માટે જેમ દહીંને રવેયાથી વલોવવામાં આવે તેમ જીવનને પ્રેમમય બનાવવા માટે મનના તરંગોનું મંથન કરીને પ્રેમનું દોહન કરવા જણાવે છે.

**મુશળ :** અતિ વાસનાઓને મુશળ-સાંબેલાથી ખાંડી નાખી પ્રેમ પ્રગટાવવાનો છે.

**ધુંસરી :** સંસારરૂપી રથના પતિ-પત્નીરૂપી બે ચાલકો છે. આ બંને ચાલકો શીલ અને સંયમના ચીલામાં સમાંતર રૂપે ચાલીને જીવનરથને સહકાર અને પ્રેમથી ખેંચે તો જ સુખી થવાય છે તેમ કહેવા માગે છે.

**તરાક :** લગ્ન જીવન રેટિંયા જેવું છે. પતિ-પત્નીરૂપી બે ચક્રને પ્રેમની દોરી વડે આ તરાક-ચાકને બંધાયેલા અને ફરતા રાખે તો જ સ્નેહરૂપી સુતર નીકળે એમ કહેવાનો ભાવ છે. આમ પોંખવા આવનાર સાસુ વરને માંયરામાં આવતા પહેલા સાવધાન કરે છે. એનો જવાબ વર સંપુટ તોડીને આપે છે.

**સંપુટ :** વરને પોંખી લીધા પછી બે કોડિયાના સંપુટને પગ તળે ભાંગીને વર માંયરામાં પ્રવેશે છે. આનાથી વર એમ કહેવા માંગે છે કે તમારી ચેતવણી હું સમજયો છું પણ મારા એકલાની આશા, ઈચ્છા, અરમાનો પર હું હવે નહિ ચાલું. એનો અહીં ભાંગીને ભુક્કો કરું છું. હવેથી અમારા બંનેની આશા, ઈચ્છા અને અરમાનો એક હશે તે પ્રમાણે જ જીવનયાત્રા કરીશું.

**વરમાળા :** ફુલના હારથી વર-કન્યા અરસપરસનું સ્વાગત કરે છે. પણ ગોરબાપા સુતરની એક આંટી બંનેના ગળામાં પહેરાવે છે. આમ એક જ હારથી બંનેના હૈયા એક કરવાનો પ્રયાસ છે.

**હસ્તમેળાપ :** લગ્ન વિધિનું આ મુખ્ય અંગ છે. પોતાની પુત્રીનો હાથ મા-બાપ વરરાજાને સોંપે છે અને વરરાજા તેનો સ્વીકાર-ગ્રહણ કરે છે. આ વિધિને પાણિગ્રહણ પણ કહે છે અને એથી થતો હસ્તમેળાપ હૈયા મેળાપ બની જાય છે. આ વિધિથી વરઘોડિયાના દેહમાં ઝણઝણાટી જાગે છે અને હૈયામાં આત્મિયતા પ્રગટે છે. સાથોસાથ જાનૈયા માંડવિયાના મન પણ આનંદ અને ઉલ્લાસથી નાચી ઉઠે છે.

**મંગળ ફેરા :** લગ્નના ચાર ફેરા એ ચાર પુરૂષાર્થના ફેરા છેઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. એ ધર્મશાસ્ત્રોનું પણ ચિંતન છે. ચાર ફેરા ફરવામાં પ્રથમના ત્રણ ફેરામાં પુરુષ આગળ હોય છે અને ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે આમ કેમ? પ્રથમ ત્રણ ફેરાના ત્રણ પુરૂષાર્થ છે.

★ **ધર્મ :** ધર્મ પાળવો અને પળાવવો. સ્ત્રીના પિયરમાં ગમે તે ધર્મ પળાતો હોય પણ પરણ્યા પછી પતિ જે ધર્મ પાળતો હોય તેને જ સ્ત્રી અનુસરે છે અને બીજા ધર્મો, પતિ પ્રત્યેના ધર્મો, કુટુંબ પ્રત્યેના ધર્મો, ઘરના વડિલો પ્રત્યેના ધર્મો, સંતાનો પ્રત્યેના ધર્મો, સગાંસબંધી અને સમાજ પ્રત્યેના ધર્મો.. વગેરે ધર્મો પણ પતિની મરજી અનુસાર પાળવાના છે.

★ **અર્થ :** ગૃહસ્થ જીવન ચલાવવા ધન કમાવું. પતિ કમાઈને પૈસા લાવે તેનાથી ઘરનું, કુટુંબનું પોષણ કરે છે. સ્ત્રી લક્ષ્મી કહેવાય છે. ઘરની લક્ષ્મી પણ આપણે કહીએ છીએ.

★ **કામ :** લગ્ન જીવનના સંયમપૂર્વકના હક્કો. આ ત્રણેમાં પુરુષ આગળ હોય છે અને તેને પત્ની અનુસરે છે, સ્ત્રી એ લજ્જાનું પ્રતિક છે. લગ્ન જીવન માટે વંશવૃધ્ધિ માટે એ હંમેશાં પતિની પાછળ જ રહે છે. આ ત્રણેય... ધર્મ, અર્થ અને કામ – એ પતિ પત્નીની ઈચ્છાનુસાર થઈ શક્તા પુરૂષાર્થો છે. જ્યારે ચોથો ફેરો..

★ **મોક્ષ :** એ કોઈની ઈચ્છાનુસાર મળતો નથી. એ તો ધર્મોના નિયમ પાલન અને સેવા સુશ્રુષાથી જ મળે છે અને એમાં સ્ત્રી હંમેશાં આગળ હોય છે. સહનશક્તિ, સદાચાર, શીલ વગેરે ગુણો સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે. પતિ, સાસુ, સસરા, વડીલો પ્રત્યેનો આદર, સેવા, સમભાવ, નોકરો, ગરીબો પ્રત્યે કરૂણા તથા સંતાનો પ્રત્યે સમતા, મમતા આ બધા ગુણોનો સમન્વય એટલે સ્ત્રી અને એથી જ એના આવા ગુણોને લીધે જ તે મોક્ષના માર્ગ ઉપર પુરુષ કરતા આગળ છે અને એટલે જ લગ્નના ચોથા ફેરામાં સ્ત્રી આગળ હોય છે.

**મંગલાષ્ટક :** લગ્નવિધિ પૂરી થતાં બ્રાહ્મણ નવદંપતિને આશિર્વાદ આપતા શ્લોકો બોલે છે અને આઠ અષ્ટકો દ્વારા તેમનું દાંપત્ય જીવન સરળ, સફળ અને પ્રસન્ન નીવડે એવી મંગળ કામનાઓના આર્શિવાદ આપે છે.

**રામ દીવડો :** કન્યા વિદાય વખતે કન્યાની માતા પ્રગટાવેલ દીવડો હાથમાં લઈને વિદાય આપવા આવે છે આનાથી એ એમ કહેવા માંગે છે કે, હે દીકરી! તેં તારી સેવા,

સુશ્રુષા અને સદ્‌ગુણોથી જેમ તારા પિતાનું ઘર અજવાળ્યું છે તેમજ તું તે સંસ્કારોથી તારા પતિના ઘરને પણ અજવાળજે.

**મા માટલું :** માતાનો પ્રેમ, માતાની મમતા, માતાનો જીવ અજોડ છે. તેના સાગર જેવડા પ્રેમ અને શુભેચ્છાઓના પ્રતિક રૂપે ધન, ધાન્ય, ફળ, મેવા, મિઠાઈને માટલામાં ભરે છે. આમાં ધન એટલે લક્ષ્મી સ્વરૂપે સવા રૂપિયો, ધાન્યના પ્રતિક રૂપે મગ, ફળના પ્રતિક રૂપે સોપારી, મેવાના પ્રતિક રૂપે ખારેક અને મિઠાઈના પ્રતિક રૂપે સુખડી અને તે સિવાય ઘણી મીઠાઈઓ વગેરે પણ મુકાય છે. રીધ્ધિ-સિધ્ધિના પ્રતિક રૂપે નાની મોટી શુકનવંતી ચીજો શુભ ચોઘડિયે ભરવામાં આવે છે અને દીકરીને ઘેર સદાય લીલા લહેર રહે તેવી શુભ કામનાના પ્રતિક રૂપે માઁ માટલાનું મોઢું ઢાંકવાનું વસ્ત્ર લીલા રંગનું હોય છે અને સગાના સંબંધો કાચા સુતરના તાંતણા જેવા હોય છે તે સહનશીલતાથી, સજ્જનતાથી અને સુવ્યવહારથી અતુટ રહે અને વ્યવહારના કામો સાંગોપાંગ પાર ઉતરે એના પ્રતિક રૂપે કાચા સુતરનો દડો મા માટલા ઉપર મૂકવામાં આવે છે.

મનુષ્યને રાષ્ટ્ર-સમાજ અને જનજીવન પ્રત્યે જવાબદાર અને કાર્યકુશળ બનાવવા માટે જે નિયમો નક્કી કરવામાં આવ્યા છે તેને સંસ્કાર કહેવામાં આવે છે. સંસ્કાર શબ્દનો અર્થ શુદ્ધિકરણ થાય છે. સોળ સંસ્કારોમાં બારમો લગ્ન-સંસ્કાર અતિ મહત્ત્વનો છે. લગ્ન સંસ્કારથી બ્રહ્મચર્યાશ્રમમાં રહેલી વ્યક્તિનો ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ થાય છે અને સામાજિક જીવનના આધારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધનામાં પ્રવૃત્ત થાય છે.

મનુષ્યો ઉપર ઋષિઋણ-દેવઋણ અને પિતૃઋણ —આ ત્રણ ઋણ હોય છે. યજ્ઞ-યાગાદિથી દેવઋણ, શાસ્ત્રોના અધ્યયનથી ઋષિઋણ અને પુત્રપ્રાપ્તિથી પિતૃઋણમાંથી મુક્ત થઇ શકાય છે. આ ઋણમાંથી મુક્તિ મેળવવા વિવાહ કરવા આવશ્યક છે. માટે હિન્દુ ધર્મમાં વિવાહને પવિત્ર સંસ્કાર માનવામાં આવ્યો છે. માનવ જીવનનું અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિ છે. એ ધ્યેયને મેળવવા માર્ગમાં અંતરાયરૂપ થતી જન્મ જન્માંતરથી જીવ સાથે જોડાયેલી વિષયવાસનાના વેગને મંદ પાડવા તથા સંસારમોહથી વૈરાગ્ય જગાડવા વિવાહ જરૂરી બને છે.

*નવી વાડી, તા. શહેરા, જિ.પંચમહાલ*
**મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫**

*અમે તો મિનારે ચડીને કબૂલ્યું,*
*તમે સ્હેજ ગરદન ઝુકાવી શક્યા નહીં.*
*– વિજય રાજગુરુ*

## બા વિશે...

*૧૦ મે ના રોજ મધર્સ ડે નિમિત્તે....*

ભૂખ મારી ધન્ય થઈ બા એ જ કારણે,
રોટલા પર જોઈ હસ્તરેખાઓ તારી!

જવાબ આપવાનું અઘરું લાગ્યું આજે,
બાએ પૂછ્યું ફોનમાં તબિયત છે ને સારી?

દોષ જોતાં શીખવો કોઈ એને પહેલાં,
માફ કરવાની કલા બા પાસે છે ન્યારી!

બા કહેતી હતી રોજ મને ડાહ્યોડમરો,
એ જુઠાણાએ ઘડી છે જિંદગી મારી!

મારાથી વધુ શ્રીમંત હોય કોઈ, કહેજો,
વિધવા બાનો ચાંલ્લો છે તિજોરીમાં મારી!

નીંદર ન આવે એ વાતમાં કોઈ દમ નથી,
બાએ સીવેલી ગોદડી છે પથારી મારી!

ઓકાતથી નીચે ઊતરીશ નહીં કદી હું,
બાના આશિષ સાથે બાળપણથી યારી!

મહિમા બાનો ગાવા જ્યારે કહ્યું કલમને,
ભીની આંખે એ બોલી માફ કર, હું હારી!

*– રોહિત શાહ*

## હું ને મારી વેદના

હું ને મારી વેદના
જે સમજે એ જ સમજે.
હું ને મારી વેદના.
વિચારો તો સરળ છું,
હું ને મારી વેદના...

સમજો તો સરળ છું
હું ને મારી વેદના
અહેસાસ એ જ સમજે,
એ જ સમજે મારી વેદના.
હું ને મારી વેદના.

બોલવામાં ના તો ના સમજે મારી વેદના
હું ને મારી વેદના
હું રડું છું હું હસું છું
જે સમજે એ જ સમજે મારી વેદના
હું ને મારી વેદના.

*જ્યોતિ એમ. ગોહિલ - ભુજ, કચ્છ*

## ૨૧મી જૂન : આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

# સુખાકારી, શાણપણ અને વિશ્વશાંતિ માટે યોગ

યોગસાધક
કિરણ ચાંપાનેરી 'સેતુ'

***માત્ર ઉજવણીના દિવસે જ યોગ પ્રવૃત્તિ કરીને સંતોષ માનવાને બદલે ૩૬૫ દિવસને યોગમય બનાવીએ.***

યોગ એ ભારતના ઋષિમુનિઓ દ્વારા વિશ્વને મળેલ અણમોલ ભેટ છે. યોગ આધ્યાત્મિક અનુશાસન અને અત્યંત સૂક્ષ્મ વિજ્ઞાન પર આધારિત જ્ઞાન છે. જે મન અને શરીર વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરે છે. યોગ સ્વસ્થ જીવન જીવવાની કળા અને વિજ્ઞાન છે. સંસ્કૃત 'યુજ્' ધાતુ પરથી 'યોગ' શબ્દ બન્યો છે. યોગ એટલે મિલન કે જોડાવું. જીવનું શિવ સાથેનું જોડાવું એટલે યોગ. આત્માનું પરમાત્મા સાથેનું મિલન એટલે યોગ. ભારતવર્ષના પ્રાચીન ગ્રંથોમાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યા અંગે ખૂબ જ છણાવટ કરવામાં આવી છે. યોગ અંગેના ગ્રંથો અનુસાર યોગ અભ્યાસ વ્યક્તિગત ચેતનાને સાર્વભૌમિક ચેતનાની સાથે એકાકાર કરે છે. આધુનિક વૈજ્ઞાનિકોના મતાનુસાર બ્રહ્માંડમાં જે કાંઈ પણ છે તે પરમાણુનું પ્રકટીકરણ માત્ર છે. જેણે યોગમાં આ અસ્તિત્વના એકત્વનો અનુભવ - અનુભૂતિ કરી લીધી છે, તેને યોગી કહેવાય છે. યોગી પૂર્ણ સ્વતંત્રતા પ્રાપ્ત કરી મુક્તાવસ્થાને પ્રાપ્ત કરે છે. જેને મોક્ષ, મુક્તિ, નિર્વાણ કે કૈવલ્ય કહેવામાં આવે છે.

ભારતવર્ષની આ અમૂલ્ય યોગવિદ્યા, યોગદર્શનનો પરિચય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વને કરાવ્યો છે. ૨૧મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી દ્વારા વિશ્વના જનસમુદાયને યોગ પ્રત્યે જાગૃત કર્યા... આધ્યાત્મિક ઉર્ધ્વગમન અને શરીર સ્વાસ્થ્યમાં યોગના વિચારને જનમાનસ સુધી પહોંચાડ્યો. આગામી ૨૧મી જૂન ૨૦૨૬ના રોજ 'સુખાકારી, શાણપણ અને વિશ્વશાંતિ માટે યોગ' વિષયવસ્તુ આધારે બારમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાશે. આ થીમ યોગને શારીરિક સ્વાસ્થ્ય એટલે કે સુખાકારી, શાણપણ અને વૈશ્વિક સંવાદિતા સાથે જોડવા પર કેન્દ્રિત છે. વર્ષ ૨૦૨૬ની થીમ તણાવને દૂર કરવા, સ્વજાગૃતિને પ્રોત્સાહન અને સામૂહિક સુખાકારીને આપવા માટે યોગને દૈનિક રોજિંદા જીવનમાં નિયમિત અપનાવવા ઉપર ભાર મૂકે છે. આંતરિક શાંતિ અને માનસિક સ્વાસ્થ્ય કેળવવામાં યોગની ભૂમિકાને પ્રકાશિત કરે છે. આ થીમ યોગને રોજિંદા જીવનવ્યવહાર સાથે સાંકળવાને પ્રોત્સાહન આપે છે. માત્ર ઉજવણીના દિવસે જ યોગ પ્રવૃત્તિ કરીને સંતોષ માનવાને બદલે ૩૬૫ દિવસને યોગમય બનાવીએ.

સમગ્ર વિશ્વમાં સને ૨૦૧૫થી દર વર્ષે ૨૧મી જૂને 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ થયો. આ યોગ દિવસની ઉજવણીનો પ્રારંભ કઈ રીતે થયો તે અંગેની રસપ્રદ વિગતો જાણીએ.

આપણા ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાના ૬૯મા સત્રના સંબોધનમાં યોગનો મહિમા વર્ણવી વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ મનાવવા આહવાન કરતા જણાવ્યું હતું કે, "યોગ પ્રાચીન ભારતીય પરંપરા તથા સંસ્કૃતિની અણમોલ ભેટ છે. યોગ અભ્યાસ શરીર અને મન, વિચાર અને કર્મ, આત્મસંયમ અને પૂર્ણતાની એકાત્મકતા અને માનવ તથા પ્રકૃતિ વચ્ચે સામંજસ્ય સ્થાપે છે. યોગ સ્વાસ્થ્ય અને કલ્યાણનો પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ છે. યોગ માત્ર વ્યાયામ નથી, પરંતુ પોતાની જાત સાથે, વિશ્વ અને પ્રકૃતિની સાથે એકત્વ શોધવાનો માર્ગ છે. યોગ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવીને આપણામાં જાગૃતતા પેદા કરે છે અને પ્રાકૃતિક પરિવર્તનોથી શરીરમાં થનાર બદલાવોને સહન કરવામાં સહાયક બની શકે છે. આવો... આપણે બધાં સાથે મળીને યોગને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના રૂપે સ્વીકાર કરવાની દિશામાં કાર્ય કરીએ."

મનનીય ભાષણ પછી, ૧૧મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘ મહાસભાના ૧૯૩ સભ્ય દેશોમાંથી ૧૭૭ દેશોના સમર્થન સાથે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો સંકલ્પ સર્વસંમતિ સાથે પસાર કરવામાં આવ્યો. આ સંકલ્પમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ મહાસભાએ સ્વીકાર કર્યો કે યોગ સ્વાસ્થ્ય માટે તથા કલ્યાણ માટે પૂર્ણતાવાદી દૃષ્ટિકોણ પ્રદાન કરે છે. યોગ વિશ્વ જનસમુદાયના સ્વાસ્થ્ય માટે તથા તેમના લાભ માટે વિસ્તૃત રૂપે કાર્ય કરશે. યોગ જીવનના બધા પાસાઓમાં સામંજસ્ય સ્થાપે છે અને એટલા માટે બીમારી અટકાવવા, સ્વાસ્થ્ય સંવર્ધન અને જીવન શૈલી સંબંધી ઘણાં વિકારોના ઉકેલ માટે યોગને જાણવામાં આવે છે.

૨૧મી જૂનનો દિવસ એ ઉત્તરીય ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ છે અને આ જ કારણે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ મનાવવાનું સૂચન કરેલું અને તેનો સહર્ષ સ્વીકાર પણ કરવામાં આવ્યો. ત્યાર પછીના વર્ષે ૨૦૧૫માં ૨૧મી જૂને સમગ્ર વિશ્વમાં 'સંવાદિતા અને શાંતિ માટે યોગ'

થીમ આધારે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ, સને ૨૦૧૬માં બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી 'ટકાઉ વિકાસ લક્ષ્યોની સિદ્ધિ માટે યોગ' થીમ આધારે કરવામાં આવી. સને ૨૦૧૭માં 'સ્વાસ્થ્ય માટે યોગ' થીમ આધારે તૃતીય આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સને ૨૦૧૮માં 'શાંતિ માટે યોગ' થીમ આધારે ચોથો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાયો. સને ૨૦૧૯માં પાંચમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી 'હૃદય માટે યોગ' થીમ આધારિત કરવામાં આવી હતી. સને ૨૦૨૦માં આખું વિશ્વ કોવિડ-૧૯ની મહામારીમાં સપડાયેલ હતું. એટલે સમય અને સંજોગ પ્રમાણે 'ઘરે યોગ અને પરિવાર સાથે યોગ' થીમ આધારે છઠ્ઠા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થઈ હતી. સાતમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સને ૨૦૨૧માં 'સુખાકારી માટે યોગ' થીમ આધારે ઉજવાયો. સને ૨૦૨૨માં આઠમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'માનવતા માટે યોગ' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૩માં નવમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'વસુધૈવ કુટુંબકમ માટે યોગ' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૪માં દસમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'સ્વ અને સમાજ માટે યોગ' થીમ આધારિત ઉજવાયો. સને ૨૦૨૫માં અગિયારમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' થીમ આધારિત ઉજવાયો.

ભારત દેશમાં નવી દિલ્હી વિજ્ઞાન ભવન, ગુજરાતમાં ગાંધીનગર અને વિવિધ યોગ કાર્યક્રમોના આયોજનથી ૧૩મી માર્ચ ૨૦૨૬થી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીના ૧૦૦ દિવસના કાઉન્ટ ડાઉનનો પ્રારંભ થયો. ગુજરાતમાં તો ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૧૩મી માર્ચ ૨૦૨૬, બારમા આંતરરાષ્ટ્રી યોગ દિવસ ઉજવણીની તૈયારી તો ૧૪મી જાન્યુઆરી ૨૦૨૬થી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને થઈ રહી છે. યોગનો વિચાર વધુ અને વધુ જનમાનસ સુધી પહોંચે તે માટે રાજ્ય યોગ બોર્ડ અને તેની સાથે સંકળાયેલ યોગ કો-ઓર્ડિનેટર, યોગ કોચ, યોગ ટ્રેનર અને યોગ બોર્ડની પૂરી ટીમ દ્વારા સોસાયટીઓ સુધી જઈને આયુષ મંત્રાલયે સૂચવેલ કોમન યોગ પ્રોટોકોલ પ્રમાણે અભ્યાસ કાર્યક્રમ, યોગ શિબિર, યોગ તાલીમ વર્ગનું આયોજન થઈ રહ્યું છે. ચાલો, આપણે સૌ સાથે મળી બારમા યોગ દિવસની ઉજવણી શાનદાર રીતે કરીએ અને યોગને ૩૬૫ દિવસ આપણા જીવનમાં અપનાવી આપણે સ્વસ્થ રહીએ, પરિવારને સ્વસ્થ બનાવીએ, સમાજને સ્વસ્થ અને રાષ્ટ્રને સ્વસ્થ બનાવી યોગના માધ્યમથી 'માનવતા'ની મહેક પ્રસરાવીએ...

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હાઉસિંગ સોસાયટી,***
***સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.***
***મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮***

## કોઈના માટે પણ અભિપ્રાય બાંધતા પહેલા નીચેનું લખાણ વાંચજો..

તમે પરસેવે રેબઝેબ છો. ખૂબ તરસ લાગી છે. પણ ક્યાંય પાણી મળે તેમ નથી. એવામાં તમે એક ઝાડનાં છાયામાં થાક ખાવાં ઊભાં રહો છો. ત્યાં જ સામેથી એક મકાનનાં પહેલાં માળની બારી ખૂલે છે ને તમારી અને તે વ્યક્તિની આંખો મળે છે. તમારી હાલત જોઇને તે વ્યક્તિ તમને હાથથી 'પાણી જોઇએ છે?' તેવો ઈશારો કરે છે.

હવે તમને એ વ્યક્તિ કેવો લાગે?

***આ તમારો પહેલો અભિપ્રાય છે.***

તે વ્યક્તિ નીચે આવવાનો ઈશારો કરીને બારી બંધ કરે છે. ૧૫ મિનિટ થવાં છતાંયે નીચેનો દરવાજો નથી ખૂલતો. હવે તે વ્યક્તિ પ્રત્યે તમારો અભિપ્રાય શો છે?

***આ તમારો બીજો અભિપ્રાય છે.***

થોડીવાર પછી દરવાજો ખૂલે છે અને તે વ્યક્તિ એમ કહે કેઃ 'મને વિલંબ થવા માટે માફ કરજો. પણ તમારી હાલત જોઇને મને પાણી કરતાં લીંબુનું શરબત આપવું યોગ્ય લાગ્યું. માટે થોડી વધુ વાર લાગી!'

***હવે તે વ્યક્તિ વિષે તમારો અભિપ્રાય શો?***

યાદ રાખજો કે હજુ તો પાણી કે શરબત કાંઇ મળ્યું નથી ને તમારો ત્રીજો અભિપ્રાય મનમાં જ રાખો.

હવે જેવું તમે શરબત જીભને લગાવો છો ત્યાં જ તમને ખ્યાલ આવે કે તેમાં ખાંડ જરા પણ નથી.

***હવે તે વ્યક્તિ તમને કેવો લાગે છે?***

તમારો ખટાશથી ભરેલો ચહેરો જોઈને, એ વ્યક્તિ ધીમેથી ખાંડનું પાઉચ કાઢે ને કહે, તમને ફાવે તેટલું ઉમેરી દો.

***હવે તે જ વ્યક્તિ વિશેનો તમારો અભિપ્રાય શો?***

એક સામાન્ય પ્રસંગમાં પણ જો આપણો અભિપ્રાય આટલો ખોખલો અને સતત બદલાતો હોય, તો આપણે કોઈના પણ વિશે અભિપ્રાય આપવાને લાયક સમજવા જોઈએ કે નહીં?

હકીકતે દુનિયામાં એટલું સમજાણું કે, 'જો સામેની વ્યક્તિ તમારી અપેક્ષાના ચોગઠામાં બંધબેસતું વર્તન કરે તો તે સારી, નહીં તો... તે ખરાબ!'

***ખૂબ જ રસપ્રદ મુદ્દો છે.***
***જાતે જ વિચારી જુઓ.***

***પ્રેષક : નવનીત પટેલ***

# ખાર્ગ આઈલેન્ડ

ડૉ. મિહિર એમ. વોરા

ખાર્ગ ટાપુને "ફોરબિડન આઈલેન્ડ" તરીકે ઓળખવામાં આવે છે, તે પર્શિયન ગલ્ફમાં ઈરાનનો ખંડીય ટાપુ છે. આ ટાપુ ઈરાનના દરિયા કાંઠે ૨૫ કિલોમીટર (૧૬ માઈલ) દૂર છે અને હોર્મુઝ સ્ટ્રેટના ઉત્તર પશ્ચિમમાં ૬૬૦ કિલોમીટર (૪૧૦ માઈલ) છે.

ખાર્ગ આઈલેન્ડ ઈરાન માટે માત્ર એક ટાપુ નથી, પરંતુ તેની ૭૦ લાખ કરોડ રૂપિયાથી વધુની વાર્ષિક આવકનું સાધન છે. વિશ્વ બજારમાં ઈરાનના કાચા તેલના અંદાજે ૯૦% થી ૯૫% શિપમેન્ટ આ જ ટાપુ પરથી હેન્ડલ કરવામાં આવે છે. જો અમેરિકા આ ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન પહોંચાડે, તો ઈરાનની તેલ આધારિત અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે તૂટી પડી શકે છે. અગાઉના હુમલામાં અમેરિકાએ માત્ર સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા, પરંતુ હવે ઓઈલ સાઈટ્સ પર હુમલાના સંકેતો મળી રહ્યા છે.

ફારસની ખાડીમાં સ્થિત આ નાનકડો ટાપુ જે માત્ર ૨૦ ચોરસ કિમી વિસ્તાર ધરાવે છે તે ઈરાનની તેલ નિકાસ માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વનો છે. ઈરાનના બુશેહર પ્રાંતના કિનારેથી આ ટાપુ ૨૫ કિમી દૂર છે. અહીં સમુદ્રની ઊંડાઈ વધુ હોવાથી વિશ્વના સૌથી મોટા ઓઈલ ટેન્કરો સીધા તેલ લૉડ કરી શકે છે. આ ઈરાનનું સૌથી મોટું ઓઈલ ટર્મિનલ છે, જ્યાં ૨.૪ કરોડ બૅરલ કાચા તેલનો સંગ્રહ કરવાની ક્ષમતા છે. નિષ્ણાતોના મતે, ખાર્ગ ઈરાન માટે વાર્ષિક આશરે ૭૮ અબજ ડોલર (રૂા. ૭ લાખ કરોડથી વધુ) ની આવક પેદા કરે છે. ઈરાન માટે ખાર્ગ આઈલેન્ડ અસ્તિત્વનો સવાલ છે. જો ઈરાન આ ટાપુ પરથી ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરનો કંટ્રોલ ગુમાવે તો આ યુદ્ધનું ભવિષ્ય અને ઈરાનનું પતન નક્કી છે.

૨૦૨૬ના ઈરાન સંઘર્ષના ભાગ રૂપે, ૧૪ માર્ચ, ૨૦૨૬ ના રોજ ઈરાનના ઈસ્લામિક રીવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) દ્વારા હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધી કરવાના જવાબમાં, યુએસ દળોએ ખાર્ગ ટાપુ પર હુમલો કર્યો, જેમાંથી ૨૦ ટકા વૈશ્વિક તેલ અને પ્રવાહી કુદરતી ગેસ પસાર થાય છે. આ હુમલાઓમાં સબમરીન (નૌકાદળ) ખાણો અને અન્ય શસ્ત્રો માટે સંગ્રહ સુવિધાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું જેનો IRGC તેના નાકાબંધીમાં ઉપયોગ કરી રહ્યું હતું.

પરંતુ આ ટાપુ ઈરાનથી તેલ નિકાસ માટે મુખ્ય ટર્મિનલ તરીકે પણ કાર્ય કરે છે. અને તેથી આ હુમલો ઈરાનમાં મહત્વપૂર્ણ તેલ માળખા માટે ખતરો હતો. જોકે, યુએસ હુમલાઓએ ખાર્ગ ટાપુની તેલ સુવિધાઓને ટાળી દીધી હતી. ટેન્કર યુદ્ધ એ ઈરાન-ઈરાક યુદ્ધ (૧૯૮૦-૮૮) નો દરિયાઈ ઘટક હતો જેમાં મે ૧૯૮૪ થી યુદ્ધના અંત સુધી પર્સિયન ગલ્ફમાં તેલ ટેન્કરો અને વેપારી શિપિંગ પર હુમલાઓનો સમાવેશ થતો હતો. ઈરાન અને ઈરાક વચ્ચે જમીન યુદ્ધ સ્થિર થયા પછી, ઈરાકે ઈરાનના ખાર્ગ ટાપુ પર હુમલાઓ વધારવાનું શરૂ કર્યું અને ઈરાને તે હુમલાઓનો વ્યવસ્થિત રીતે જવાબ આપવાનું શરૂ કર્યું. વાણિજ્યિક શિપિંગમાં વિક્ષેપને કારણે ૧૯૮૭ માં યુએસ હસ્તક્ષેપ શરૂ થયો અને યુએસ અને ઈરાની દળો વચ્ચે સીધો મુકાબલો થયો હતો.

૧૯૮૨માં ઈરાન ઈરાક યુદ્ધ જમીન પર સ્થિર થયું અને તેના કારણે પર્સિયન ગલ્ફમાં પણ સંઘર્ષ ફેલાયો જેમાં તેલ ટેન્કરો અને વેપારી જહાજો પરના હુમલાઓનો સમાવેશ થાય છે. ૧૯૮૪માં ઈરાની દળોએ ખાર્ગ ટાપુની આસપાસ ઈરાકી દળો દ્વારા કરવામાં આવેલા હુમલાઓનો વ્યવસ્થિત રીતે જવાબ આપવાનું શરૂ કર્યું અને ૧૯૮૫માં પહેલું વાણિજ્યિક ટેન્કર ઈરાકી મિસાઈલ દ્વારા ડૂબી ગયું હતું. ઑપરેશન અર્નેસ્ટ વિલ એ ઈરાન-ઈરાક યુદ્ધ (૧૯૮૦-૮૮) ના ટેન્કર યુદ્ધ તબક્કા દરમિયાન યુએસ નૌકાદળનું મિશન હતું.

તે જુલાઈ ૧૯૮૭માં મુખ્યત્વે રીફ્લેગેડ કુવૈતી તેલ ટેન્કરોને ઍસ્કોર્ટ કરવા માટે શરૂ થયું હતું અને બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી મોટું નૌકાદળ કાફલાનું ઑપરેશન હતું. આ ઑપરેશન ખાણ યુદ્ધ માટે તૈયાર નહોતું, જે મિશનમાં મુખ્ય અવરોધોમાંનું એક બની ગયું હતું. ૩ જુલાઈ, ૧૯૮૮ના રોજ યુએસએસ વિન્સેન્સે ઈરાન એર ફ્લાઈટ ૬૫૫ ને ફાઈટર જેટ સમજીને તોડી પાડ્યું હતું. આ તોડી પાડવામાં આવેલા હુમલામાં ૨૯૦ નાગરિકોના મોત થયા હતા અને આ દુર્ઘટનાએ યુદ્ધથી કંટાળેલા ઈરાનને સંયુક્ત રાષ્ટ્રની મધ્યસ્થી હેઠળ યુદ્ધવિરામ સ્વીકારવા માટે ઉતાવળ કરી હતી. આ ઘટના ઈરાન-ઈરાક યુદ્ધ (૧૯૮૦-૮૮) ના ટેન્કર યુદ્ધ તબક્કા દરમિયાન બની હતી, જેમાં યુએસ દળો ઈરાની દળો સાથે સીધા મુકાબલામાં હતા.

૨૦૨૫ અને ૨૦૨૬ની શરૂઆતમાં, ઈરાને ખાર્ગ દ્વારા ચીનને દરરોજ લગભગ ૧.૫ મિલિયન બેરલ તેલ નિકાસ કર્યું. અન્ય ઈરાન બંદરો અને અન્ય ગ્રાહક દેશો, ઘણી ઓછી સંખ્યા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૫ ઉપર)

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાનો કાયદો અમલમાં

ડૉ. મિહિર એમ. વોરા

ઉત્તરાખંડ પછી ગુજરાત આ કાયદો પસાર કરનારું ભારતનું બીજું રાજ્ય બન્યું છે. કાયદાની વિશેષતાઓ જોઈએ તો ઘણું જાણવા મળશે.

ગુજરાત સરકારે માર્ચ ૨૦૨૬માં વિધાનસભામાં ઐતિહાસિક સમાન નાગરિક સંહિતા (UCC) બિલ પસાર કર્યું હતું.

લગભગ સાડા સાત કલાક સુધી આ બિલ પર ચાલેલી ચર્ચા બાદ જ્યારે તેના પર વોટિંગ થયું ત્યારે તે બહુમતથી પસાર થઈ ગયું હતું. વોટિંગ દરમિયાન મુખ્ય વિપક્ષ કોંગ્રેસે ગૃહમાંથી વોક-આઉટ કર્યું હતું.

આ કાયદો રાજ્યના તમામ નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, મિલકત અને વારસાના સમાન નિયમો લાગુ કરશે, જેમાં લિવ-ઇન રિલેશનશિપની નોંધણી અને પુત્રીઓને સમાન હક જેવી જોગવાઈઓ સામેલ. ૧૯૯૫ માં આ કાયદા માટે ભાજપે વચન આપ્યું હતું, જે ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ પૂરું થયું હતું.

'ગુજરાત બિલ નંબર ૧૭ ઓફ ૨૦૨૬' તરીકે ઓળખાતા આ બિલ પર ગૃહમાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. આ દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, 'સંસ્કૃતિ મિટાવવા માટે બિલ નથી અને આદિવાસી સંસ્કૃતિને કોઈ નુકસાન પહોંચશે નહીં. મહિલાઓ અને બાળકોના ન્યાયની વાત આ બિલમાં છે.

UCC બિલનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ ધર્મના નાગરિકો માટે લગ્ન, છૂટાછેડા, વારસાઈ અને લિવ-ઇન રીલેશનશિપ જેવા વિષયોમાં એકસમાન કાયદો લાવવાનો છે. લગ્ન અને છૂટાછેડાની નોંધણી હવે ફરજિયાત બનશે. લિવ-ઇન પાર્ટનર્સે રજિસ્ટ્રાર પાસે નિવેદન સબમિટ કરવું પડશે.

આવા સંબંધોથી જન્મેલા બાળકોને કાયદેસર ગણવામાં આવશે અને તેમને તમામ કાયદાકીય સુરક્ષા મળશે. આ કાયદો ગુજરાતમાં રહેતા તમામ લોકો ઉપરાંત રાજ્યની બહાર રહેતા ગુજરાતના મૂળ રહેવાસીઓને પણ લાગુ પડશે.

આ સંહિતામાં વ્યક્તિગત કાયદાઓમાં એકરૂપતા લાવવાનો પ્રયાસ છે. પરંતુ સામાજિક સંતુલન જાળવવા માટે અનુસૂચિત જનજાતિઓ (ST) અને સુરક્ષિત રૂઢિગત અધિકારો ધરાવતા ચોક્કસ જૂથોને આ કાયદાના દાયરામાંથી સ્પષ્ટપણે બાકાત રાખવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિએ લાખો લોકોના સૂચનો અને કાયદાકીય પાસાઓનો અભ્યાસ કરીને પોતાનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો છે, જેના આધારે આ વિધેયક તૈયાર કરાયું છે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષ સ્થાને રચવામાં આવેલી આ સમિતિમાં નિવૃત્ત વરિષ્ઠ આઈએએસ શ્રી સી.એલ. મીણા, વરિષ્ઠ ઍડવોકેટ શ્રી આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર શ્રીમતી ગીતા શ્રોફનો સમાવેશ થયેલો છે. આ બિલ ઉપરના તમામ સમુદાયો સિવાયના તમામ જાતિ અને ધર્મના લોકોને લાગુ પડશે. આ બિલમાં લગ્ન અને છૂટાછેડા, વારસાગત મિલકત અને લિવ-ઇન રિલેશનશિપ જેવા મુદ્દાઓ પર નિયમો બનાવવામાં આવ્યા છે.

***કેટલીક મહત્ત્વની જોગવાઈઓ નીચે મુજબ છે :***

★ લગ્નનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

★ લિવ-ઇન સંબંધોનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડશે.

★ છૂટાછેડા માટે સૌ માટે સમાન નિયમો બનાવાયા છે.

★ દીકરી હોય કે દીકરો સૌને સમાન વારસાગત હક મળશે.

★ આ જોગવાઈના પાલન માટે દંડ અને સજા સહિત કડક અમલ થશે.

★ દરેક ધર્મ અને પરંપરા મુજબ થયેલ લગ્નની નોંધણી ફરજિયાત રહેશે અને નોંધણી ન કરાવવાથી સજાની જોગવાઈ થશે.

★ ફરજિયાત લગ્ન નોંધણી ન કરાવવામાં આવે તો ૧૦ હજાર સુધીનો દંડ, બળજબરી કે ધાકધમકીથી લગ્ન કરાવવામાં આવ્યા હોય તો સાત વર્ષ સુધીની સજા અને એકથી વધુ લગ્ન કરવાના કિસ્સામાં સાત વર્ષથી વધુની સજાની જોગવાઈ.

★ છૂટાછેડા બાદ નોંધણી ફરજિયાત. કોર્ટ બહારના છૂટાછેડા અમાન્ય રહેશે. કોર્ટ બહારના છૂટાછેડા કરવાના કિસ્સામાં ત્રણ વર્ષ સુધીની સજાની જોગવાઈ.

★ લિવ-ઇન સંબંધોની નોંધણી ન થાય તો ત્રણ મહિના

સુધીની સજા અને દંડની જોગવાઈ.

★ સગીરા સાથે લિવ-ઇન સંબંધના કિસ્સામાં પોક્સો એક્ટ હેઠળ સજાની જોગવાઈ.

★ છૂટાછેડા માટે તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન નિયમોની જોગવાઈ. નિભાવ ખર્ચ સહિત તમામ મુદ્દે સમાન નિયમો.

★ લઘુમતી સમુદાયોમાં પિતરાઈ સાથેના લગ્ન એ તે સમુદાયની પરંપરામાં હોય તો, તેને આ બિલ કાયદો બન્યે પણ માન્ય ગણવામાં આવશે.

★ મુસ્લિમ દીકરીઓને મિલકતના વારસામાં પણ પુત્ર જેટલો હક્ક મળશે.

★ નિકાહ-હલાલા જેવી પ્રથાનો કાયમી અંત લાવવામાં આવશે.

ગુજરાતમાં ૧૫% વસ્તી અનુસૂચિત જનજાતિ (ST)ની તથા ૬.૭૪% વસ્તી અનુસૂચિત જાતિ (SC)ની છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે સંખ્યાની દૃષ્ટિએ અનુસૂચિત જનજાતિ (ST)ની વસ્તી ૮૯.૧૭ લાખ તથા અનુસૂચિત જાતિ (SC)ની વસ્તી ૪૦.૭૪ લાખ છે. તેમાં આદિવાસી (ST) સમાજના વિવિધ પ્રકારની પેટા જ્ઞાતિઓ મુજબ લગ્ન, છુટાછેડા અને વારસાઇના રીવાજો છે.

સમાન નાગરિકતા સંહિતામાં આ બન્ને સમાજને કેવી રીતે સમાવાશે તેના અંગે અનેક પ્રકારના મતમતાંતરો પ્રવર્તતા હતા. જોકે, સૂચિત કાયદામાંથી તેમને બાકાત રાખવામાં આવ્યા. અનુસૂચિત આદિજાતિ તથા વ્યક્તિઓના અમુક અન્ય સમુહ જૂથોને આ કાયદો લાગુ પડશે નહીં.

ઉપરાંત આ કાયદો જેમના રૂઢીગત અધિકારોને બંધારણ હેઠળ વિશેષ રૂપે રક્ષણ આપવામાં આવ્યું છે તેવા વ્યક્તિઓ કે જૂથોને પણ લાગુ નહીં પડે. આદિવાસી સમુદાયો, જે તેમની આગવી સામાજિક-સાંસ્કૃતિક પ્રણાલીઓ અને રૂઢીગત કાયદાઓ દ્વારા ઓળખાય છે, તેઓ અવારનવાર આ પ્રથાઓને તેમની ઓળખ અને સ્વાયત્તતાના અભિન્ન અંગ તરીકે જુએ છે. બિલ હેઠળ આપવામાં આવેલી મુક્તિ આ અધિકારોનું રક્ષણ કરવાનો પ્રયાસ કરે છે.

આ જૂથોને આ સંહિતાના દાયરામાંથી બાકાત રાખવામાં આવ્યા હોવાથી, કલમ-૪(૧) હેઠળની ફરજિયાત એકપત્નીત્વ કે એકપતિત્વની શરત તેમને લાગુ પડશે નહીં. જે મુજબ લગ્ન સમયે બંને પક્ષોમાંથી કોઈનો પણ જીવનસાથી જીવિત ન હોવો જોઈએ. તેમના લગ્ન અને પારિવારિક બાબતો તેમના હાલના રીવાજો, પરંપરાઓ અને પર્સનલ લૉ દ્વારા સંચાલિત થવાનું ચાલુ રહેશે. આ જૂથોને તેમના બંધારણીય અને પરંપરાગત રીવાજોના રક્ષણ માટે બાકાત રાખવામાં આવ્યા છે. બિલમાં લિવ-ઈન રિલેશનશિપ માટે પણ નિયમો બનાવવામાં આવ્યા છે.

★ આ બિલ પ્રમાણે રાજ્યની અંદર લિવ-ઇન રીલેશનશિપમાં રહેતા સાથીદારોએ ગુજરાતના રહેવાસીઓ હોય કે પછી ન હોય. તેમણે લિવ-ઇન રીલેશનશિપનું નિવેદન રજિસ્ટ્રારને સુપરત કરવાનું રહેશે.

★ ગુજરાતની બહારના પ્રદેશમાં રહેતા હોય, પરંતુ ગુજરાતમાં જન્મેલા હોય તેવા લોકોએ પણ જ્યાંના તે રહેવાસીઓ હોય ત્યાં લિવ-ઇન રીલેશનશિપનું નિવેદન રજિસ્ટ્રારને સુપરત કરવાનું રહેશે.

★ લિવ-ઇન રીલેશનશિપનું કોઈ પણ બાળક તે દંપતીનું કાયદેસર બાળક ગણાશે.

★ લિવ-ઈન રીલેશનશિપનું આવેદન આપ્યા પછી રજિસ્ટ્રાર તેની વિગતોની તપાસ કરશે અને તે સમયે સાથીદારો સિવાય જરૂર પડ્યે અન્ય કોઈ પણ વ્યક્તિને બોલાવી શકશે.

★ કોઈ સ્ત્રીને તેના લિવ-ઇન પાર્ટનર દ્વારા ત્યજી દેવામાં આવે તો તેઓ છેલ્લે જ્યાં સહનિવાસ કરતાં હતાં તેના લિવ-ઈન પાર્ટનર પાસેથી ભરણપોષણનો દાવો કરવા માટે હક્કદાર થશે અને તેના માટે કોર્ટમાં જઈ શકશે.

★ જે વ્યક્તિ નિવેદન રજૂ કર્યા વિના લિવ-ઇન રીલેશનશિપમાં એક મહિનાથી વધુ રહેશે અને દોષિત ઠરશે તો તેને ત્રણ મહિના સુધીની સજા તથા વધુમાં વધુ ૧૦ હજારના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

★ જે વ્યક્તિ લિવ-ઇન રીલેશનશિપ સ્થાપિત કરવા માટે બળજબરી, સપ્લાઈ કે છેતરપિંડીથી કોઈ વ્યકિતની સંમતિ મેળવે તેને પાંચ વર્ષ સુધીની સજા અને દંડ થશે.

બિલમાં કહેવામાં આવ્યું છે કે સમાન નાગરિક સંહિતા લાગુ થયા પછી કે પહેલાં થયેલાં કોઈ પણ લગ્ન માટે લગ્નવિચ્છેદ તો જ કરી શકાશે જો.... (૧) લગ્નવિધિ થયા પછી અરજદાર સિવાયની કોઈ વ્યક્તિ સાથે સ્વૈચ્છિક જાતીય સંભોગ કર્યો હોય. (૨) લગ્નવિધિ થયા પછી અરજદાર સાથે ક્રૂરતાથી વર્તન કર્યું હોય. (૩) અરજી રજૂ થયાના તરત અગાઉનાં બે વર્ષ કરતાં ઓછા ન હોય તેવા સળંગ સમયગાળા માટે અરજદારને ત્યજી દીધો હોય. (૪) અરજદારે કોઈ અન્ય ધર્મમાં રૂપાંતરણ કર્યું હોય. (૫) અરજદારને અસાધ્ય માનસિક બીમારી હોય.

આ બિલનો મુસ્લિમ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા દ્વારા ગૃહમાં વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. જ્યારે વિપક્ષ અને કેટલાક સંગઠનો દ્વારા સમાનતાના નામે 'એકરૂપતા' લાદવાના મુદ્દે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. વિરોધ કરનારાઓનું માનવું છે કે આ બિલ વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓની વિશિષ્ટ પ્રથાઓને નુકસાન પહોંચાડી શકે છે, ભલે સરકાર તેને આદિવાસી સંસ્કૃતિથી અલગ રાખવાનો દાવો કરતી હોય.

**એકરૂપતા વિરુદ્ધ સમાનતા :** એવી દલીલ કરવામાં આવી છે કે લોકશાહીમાં 'સમાનતા' જરૂરી છે પરંતુ 'એકરૂપતા' ફરજિયાત હોવી જોઈએ નહીં.

**રાજકીય અને સામુદાયિક વિરોધ :** વિધાનસભામાં એકમાત્ર મુસ્લિમ ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ આ બિલનો સતત વિરોધ કર્યો હતો, જે આ બિલને વ્યક્તિગત કાયદામાં દખલગીરી ગણાવે છે.

**સામાજિક માળખામાં બદલાવ :** લગ્ન, છૂટાછેડા અને લિવ-ઈન રીલેશનશિપના નિયમોમાં ફેરફારથી અમુક સમુદાયોની સામાજિક પ્રથાઓ પ્રભાવિત થવાની ભીતિ છે.

નોંધનીય છે કે, આદિવાસી સંસ્કૃતિને સુરક્ષિત રાખવા માટે આ બિલમાં વિશેષ છૂટછાટ આપવામાં આવી છે, છતાં કેટલાક સંગઠનો આ કાયદાને બંધારણીય અધિકારોના ઉલ્લંઘન તરીકે જુએ છે.

*સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ અને ગુજરાત સરકારની અધિકૃત સરકારી માહિતી વિભાગની માહિતી.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ખાર્ગ આઈલેન્ડ

**(અનુસંધાન : પાના નં. – ૭૨ ઉપરથી ચાલુ)**

દર્શાવે છે. ૧૫ થી ૨૦ ફેબ્રુઆરી દરમિયાન, ઈરાને તેની તેલ નિકાસ સામાન્ય દર કરતા ૩ ગણી વધારી દીધી અને તેલનો સંગ્રહ ઘટાડ્યો. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ૨૦૨૬ના ઈરાન યુદ્ધની શરૂઆત પછી, સેટેલાઇટ છબીઓ દર્શાવે છે કે ઈરાને ફેબ્રુઆરીની શરૂઆતથી જ ત્યાં તેલનો સંગ્રહ ઘટાડવાનું શરૂ કરી દીધું હતું, કદાચ હુમલાની અપેક્ષાએ. સુવિધામાં ૧૮ મિલિયન બેરલ (૫૮ % ભરેલા) હતા, જ્યારે ૭ માર્ચ સુધીમાં નવ તેલ ટાંકી ભરાઈ જવાનો અંદાજ હતો, જે જાન્યુઆરીના મધ્યમાં ૨૭ હતી.

માર્ચમાં, એવા અહેવાલ આવ્યા હતા કે ઇઝરાયલ ટાપુ પર બોમ્બમારો કરવાનું વિચારી રહ્યું છે, જ્યારે અમેરિકા તેને કબજે કરવાની તરફેણમાં હતું. ૧૩ માર્ચે, અમેરિકાએ ટાપુ પરના લશ્કરી સ્થાપનો પર બોમ્બમારો કર્યો હતો . લગભગ ૯૦ લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવવામાં આવ્યા, જ્યારે ટાપુ પર તેલ માળખાને અકબંધ રાખવામાં આવ્યું. ૨૦ માર્ચ ૨૦૨૬ ના રોજ, યુએસ ન્યૂઝ વેબસાઇટ એક્સિઓસે અહેવાલ આપ્યો કે ટ્રમ્પ ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોને પસાર થવા દેવા માટે દબાણ કરવા માટે ટાપુ પર નાકાબંધી અથવા કબજો કરવાનું વિચારી રહ્યા છે જે હજી સુધી શક્ય બન્યું નથી અને ઈરાન બનવા દેશે પણ નહીં.

*સંદર્ભ : વિકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## આજની અફવા અને ભારતીયોની માનસિકતા

વર્લ્ડ વૉર-૨ વખતે જર્મનીએ બ્રિટન આવતા ખાંડના જહાજ બોમ્બમારો કરી ડૂબાડી દીધા.

બ્રિટીશ રેડિયો પર જાહેરાત થઇ કે દેશમાં ખાંડની અછત છે માટે માપમાં મળશે.

ત્યારે બ્રિટીશ PM ચર્ચિલ એની અસર જોવા લંડનમાં નીકળ્યા અને ખાંડ માટેની લાંબી લાઈનો જોઈને હતાશ થઈ ગયા. પણ એમણે લાઈનમાં જઈ બે-ચાર જણને પૂછ્યું તો ખબર પડી કે જેમની પાસે વધુ ખાંડ પડી હતી એ લોકો પાછી આપવા લાઈનમાં ઉભા હતા!

ચર્ચિલ ગદ્‌ગદ્ થઇને જીતના પૂર્ણ વિશ્વાસ સાથે પાછા વળી ગયા.

આવું કેરેક્ટર પ્રજાનું હોય તો દેશ મહાન થાય જ થાય...

પણ આપણે... કારમાં ૨૦૦૦નું પેટ્રોલ પડ્યું હોય, તાત્કાલિક ક્યાંય દૂર જવાનો પ્લાન ન હોય, રોજ દૂર દૂર નોકરીએ જતાં લોકોને ફક્ત રૂા. ૨૦૦-૫૦૦ના પેટ્રોલની વધુ જરૂરત હોય તો ય ૨ કલાકની લાઈનમાં ૨૦૦નું પેટ્રોલ બાળી, બીજા ૧૫૦૦નું પેટ્રોલ ભરાવી આવીએ ત્યારે પૌત્ર જન્મ જેવો જશન મનાવીએ.

પોપટની જેમ 'જય હિંદ' બોલવાથી રાષ્ટ્રભક્તિ પુરવાર નથી થતી... કે ન તો અડધા વિશ્વ ઉપર રાજ કરનાર પ્રજા બનાય છે!

# આપણા દેશની ક્ષમતા હોવા છતાં જાપાન દેશ આગળ કેમ છે?

મનીષ જોષી 'મૌન'

***ઈલેક્ટ્રીશિયન, પ્લમ્બર, સુથાર સહિતના ટેકનિકલ જ્ઞાનીઓને તમે જાણો છો?***
***જૂની વસ્તુ કે સાધન ચાલે તેમ હોવા છતાં નહીં ચાલે તેમ કહી***
***નવી જ વસ્તુ વાપરનારા આપ અને આપના કોન્ટ્રાક્ટરોને દેશભક્ત કહી શકાય?***

ટોચના દેશ ગણાતા જાપાનનો એક પ્રસંગ મને એક ઉદ્યોગપતિએ કહ્યો. તેમણે જણાવ્યું કે તેમની જાપાન દેશની મુલાકાત દરમિયાન સ્કૂલ બેગ બનાવતી કંપનીની મુલાકાત લીધી હતી. કંપની એ વાતનું ધ્યાન રાખતી હતી કે પહેલા ધોરણમાં વિદ્યાર્થીએ ખરીદેલી સ્કૂલ બેગ ધોરણ ૧૨ સુધી ચાલવી જ જોઈએ. કારણ દેશે કરેલું ઈન્વેસ્ટમેન્ટ વસૂલ થવું જોઈએ. હવે આજ બાબતને આપણા દેશ સાથે સરખાવીએ તો? ૬ મહિનામાં વિદ્યાર્થીઓને નવી સ્કૂલ બેગ લાવવી પડતી હોય છે તેવું ઘણા મા બાપ કહેતા હોવાનું સાંભળવામાં આવે છે. તેનું કારણ શું?

એ જ રીતે આપ બધાને અનુભવ હશે કે ઈલેક્ટ્રીશિયન, પ્લમ્બર, સુથાર સહિતના ટેકનિકલ જ્ઞાનીઓ અને તેમને રાખનારા કોન્ટ્રાકટરો પૈકીના કેટલાક આવી બાબત માટે જવાબદાર છે. આ કડવું સત્ય છે!

કારણ જૂની વસ્તુ કે સાધન ચાલે તેમ હોવા છતાં નહીં ચાલે તેમ કહી નવી જ વસ્તુ વાપરનારા ટેકનિકલ જ્ઞાનીઓ વધી ગયા છે. ઓછી મહેનતે કામ કરવા અને વધુ રૂપિયા વસૂલવા ટેવાતા જાય છે. આટલેથી અટકતા નથી. દુકાને આવેલા ગ્રાહકે નામ, નંબર, સરનામું લખાવ્યા હોવા છતાં બે ત્રણ દિવસ સુધી અથવા તો એનાથી પણ લાંબા સમય સુધી સંપર્ક નહીં કરવાનો. તેને કારણે ગ્રાહક પીડા કે અસુખ ભોગવતા હોવા છતાં 'આપણે શું?' એમ માનવામાં શૂરા હોય છે. અથવા ફરી યાદ દેવડાવજો એમ કહેતા સંભળાય છે. પણ આવા જ્ઞાનીઓ ભૂલી જાય છે કે સબ દિન ના હોત સમાન (જાપાન દેશ આગળ એટલે જ છે). એક પરમ તત્ત્વ આ બધું જોઈ રહ્યો છે. તેના દ્વારા આજે નહીં તો કાલે જવાબ મળશે એ ભૂલવું ના જોઈએ.

'ટીપે ટીપે સરોવર ભરાય'એ કહેવત ધ્યાનમાં રાખીને નાનું કામ આપનાર ગ્રાહક પણ ભગવાન સમાન હોય છે. જો એ વાત વિસરાશે તો ક્યારેક તમે પણ વિસરાઈ જશો. જૂની વસ્તુ નહીં વાપરનાર ટેકનિકલ જ્ઞાનીઓથી પીડિત ગ્રાહક છેવટે રદ્દીમાં એ ચીજ વસ્તુ આપી દે છે. તેને કારણે દેશને કેટલું મોટું નુકસાન વેઠવાનું થાય છે તેનો અંદાજ તમારા જેવા જ્ઞાનીઓને છે? જો એ વસ્તુ કે ચીજ ઉપયોગમાં લેવાઈ હોત તો... પ્લાસ્ટિક સહિતનું પ્રદૂષણ અટકત. દેશનું ભ્રામિક ટર્નઓવર ઓછું થાત. પરંતુ આપણે રાષ્ટ્ર પ્રત્યે જાપાનવાસીઓની જેમ નિષ્ઠાવાન છીએ ખરા? આ વાતમાં કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં. અને જો સત્ય લાગે તો સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. એ પછી આપણે સો ટકા જાપાન કરતા આગળ હોઇશું એમાં બેમત નથી.

- **સંવેદના :**

*સમાજમાં સંસ્કારનો મતલબ એ છે કે... તમે તમારી ખુશીઓનું ગળું દબાવી દો પછી લોકો સંસ્કારી માને.*
*– વિજય ગાલા*

*'મેઘવર્ષા', ૧૪, સપ્તગિરિ સોસાયટી વિભાગ-૩,*
*સાંઇ મંદિર અને બગીચાની પાછળ,*
*વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૦૧.*
*મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮*
*ઈ-મેઈલ : maunjoshi@gmail.com, maun_66@yahoo.co.in*

## સિરોસીસ ઓફ લીવર

**(અનુસંધાન : પાના નં. – ૭૭ ઉપરથી ચાલુ)**

વજન, ડાયાબિટીસ, લોહીમાં ચરબીનું પ્રમાણ કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરવાનો. (૫) પૂરક ખોરાક, પેઈન કીલર દવાઓથી દૂર રહેવું. (૬) રોગના પરિણામોની સારવાર : (A) અન્ન નળીના નીચેના ભાગ જેમાંથી લોહી વહે તેને સીલ કરવો. (Sclero therepy) (B) પેટમાંથી પાણી કાઢી પોષક તત્ત્વો, PCV તથા આખું લોહી આપવું. (C) કીડની ફેઈલ્યોર માટે ડાયાલિસિસ. (D) લીવર કેન્સરની સારવાર.

અતમાં LIVER TRANSPLATATION આખી દુનિયામાં ગુજરાતમાં અમદાવાદની કેટલીક હોસ્પિટલોમાં સફળતાપૂર્વક થાય છે. ■

# સિરોસીસ ઓફ લીવર (Cirrhosis of Liver)

ડૉ. કમલેશ એન. શાહ
M.D., F.I.C.A. (USA)

આ એક લીવરનો એવો રોગ છે જે પાછો વાળી ન શકાય. કાયમી લીવરમાં સ્કાર (Fibrosis) કરે અને લીવરના કામકાજમાં અવરોધ ઉત્પન્ન કરે. જેના કારણે લીવર ફેઈલ થઈ શકે. લીવરને નુકસાન ધીમે ધીમે ઘણા વર્ષોથી થાય છે, જે મોટાભાગે દારૂ, વાઈરસ, મેટાબોલીક તથા દવાઓની આડ અસરના કારણે થાય છે. આ લીવરનું અંતિમ રોગનું ચરણ છે. સ્કાર થવાનું કારણ લાંબા સમય સુધી લીવરના કોષ ઉપર સોજો હોવાનું મનાય છે.

***આ રોગના પ્રકારને બે ભાગમાં વહેંચી શકાય :*** (૧) Compensated Cirrhosis, (૨) Decompensated. પ્રથમ પ્રકારમાં શરીર લીવરને થતા નુકસાનને ભરપાઈ કરી દે છે. બીજા પ્રકારમાં નુકસાન ભરપાઈ થતું નથી પણ લીવરને નુકસાનના ચિન્હો દેખાય છે.

- **આ રોગના કારણે લીવર ઉપર થતી આડ અસરો :**

(૧) સ્કારીંગ થવાના કારણે લીવરના કોષોમાં લોહી તથા ઓક્સિજનનો પુરવઠો અટકી જાય. (૨) લીવર શરીરના ખરાબ તત્વો, કચરો શરીરમાં રહે. (૩) પિત્ત, વિટામિન્સ અને પ્રોટીન પેદા થવામાં અવરોધ થાય છે. (૪) આ કારણે લોહીની મુખ્ય નસ Portal Veen ઉપર દબાણ આપવાથી Portal Hypertension થાય છે.

આ રોગના ભારત દેશમાં ૫૦,૦૦૦+ અને દર વર્ષે નવા ૭૦,૦૦૦ કેસો જોવા મળે છે. અમેરિકામાં ૦.૫% અને દર વર્ષે ૨૬,૦૦૦ મૃત્યુ.

- **આ રોગના પ્રશ્નો તથા ચિન્હો :**

સામાન્ય રીતે શરૂઆતમાં જણાતા નથી પરંતુ જેમ જેમ રોગની ખબર પડે તેમ તેમ : (૧) ઉબકા, ઉલટી, ભૂખ ન લાગવી, અશકિત, થાક. (૨) પેટના ઉપરના ભાગમાં દુઃખાવો - લોહીની નાની નસો કરોળિયાની જેમ દેખાવી. (૩) હથેળીનો ભાગ લાલ થવો. (૪) કમળો - પીળાશ. (૫) શરીર ઉપર ખંજવાળ. (૬) વજનમાં ઘટાડો અને સ્નાયુઓનો ધીમેધીમે નાશ. (૭) માસિકમાં અનિયમિતતા. (૮) પેટમાં પાણી ભરાવું. (૯) લોહીની ઉલટી.

- **આ રોગ થવાના કારણો :**

(૧) દારૂના કારણે લીવર ઉપર સોજો (Hepatitis). (૨) વધારાની ચરબી લીવરમાં જમા થવી, ઊંચું લોહીનું દબાણ, ડાયાબિટીસ કાબૂમાં ન હોવો. (૩) કેટલાક વાઈરસના કારણે લીવર ઉપર સોજો હીપેટાઈટીસ C વાયરસ. (૪) હીપેટાઈટીસ B વાઈરસ (Hbs Ag). (૫) ઓટો ઈમ્યુન રોગો - શરીરમાં જાતે પેદા થતા લીવરનો રોગ – Auto Immune Disease. (૬) Toxic Hepatitis – વાતાવરણના ઝેરી પદાર્થો તથા કેટલીક પેઈન કીલર દવાઓ NSAID.

- **આ રોગ થયા પછીના પ્રશ્નો :**

(૧) શરીરની રોગ પ્રતિકારક શક્તિમાં ઘટાડો, બીજા રોગો સામે લડવાની તાકાત ઓછી થવી. (૨) શિરાઓમાંથી પાણી લીક થવાથી શરીર ફૂલવું, પેટમાં પાણી ભરાવું - સોજા ચઢવા. (૩) પાચનની ક્રિયાઓના પ્રશ્નો, માલ ન્યુટ્રીશન થવું. (૪) ક્યારેક યાદ શક્તિમાં ફેરફાર, અચાનક બેભાન થવું.

- **ગંભીર પ્રકારનો પ્રશ્નો :**

(૧) લોહીની ઉલટીઓ - કાળા રંગનો ઝાડો. (૨) અચાનક પેટમાં ચેપ લાગવો. (૩) કિડની તથા ફેફસાના ફેઈલ્યર. (૪) લીવર કેન્સર તથા કોમા હીપેટીક એનસેફેલોપથી.

- **કેવી રીતે નિદાન કરશો?**

(૧) દર્દીને ઉપર જણાવ્યા પ્રમાણેની ટેવો - દારૂ, પેઈન કીલર દવાઓ. (૨) દર્દીને લોહીના બાટલા ચઢાવ્યા હોય જેમાં હીપેટાઈટીસ C ના વાઈરસ આવી ગયા હોય. (૩) દર્દીને કમળો થયો હોય તેમાં Hbs Ag – ઝેરી કમળાના વાઈરસ પોઝીટવ હોય. (૪) લીવરના બીજા ટેસ્ટ LFT. (૫) સોનોગ્રાફી તથા લીવરના CT Scan. (૬) ખાસ પ્રકારની ELASTOGRAPHY જેમાં લીવરની બરડતા તથા સ્કારીંગની ખબર પડે. (૭) લીવર બાયોપ્સી જે રોગના નિદાન તથા કારણ માટે સહાયભૂત થાય.

- **આ રોગની સારવાર :**

(૧) જે સ્કાર પડયા છે તેને પલટાવી ન શકાય પરંતુ જો લીવરના થોડાક ટીસ્યુ તંદુરસ્ત હોય તો સારવારથી આખી પ્રક્રિયા ધીમી પાડી શકાય. (૨) Hepatitis C – એન્ટી વાઈરસ દવાઓ, Hepatitis Bની એન્ટી વાઈરસ દવાઓ. (૩) ઓટોઈમ્યુન રોગ માટે સ્ટીરોઈડ જે રોગને દબાવે. (૪) દારૂ છોડવો. Non alcoholic લીવરના પ્રશ્નો માટે વધારાનું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭૬ ઉપર)

ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

# ફીટની બીમારી : ભાગ-૬ : સારવાર-૨

● **એપિલેપ્સી ડાયરી – ફીટની નોંધ**

સાઈકો એજ્યુકેશનના એક ભાગ તરીકે આ મહત્ત્વનો ભાગ છે. જેમાં દર્દી તથા નજીકના કુટુંબીજનોની ફીટની ડાયરીમાં નોંધ રાખવામાં આવે છે.

આ ડાયરીમાં જ્યારે દર્દીને ફીટ આવે ત્યારે નીચેના મુદ્દાઓ પ્રમાણે નોંધ રાખવાની જરૂરત પર નિષ્ણાત ડૉક્ટર ભાર આપે છે.

૧. ફીટના હુમલાની તારીખ તથા સમય.
૨. ફીટના હુમલાનો પ્રકાર (હુમલાની શરૂઆત, ત્યારબાદના લક્ષણો, બેશુધ્ધપણું કેટલા સમય રહ્યું, શારીરિક ઈજા થઈ કે નહીં વગેરે).
૩. હુમલો કઈ જગ્યાએ આવ્યો?
૪. હુમલો આવતી વખતે દર્દી શું પ્રવૃત્તિ કરતો હતો?
૫. હુમલો આવ્યો એની પહેલાના સંજોગો જેના લીધે મન અસ્વસ્થ થયું હતું.
૬. હુમલો આવ્યો ત્યારે આવેલા વિચારો.
૭. હુમલો આવ્યો ત્યારે દવાઓ લીધી હતી કે નહીં?
૮. હુમલો આવવાના પહેલા માસિક આવવાનો સમય હતો?
૯. રાત્રે ઊંઘમાં ખલેલ થઈ હતી? અનિદ્રા હતી?
૧૦. લાંબો સમય ભૂખ્યા રહ્યા હતા?
૧૧. માનસિક સ્ટ્રેસ વધી ગયું હતું?

નિયમિત રીતે એપિલેપ્સી ડાયરીમાં નોંધ દર્દી તથા કુટુંબીજનોએ અલગથી રાખવી અગત્યનું છે. આથી ફીટના હુમલાઓ ક્યારે આવે છે, હુમલો કેટલો ગંભીર કે જોરદાર હતો, શારીરિક ઈજા થઈ હતી વગેરેની જાણકારી મળે છે.

વધારે મહત્ત્વનું સારવાર માટે છે કે ફીટનો હુમલો આવવાનું કારણ શું હતું? માનસિક સ્ટ્રેસ, દવાઓ બંધ કરી હતી? ઊંઘમાં ખલેલ, ભૂખ્યા રહેવાનું, માસિક આવવાની પહેલા વગેરે.

દવાઓ સાથે ઉપરોક્ત મુદ્દાઓની ચર્ચા દર્દી તથા કુટુંબીજનો સાથે કરાય છે. જેથી ફીટના હુમલા પ્રતિરોધક પગલા લઈ શકાય તથા ભવિષ્યમાં ફીટના હુમલાઓ અટકાવી શકાય.

● **દવાઓ : એપિલેપ્સી પ્રતિરોધક દવાઓ**

નોર્મલ વ્યક્તિમાં મગજના જ્ઞાનતંતુઓના સૂક્ષ્મ કોષો લયબધ્ધ કાર્યો કરે છે તથા આ કોષો એકબીજા જોડે નિયમિત લયબધ્ધ સંપર્ક જાળવી રાખે છે.

ફીટના હુમલા વખતે ક્ષતિગ્રસ્ત જ્ઞાનતંતુના કોષોમાંથી અનિયમિત ઈલેક્ટ્રોનિક સંદેશાઓના મોજા ઉત્પન્ન થાય છે. આ અનિયમિત સંદેશાઓ જ્ઞાનતંતુના કોષોના કાર્યોમાં ખલેલ પહોંચાડે છે. જેથી ફીટના હુમલાઓ આવે છે.

એપિલેપ્સી પ્રતિરોધક દવાઓ જ્ઞાનતંતુના કોષોમાં આ અનિયમિત સંદેશાઓને અંકુશમાં લાવે છે તથા અનિયમિત સંદેશાઓને બીજા જ્ઞાનતંતુના કોષોમાં ફેલાવા નથી આપતી.

તાજેતરના સંશોધનો પ્રમાણે આ દવાઓ એક અથવા વધારે રીતે અનિયમિત સંદેશાઓને અંકુશમાં રાખે છે.

૧. જ્ઞાનતંતુઓના કોષોમાં ચાલતી સોડિયમ ચેનલ અને/અથવા કેલ્સિય ચેનલને નિયંત્રિત કરે છે.
૨. દવાઓ સંદેશાઓ પ્રતિરોધક ન્યુરોટ્રાન્સમિટર્સ (ગાબા)નું પ્રમાણ વધારે છે. જેથી અનિયમિત સંદેશાઓ આગળ ફેલાતા અટકે છે.
૩. અનિયમિત સંદેશાઓ વધારનાર ન્યુરોટ્રાન્સમિટર્સ (ગ્લુટરમેજીક)નું પ્રમાણ ઘટાડે છે.
૪. જ્ઞાનતંતુના કોષમાં આવેલા વેસીકલ પ્રોટીનનું કાર્ય નિયમિત કરે છે.

આને લીધે ફીટના હુમલાઓ કાબૂમાં આવે છે.

**પ્રથમ જનરેશન દવાઓ** : (૧) ફીનોબાર્બીટોન (ગારડીનલ), (૨) ફેનીટોઈન (એપટોઈન), (૩) કારબામાઝેપીન (ટેગ્રેટોલ), (૪) વાલ પ્રોએટ (એનક્રોએટ ક્રોનો).

**બીજી જનરેશનની દવાઓ** : (૧) લેવેટ્રીસીતામા (લેવેપ્સી), (૨) લેમોટ્રોજીન (લેમોટીન), (૩) ઓક્સકારબામાઝેપિન (ઓલેપટાલ), (૪) ટોપીરામેટ (ટોપીરોલ), (૫) ક્લોબાઝમ (ક્લોબા).

આ દવાઓનું વર્ગીકરણ કયા પ્રકારની ફીટની બીમારીમાં દવાઓ અસરકારક છે એ પ્રમાણે પણ કરાય છે.

(અ) સોડિયમ ચેનલ બ્લોકરસ : કારબામાઝેપીન, ફેનીટોઈન, ઓક્સકારબામાઝેપીન, લેમોટ્રીઝીન.

(બ) બ્રોડ સ્પેક્ટ્રમ : વાલપ્રોએટ, લેમોટ્રીજીન, લેવેટ્રીસીતામ, ટોપીરામેડ.

(ક) ફીટના પ્રકાર પ્રમાણે દવાઓ :

(૧) એબસન્સ ફીટ : ઈથોસક્સિમાઈડ, વાલપ્રોએટ.

(૨) ટોનિક / ક્લોનિક ફીટ : ક્લોબાઝમ, લેવેટ્રીસીટામ, વાલપ્રોએટ.

- **દવાઓની પસંદગી :**

દર્દીને કઈ દવા આપવી, કેટલા પ્રમાણમાં આપવી એ નક્કી કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે.

૧. ફીટનો પ્રકાર.
૨. દર્દીની ઉંમર
૩. દર્દીમાં બીજી બીમારીઓ.
૪. દર્દી દ્વારા લેવાતી અન્ય દવાઓ.
૫. સ્ત્રીઓમાં ખાસ કરીને ગર્ભ ધારણ કરવાની શક્યતા તથા દર્દી ધાવણ ધવડાવે છે કે નહીં.

એપિલેપ્સી પ્રતિરોધક દવાઓ સામાન્ય રીતે સલામત છે. સારવાર વધુ અસરકારક થાય એ માટેના નીચેના સલાહ સૂચનો અમલમાં મૂકવાનું અગત્યનું છે.

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ. કન્સલ્ટન્ટની સૂચનાઓ ધ્યાનપૂર્વક સમજો તથા પાળો.
૨. કન્સલ્ટન્ટની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાની સલાહથી દવાઓમાં ઘટાડો કે વધારો કરવો નહીં.
૩. દવાઓની આડઅસર દવા ઉપર આધાર રાખે છે તેમજ એક જ દવાની આડઅસર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે.
૪. દર્દીને જણાતી આડઅસર વિશે કન્સલ્ટન્ટ જોડે ચર્ચા કરો. દર્દીને જણાતા લક્ષણ દવાની આડઅસર છે કે બીમારીના લક્ષણ છે એ બાબત કન્સલ્ટન્ટને નક્કી કરવા દો. જરૂરત હશે તો કન્સલ્ટન્ટ દવામાં યોગ્ય ફેરફાર ચોક્કસ કરશે.
૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ કન્સલ્ટન્ટની સલાહ પ્રમાણેનો કોર્સ પૂરો કરવો અગત્યનો છે. અધવચ્ચેથી દવા છોડશો નહીં. આથી બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે.
૬. પૂરતી ઊંઘ લેવી અગત્યની છે. જાગરણ ટાળો.
૭. સમય પર ખોરાક લો. ભૂખ્યા રહેવાથી ફીટનો હુમલો આવવાની શક્યતા છે.

*(ક્રમશઃ)*

## HUMAN BODY FACTS

Number of Bones : 206
Number of Muscles : 639
Number of Kidneys : 2
Number of Milk Teeth: 20
Number of Ribs : 24 (12 Pairs)
Number of Heart Chambers : 4
Number of Bones in Face : 14
Number of Bones in Skull : 22
Number of Bones in Chest : 25
Number of Bones in Middle Ear : 3
Number of Muscles in Human Arm : 72
Number of Pumps in Heart : 2
Number of Vertebrae in the Spine : 33
Number of Vertebrae in the Neck : 7
Largest Organ : Skin
Largest Gland : Liver
Largest Artery : Aorta
Smallest Cell : Blood Cell
Normal Blood Pressure : 120/80 mm

## માણસનો જન્મ ક્યારે થશે એ એક સવાલ છે

દુનિયાના રંગઢંગ જુદા આજકાલ છે,
અંધારું એનું એ જ ને બળતી મશાલ છે!

દુનિયાને એક કરવી છે મોટી ધમાલ છે,
ઘર આંગણે તો પ્રેમની વચ્ચે દીવાલ છે!

શસ્ત્ર તો સામસામાં ખડકતા જાય છે,
શોધે છે શાંતિ બધા જગમાં કેવી કમાલ છે!

જઈને ગગનમાં ચંદ્રના ભેદો ઉકેલશે,
માણસને ઓળખી શકે કોની કેવી મજાલ છે!

દુનિયાને ભૂંસી નાખશે ધર્મની ઓથમાં,
સંસ્કારીઓની આ એક નવી હિલચાલ છે!

માણસના સર્વનાશની ચાલે છે યોજના,
દિલમાં છે વેરઝેર સૌના અને આંખ લાલ છે!

એટમ બોમ્બ અધીરા છે ફૂટી જવા હવે,
અવકાશ માત્ર બાકી રહેશે એવો તાલ છે!

'વસંત' આજે ચારેકોર પશુતાનો દોર છે,
માણસનો જન્મ ક્યારે થશે એ એક સવાલ છે!

*વસંત 'કચ્છ કેસરી' - મુંબઈ • મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮*

# મારામાં આવેલ પરિવર્તન

અજ્ઞાત

***હું જેટલા વર્ષ જીવ્યો તેના કરતા હવે ઓછા વરસ મારે જીવવાનું છે તે સમજાઈ ગયા પછી...
– મારામાં આવેલ પરિવર્તન***

૧. કોઈ અંગતની વિદાયથી હવે મેં રડવાનું છોડી દીધું છે કારણ કે આજે નહીં તો કાલે મારો વારો છે.

૨. તેજ પ્રમાણે જો મારી વિદાય અચાનક થઈ જશે તો મારા પછી લોકોનું શું? તે વિચારવાનું પણ છોડી દીધું છે કારણ કે મારા ગયા પછી કોઈ ભૂખ્યું રહેવાનું નથી અને મારી સંપત્તિ કોઈ છોડવાનું કે દાન ધર્મ કરવાનું પણ નથી.

૩. સામેવાળી વ્યક્તિનો પૈસો, પાવર અને પોઝીશનથી હવે અંજાતો નથી.

૪. ખુદના માટે સૌથી વધુ સમય કાઢું છું. સ્વીકારી લીધું છે કે દુનિયા મારા ખભા પર ટકી નથી. મારા વગર કંઈ અટકી પડવાનું નથી.

૫. નાના વેપારીઓ અને ફેરિયાઓ સાથે ભાવતાલ કરવાનું બંધ કર્યું છે. ક્યારેક ખબર હોય કે છેતરાવ છું તો પણ હસતે મોંઢે જતું કરું છું.

૬. ભંગાર વીણવા નીકળતા લોકોને પસ્તી કે ખાલી તેલનો ડબ્બો એમજ આપી દઉં છું. પચીસ પચાસ રૂપિયા જતા કરું ત્યારે એના ચહેરા પર લાખો મળી ગયાનો આનંદ જોઈ ખુશ થાઉં છું.

૭. રોડ પર પાથરણું પાથરી વેપાર કરતા વ્યક્તિ પાસેથી ક્યારેક નકામી વસ્તુ પણ ખરીદી લઉં છું.

૮. વડીલો અને બાળકોની એકની એક વાત કેટલીયે વાર સાંભળી લઉં છું. કહેવાનું બંધ કરી દીધું છે કે તેઓ એ વાત ઘણી વાર કહી ચૂક્યા છે.

૯. ખોટા વ્યક્તિ સાથે દલીલો કરવા કરતા માનસિક સ્વસ્થ રહેવું પસંદ છે.

૧૦. લોકોના સારા કામ કે વિચારોની મુક્તપણે પ્રશંસા કરું છું. એમ કરવાથી મળતા આનંદની મજા માણું છું.

૧૧. હું એવા લોકોથી અંતર જાળવું છું જેઓ પોતાની કુટેવો અને જડ માન્યતાઓ મારા પર થોપવાના પ્રયત્નો કરે છે. એને સુધારવાનો પ્રયત્ન હવે નથી કરતો કારણકે ઘણાં એ કરી ચૂક્યા હોય છે.

૧૨. જિંદગીની દોડમાં પાછળ રાખી દેવા જ્યારે કોઈ મેલી રાજરમત રમે છે ત્યારે હું શાંત રહી તેને રસ્તો આપી દઉં છું. આખરે, ના તો હું જિંદગીની હરીફાઈમાં છું, ના તો મારો કોઈ હરીફ છે.

૧૩. હું એજ કરું છું જેનાથી મને આનંદ આવે. લોકો શું વિચારશે કે કહેશે તેની ચિંતા લોકો ઉપર છોડી દીધી છે. ચાર લોકોને ખુશ રાખવા મારું મન મારવાનું છોડી દીધું છે.

૧૪. ફાઈવ સ્ટાર હોટેલમાં રહેવા કરતાં પ્રકૃતિ નજીક જવું ગમે છે. જંક ફૂડ કરતાં બાજરાના રોટલા અને શાકમાં સંતોષ થાય છે.

૧૫. પોતાના પર હજારો રૂપિયા વાપરવા કરતાં કોઈ જરૂરિયાતમંદના હાથમાં પાંચસો હજાર આપવાનો આનંદ માણી લેતાં શીખ્યો છું. અને દરેકને મારાથી બનતી મદદ પહેલા પણ કરતો હતો અને અત્યારે પણ કરું જ છું.

૧૬. ખોટા પાસે સાચું સાબિત કરવા કરતાં મૌન રહેવાનું પસંદ કરવા લાગ્યો છું. બોલવા ફરતાં ચૂપ રહેવાનું પસંદ કરવા લાગ્યો છું. ખુદને પ્રેમ કરવા લાગ્યો છું.

૧૭.હું બસ આ જગતનો પ્રવાસી છું. હું મારી સાથે મેં કરેલા સત્કર્મ, વહેંચેલ પ્રેમ, આદર અને માણસાઈ સિવાય કંઈજ લઈ જઈ શકીશ નહીં તે મેં સ્વીકારી લીધુ છે.

૧૮. મારો દેહ મારા માતા-પિતાની દેન, આત્મા પરમ કૃપાળુ પરમાત્માની દેન, નામ ફોઇબાની દેન... જ્યાં મારું પોતાનું કાંઇ છે જ નહીં તો વળી નફા નુકસાનની શું ગણતરી...??

૧૯. મારી તમામ પ્રકારની તકલીફ કે દુઃખ મેં લોકોને કહેવાનું બંધ કર્યું છે, કેમકે મને સમજાઈ ગયું છે કે જે સમજે છે તેને કહેવું નથી પડતું અને જેને કહેવું પડે છે તે સમજતાં જ નથી.

૨૦. બસ હવે નિજ આનંદમાં જ મસ્ત રહું છું કેમકે મારા કોઇપણ સુખ કે દુખ માટે માત્ર અને માત્ર હું પોતે જ જવાબદાર છું તે મને સમજાઇ ગયું છે.

૨૧. પળેપળને માણતાં શીખી ગયો છું. કેમકે હવે સમજાઇ ગયું છે કે જીવન ખૂબ જ અમૂલ્ય છે, અહીં કંઇ જ કાયમી નથી. કંઇપણ ગમે ત્યારે થઈ શકે છે, આ દિવસો પણ વિતી જશે.

૨૨. અંતરના આનંદ માટે અધ્યાત્મના માર્ગે ચાલી માનવ સેવા, જીવદયા અને પ્રકૃતિની સેવામાં પોરવાઈ ગયો છુ. મને સમજાયું કે અનંતનો માર્ગ આમાંથી મળે છે.

૨૩. પરમાત્મા અને પ્રકૃતિના ખોળામાં રહેવા માંડ્યો છું. મને સમજાયું છે કે અંતમાં એના ખોળામાં સમાઈ જવાનું છે.

*મોડા મોડા પણ સમજાઈ ગયું છે*
*કદાચ મને જીવતા આવડી ગયું છે.*

બોધકથા

# સૌથી મોટું પુણ્ય કયું?

વિનોદભાઈ માછી નિરંકારી

એક રાજા ઘણા જ પ્રજાપાલક હતા. તે હંમેશાં પ્રજાના હિતમાં પ્રયત્નશીલ રહેતા હતા. તે એટલા કર્મઠ હતા કે પોતાના સુખ એશો-આરામને છોડીને પૂરેપૂરો સમય જનકલ્યાણમાં ફાળવતા હતા. તેઓ મોક્ષના સાધન એટલે કે ભગવત ભજનના માટે પણ સમય ફાળવી શકતા નહોતા. એક દિવસ સવારના સમયે રાજા વનમાં ભ્રમણ કરવા માટે જઇ રહ્યા હતા. તે સમયે તેમને એક દેવના દર્શન થાય છે. રાજાએ દેવને પ્રણામ કરીને તેમનું અભિવાદન કર્યું અને દેવના હાથમાં એક લાંબી પહોળી પુસ્તક જોઇને પૂછ્યું કે, 'મહારાજ! આપના હાથમાં આ શું છે? દેવ કહે છે કે રાજન, આ એક એવી ખાતાવહી છે કે જેમાં તમામ ભજન કરનારાઓનાં નામ છે. રાજાએ નિરાશાયુક્ત ભાવથી કહ્યું કે કૃપા કરીને આ પુસ્તકમાં મારું નામ છે કે નહીં તે જોઇને કહેવાની કૃપા કરો. દેવ મહારાજે પુસ્તકના એક પછી એક તમામ પાન ફેરવીને જોયા પરંતુ ક્યાંય રાજાનું નામ નહોતું.

દેવને ચિંતિત જોઇને રાજાએ કહ્યું કે, મહારાજ! આપ ચિંતા ના કરો. આપ તો શોધી રહ્યા છો પરંતુ વાસ્તવમાં મારું દુર્ભાગ્ય છે કે હું ભજન-કીર્તન માટે સમય ફાળવી શકતો નથી એટલે મારું નામ નથી. તે દિવસે રાજાના મનમાં ઘણી જ આત્મ-ગ્લાનિ થાય છે પરંતુ તેને નજરઅંદાજ કરીને ફરીથી તે પરોપકારની ભાવનાથી બીજાઓની સેવા કરવામાં લાગી ગયા.

કેટલાક દિવસો બાદ ફરીથી રાજા સવાર સવારમાં ફરવા માટે નીકળ્યા તો તેમને એ જ દેવ મહારાજનાં દર્શન થાય છે. આ વખતે પણ તેમના હાથમાં એક પુસ્તક હતું. આ પુસ્તકના રંગ અને આકારમાં ઘણો જ તફાવત હતો અને પહેલાં હતી એ પુસ્તક કરતાં આકારમાં નાની હતી. રાજાએ ફરીથી તેમને પ્રણામ કર્યા અને પૂછ્યું કે, મહારાજ! આજે કઇ ખાતાવહી આપના હાથમાં છે? ત્યારે દેવે કહ્યું કે, રાજન, આજની ખાતાવહીમાં એવા લોકોના નામ છે કે જે ઇશ્વરને અતિશય પ્રિય છે.

રાજાએ કહ્યું કે કેટલા ભાગ્યશાળી એ લોકો હશે, જે દિવસરાત ભગવત ભજનમાં લીન રહેતા હશે! શું આ પુસ્તકમાં મારા રાજ્યના કોઇ નાગરિકનું નામ છે? દેવ મહારાજે ખાતાવહી ખોલી તો તેના પહેલા પાન ઉપર જ રાજાનું નામ હતું. રાજાને ઘણી નવાઇ લાગી અને પૂછ્યું કે મહારાજ, મારું નામ આમાં કેવી રીતે આવ્યું? હું તો ક્યારેક જ મંદિરમાં જાઉં છું. દેવે કહ્યું કે, રાજન! આમાં નવાઇ પામવાની વાત જ નથી. જે લોકો નિષ્કામ ભાવથી સંસારની સેવા કરે છે, જે લોકો સંસારના ઉપકારમાં પોતાનું જીવન અર્પણ કરે છે, જે લોકો મુક્તિનો લોભ છોડીને પ્રભુના નિર્બળ સંતાનોની સેવા સહાયતા કરવામાં પોતાનું યોગદાન આપે છે તેવા ત્યાગી મહાપુરૂષોનું ભજન ભગવાન પોતે કરે છે. હે રાજન! તમે પૂજા-પાઠ નથી કરી શકતા તેનો પસ્તાવો ના કરશો. લોકોની સેવા કરીને તમે ભગવાનની જ પૂજા કરી રહ્યા છો. પરોપકાર અને નિષ્કામ લોકસેવા અન્ય ઉપાસનાથી વધુ શ્રેષ્ઠ છે. ભગવાન દીનદયાળુ છે. તેમને આચરણ જ પસંદ છે. પરોપકાર કરવો એ સાચી ભક્તિ છે. દીન-દુઃખીઓના હિત માટે સાધના કરો, એ જ પરમ ભક્તિ છે. પરોપકારથી મોટું કંઇ જ નથી અને જે પરોપકાર કરે છે તે ભગવાનને સૌથી વધુ પ્રિય છે. જે વ્યક્તિ નિઃસ્વાર્થભાવથી લોકોની સેવા કરે છે. બીજાઓના માટે જીવવું, બીજાઓની સેવા પૂજા સમજીને કરવી, પરોપકારના માટે પોતાના જીવનને સાર્થક બનાવવું એ સૌથી મોટું પુણ્ય છે અને આપ પણ આવું કરશો તો આપોઆપ ઇશ્વરના પ્રિય ભક્તોની યાદીમાં આવી જશો.

પરોપકાર કરવો એ પુણ્ય છે અને બીજાને પીડા પહોંચાડવી એ પાપ છે. કોઈપણ જીવમાત્રને ત્રાસ કે દુઃખ આપવાથી પાપ બંધાય છે કારણકે દરેક જીવમાત્રમાં ભગવાન છે. તેથી કોઈ પણ જીવને સુખ આપવાથી પુણ્ય બંધાય છે. મહાપુરુષોના સંગમાં રહેવાથી પુણ્યની પ્રેરણા મળે અને પાપથી બચી શકાય છે. માણસે પોતાના સમયનો સદુપયોગ દાન આપવામાં, પુણ્ય કાર્યમાં અને શાસ્ત્રનો અભ્યાસ કરવામાં કરવો જોઈએ.

*નવી વાડી, તા. શહેરા, જિ. પંચમહાલ.*
*મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫*

## ચેક બાઉન્સિંગના ભારતભરમાં નોંધાયેલા કેસો

ભારતની અદાલતોમાં ચેક બાઉન્સિંગના ૪૩ લાખ કેસો પેન્ડિંગ છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ દ્વારા કેટલાક ચોંકાવનારા આંકડા જાહેર કર્યા હતા. જે મુજબ દિલ્હીની જિલ્લા કોર્ટોમાં ચેક બાઉન્સના ૬,૫૦,૨૮૩; મુંબઈની કોર્ટોમાં ૧,૧૭,૧૯૦; કોલકાતાની કોર્ટોમાં ૨,૬૫,૯૮૫ કેસો પેન્ડિંગ છે. અન્ય બાકી રહેતા કેસો ભારતના વિવિધ રાજ્યોની કોર્ટોમાં પેન્ડિંગ છે.

સમાજ આરસી

## લોકકથા

અજ્ઞાત

ખંભાતના વાણિયાની આ વાત છે. એ મરવા પડ્યો ત્યારે પોતાના એકના એક દીકરા ધર્મપાળને બોલાવી તેણે કહ્યું: 'બેટા, મારી પાસે કંઈ ધનમાલ નથી. મિલ્કતમાં હું તને મારા આશીર્વાદ દેતો જાઉં છું કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જજો!' દીકરાએ માથું નમાવી બાપના આશીર્વાદ ઝીલ્યા. બાપે સંતોષથી પ્રાણ છોડ્યા.

હવે ઘરનો ભાર ધનપાળના માથે આવ્યો. તેણે એક નાનકડી હાટડી શરૂ કરી. ધીરે ધીરે તેની કમાણી વધતી ચાલી. તેણે ધંધાનો વિસ્તાર કરવા માંડ્યો. ધંધાના વિસ્તાર સાથે કમાણી પણ વિસ્તરી. ગામના શ્રીમંતોમાં એની ગણતરી થવા લાગી. એને ખાતરી હતી કે મારા પિતાના આશીર્વાદનું જ આ ફળ છે. પિતાએ આખી જિંદગી દુઃખ વેઠ્યું, પણ ધીરજ ન ખોઈ, શ્રદ્ધા ન ખોઈ, પ્રામાણિકતા ન ખોઈ. તેથી એમની વાણીમાં બળ આવ્યું, તેમના આશીર્વાદ ફળ્યા અને હું સુખી થયો. તેના મોઢે આવી વાત સાંભળી એક જણે કહ્યું: 'તમારા પિતામાં આવી તાકાત હતી, તો એ પોતે કેમ કશું કમાયા નહિ?' ધર્મપાળે કહ્યું: 'હું પિતાની તાકાતની વાત નથી કરતો, પિતાના આશીર્વાદની તાકાતની વાત કરું છું.'

આમ જ્યારે ત્યારે એ બાપના આશીર્વાદના ગુણ ગાતો. તેથી લોકો મશ્કરીમાં તેને 'બાપનો આશીર્વાદ' કહી બોલાવતા. ધનપાળને એથી ખોટું લાગતું નહીં. એ કહેતો કે બાપના આશીર્વાદને લાયક નીવડું એટલે બસ. આમ વર્ષો વીત્યાં. ધનપાળનો વેપાર ખૂબ વધ્યો. એનાં વહાણો દેશદેશાવર ફરતાં અને માલની લે-વેચ કરતાં. એની કમાણીનો પાર ન હતો. એકવાર એને થયું કે આમ વેપાર રોજગારમાં નફો જ નફો થયા કરે એ સારું નહિ, કોઈ વાર નુકસાનનો પણ અનુભવ કરવો જોઈએ. એણે એક મિત્રને કહ્યું: 'દોસ્ત, કંઈ નુકસાનનો ધંધો બતાવ!' મિત્રને થયું કે આને ધનનો મદ ચડ્યો છે. એ એવું સમજે છે કે થઈ થઈને મને શું નુકસાન થવાનું છે? કાન ખજૂરાનો એક પગ ભાંગ્યો તોય શું? તો હવે એને એવો ધંધો દેખાડું કે ઊંધે માથે ખાડામાં પડે. તેણે કહ્યું: 'તો એમ કર, વહાણમાં લવિંગ ભરી ઝાંઝીબાર વેચવા જા. અવશ્ય એ ધંધામાં તને ખોટ જશે.' ધર્મપાળને આ વાત બરાબર લાગી. ઝાંઝીબાર તો લવિંગનો દેશ. ત્યાંથી લવિંગ ભારતમાં આવે ને દસ-બાર ગણા ભાવે વેચાય. એ લવિંગ ભારતમાંથી ખરીદી ઝાંઝીબાર વેચવા જવું એટલે સીધી જ પાયમાલી. ધર્મપાળે નક્કી કર્યું કે નુકસાનનો આ અનુભવ પણ લેવો. એટલે ભારતમાંથી મોંઘા ભાવે લવિંગ ખરીદી વહાણ લઈ તે ઝાંઝીબાર ગયો.

ઝાંઝીબારમાં સુલતાનનું રાજ્ય હતું. ધર્મપાળ વહાણમાંથી ઊતરી રેતીના લાંબા પટમાં થઈને બીજા વેપારીઓને મળવા જતો હતો. ત્યાં સામેથી આવતા સુલતાન એને મળ્યા. ખંભાત બંદરથી આવેલા વેપારીને જોઈ સુલતાને તેમનો આદર કર્યો.

ધર્મપાળે જોયું તો સુલતાનની સાથે સેંકડોની સંખ્યામાં સિપાઈઓ હતા. એ સિપાઈઓના હાથમાં ભાલા, તલવાર કે બંદૂક નહીં, ચાળણીઓ હતી! એ જોઈ ધર્મપાળને નવાઈ લાગી. તેણે સુલતાનને વિનયપૂર્વક આનું કારણ પૂછ્યું. સુલતાને હસીને કહ્યું: 'વાત એમ છે કે આજે સવારે હું આ સમુદ્ર તટ પર ફરવા આવેલો. ફરતાં ફરતાં મારી આંગળીએથી એક વીંટી ક્યાંક નીકળી પડી. રેતીમાં વીંટી ક્યાં ગરી ગઈ એની ખબર પડી નહિ. રેતી ચાળી એ વીંટી શોધવા હું આ સિપાઈઓને અહીં લઈ આવ્યો છું.' ધર્મપાળે કહ્યું: 'વીંટી બહુ કીમતી હશે.'

સુલતાને કહ્યું: 'ના, એનાથી ઘણી વધારે કિંમતી વીંટીઓ મારી પાસે છે. પણ આ તો એક ફકીરના આશીર્વાદની વીંટી છે. હું માનું છું કે મારી સલ્તનતનો પાયો એ આશીર્વાદ છે. એટલે મારે મન એ વીંટીનું મૂલ્ય સલ્તનત કરતાંયે વધારે છે.' આટલું કહી સુલતાને કહ્યું: 'બોલો, શેઠ, આ વખતે શું માલ લઈને આવ્યા છો?'

ધર્મપાલે કહ્યું: 'લવિંગ.'

'લવિંગ?' સુલતાનની નવાઈનો પાર ન રહ્યો. 'આ લવિંગના દેશમાં તમે લવિંગ વેચવા આવ્યા છો? કોણે તમને આવી મતિ આપી? નક્કી એ કોઈ તમારો દુશ્મન હશે. અહીં તો એક પૈસામાં મૂઠો ભરીને લવિંગ મળે છે. અહીં તમારા લવિંગનું શું ઉપજશે?'

ધર્મપાળે કહ્યું: 'મારે એ જ જોવું છે. લાખોની ખોટ ખાવા માટે જ હું અહીં આવ્યો છું. આજ લગી જે ધંધો મેં કર્યો તેમાં મને હંમેશાં નફો જ થયો છે; મારા બાપના આશીર્વાદનું એ ફળ છે. એ આશીર્વાદ આજે અહીં કેવી રીતે કામ કરે છે તે મારે જોવું છે.'

સુલતાને કહ્યું: 'બાપના આશીર્વાદ? એ વળી શું?'

ધર્મપાળે કહ્યું: 'મારા બાપ ગરીબ હતા. આખી જિંદગી તેમણે પ્રામાણિકપણે કામ કર્યું હતું. પણ કદી બે પાંદડે થયા નહોતા. મરતી વખતે તેમણે ભગવાનનું નામ લઈ મારા માથા પર હાથ મૂકી મને આશીર્વાદ આપ્યા હતા કે તારા હાથમાં ધૂળનું સોનું થઈ જશે!' બોલતાં બોલતાં જુસ્સામાં આવી તેણે નીચા નમી મૂઠો ભરી સમુદ્રતટની રેતી લીધી ને ચાળણીની પેઠે આંગળાંમાંથી રેતી નીચે ઝરવા દીધી. તો... એની નવાઈનો પાર ન રહ્યો. એના હાથમાં હીરાજડિત સોનાની વીંટી હતી! એ જ પેલી સુલતાનની ખોવાયેલી વીંટી! વીંટી જોઈ સુલતાન ખુશ ખુશ થઈ ગયો. તે બોલી ઊઠ્યોઃ 'વાહ ખુદા, તારી કરામતનો પાર નથી! તું બાપના આશીર્વાદને સાચા પાડે છે!'

ધર્મપાળે કહ્યું: 'ફકીરના આશીર્વાદને પણ એ જ સાચા પાડે છે!' સુલતાન હેતથી ધર્મપાળને ભેટી પડ્યો.

કહેઃ 'માગ, માગ, માગે તે આપું.

ધર્મપાળે કહ્યું: 'આપ સો વર્ષના થાઓ અને રૈયતનું રૂડી રીતે પાલન કરો એ સિવાય મારે બીજું કંઈ ન જોઈએ.'

સુલતાન અધિક ખુશ થયો. તેણે કહ્યું: 'તમારો બધો માલ હું મુદ્દલ કરતાં બમણી કિંમતે રાખી લઉં છું.'

***<u>બોધ</u> : જો નીતિ સાચી અને માતા-પિતાના આશીર્વાદ હોય તો દુનિયામાં કોઈની તાકાત નથી, તમને ક્યાંય પાછળ પાડે.***

***પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ***
***મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨***

## સમજણ વગરનું જીવવું

સમજણ વગરનું જીવવું,
ભલે જીવો વરસ હજાર;
સમજીને જીવો ઘડી એક,
તો તો સમજો બેડો પાર.

નાથ વગરની નારી નકામી,
મકાન વિનાની બારી નકામી;
ખીચડી બહુ ખારી નકામી,
સાકર વિનાની ઘારી નકામી.

સમજણ વગરનું દેવું નકામું,
નીતિ વગરનું લેવું નકામું;
ન સમજે તેને કહેવું નકામું,
કોઈને ઘેર જા'જું રહેવું નકામું.

મુકામ વગરનું જાવું નકામું,
ભૂખ વગરનું ખાવું નકામું;
નીર વગરનું નહાવું નકામું,
ઘડા વગરનું ગાવું નકામું.

પ્રાણ વગરની કાયા નકામી,
મર્યા પછી માયા નકામી;
વાડ વગરની સરિતા નકામી,
વિનય વગરની વનિતા નકામી.

***પ્રેષક : અમરેશ કે. સંઘવી - અમદાવાદ***
***મો. ૯૪૦૯૫ ૧૨૬૬૨***

## કહેવા અને સમજવા જેવી વાતો

★ *દોડતો રહ્યો છું રાત દિ' સદા સર્વદા સ્વાર્થ માટે પણ પરમાર્થ જ પાર પાડશે એ વાત જાણવાનું રહી ગયું.*
★ *બધા સંબંધ છે જન્મથી મૃત્યુ સુધીના, એ ખબર હોવા છતાં મનને સમજાવવાનું રહી ગયું.*
★ *સોનાની બોલપેન સંતાનોને વારસામાં આપશો પણ એને શું લખવું એની સમજણ નહીં આપો તો પરિણામો ભયંકર આવશે.*
★ *વાંક લીમડાનો નથી કે એ કડવો છે કારણકે જીભને જ મીઠાશ ગમતી હોય છે. પરંતુ સંબંધોની માયાજાળમાં એક સંબંધ લીમડા જેવો પણ રાખવો. શિખામણ કડવી આપે, પણ તકલીફમાં છાંયડો પણ આપે.*
★ *કુદરતે બે જ માર્ગ રાખ્યા છે : કાં તો આપીને જાઓ, નહીં તો મૂકીને જાવ. સાથે લઈ જવાની કોઈ વ્યવસ્થા જ નથી છતાં પણ માણસ આ વાત માનવા જ તૈયાર નથી.*
★ *આંસુ તમારા હોય અને પીગળતું બીજું કોઈ હોય તો સમજવું કે સંબંધ ચોવીસ કેરેટ કરતાંય કિંમતી છે. પછી એ પ્રેમનો હોય, મિત્રતાનો હોય કે લાગણીનો!*
★ *ઓછું સમજશું તો ચાલશે, પણ ઊંધું સમજશો તો નહીં જ ચાલે. ધારી લઈએ એના કરતાં પૂછી લઈએ તો સંબંધ વધારે ટકશે.*
★ *નાના માણસોનો હાથ પકડી રાખજો સાહેબ, મોટા માણસોના પગ પકડવાની ક્યારેય જરૂર નહીં પડે.*
★ *ખૂબ જ સરસ ગણિત છે દોસ્ત, વસ્તુ હોય કે સંબંધ, વિકલ્પ વધે એટલે કિંમત આપોઆપ ઘટતી હોય છે.*
★ *કેવી અજીબ વાત છે, ભગવાન તમારે ઘેર આવે એ સૌને ગમે છે, પણ ભગવાન એમના ઘેર બોલાવે તો કોઈને ગમતું નથી.*
★ *અંતમાં, એક વાતનો અફસોસ રહી ગયો જીવનમાં, આવ્યા હતા માનવ દેહમાં અને માણસ બનવાનું જ રહી ગયું.*

***રજૂઆત : કમલેશ તન્ના ● પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

લઘુ વાર્તા

# ગુડ (?) ન્યુઝ

કિશોર કે. જોબનપુત્રા

પરાગ ક્યારે ઓફિસથી આવે અને ક્યારે એને ખુશખબરી સંભળાવું એની અધીરાઈમાં આશાનો ઘરના કામમાં જીવ લાગતો ન હતો. એનો ઉત્સાહ સમાતો ન હતો.

આજે સવારે ડૉક્ટર પાસે ચેક-અપ અને રીપોર્ટ કરાવીને 'ગુડ ન્યુઝ' મળ્યા પછીથી એ સતત સાતમા આસમાનમાં ઉડી રહી હતી.

એને એમ હતું કે આવા સારા સમાચાર સાંભળીને પરાગ એને ખુશીનો માર્યો ઊંચકી લેશે. પણ એના ઉત્સાહ પર પાણી ફેરવતા પરાગ બોલ્યો : 'અરે આશા, અત્યારે આ જરૂરી છે? તને ખબર છે કે અત્યારે મારો પ્રોજેક્ટ કેટલો અગત્યનો છે. વળી સમયસર પૂરો કરવાનો છે. એના માટે તારી મદદની પણ જરૂર પડશે. મારે અવારનવાર ટુર પર જવું પડશે અને બે-ત્રણ વાર વિદેશ પણ જવું પડશે.'

એકીશ્વારે બોલીને પરાગ હાંફી ગયો. આશા તો હકીબકી જ થઈ ગઈ!

'પરાગ, આ શું બોલે છે? અને અત્યારે હું માતૃત્વ ધારણ નહીં કરું તો ક્યારે કરીશ? પાંત્રીસ તો પૂરા થઈ ગયા. યાદ છે, ડૉક્ટર તો ત્રણ-ચાર વરસથી જલ્દી 'પ્લાનિંગ' કરવાનું કહે છે. આમ પણ આપણે મોડા તો છીએ જ...'

વચ્ચેથી અટકાવતા આશાના ખભે હાથ મૂકીને પરાગ બોલ્યો, 'પ્લીઝ આશા, જરા સમજ! બાળક તો પછી પણ થશે. હમણાં ક્યુરેટીંગ કરાવી લે. બાળક કરતાં હમણાં પ્રોજેક્ટ વધુ અગત્યનો છે. એના ઉપર તો મારું પ્રમોશન નિર્ભર છે...'

'પરાગ, હું પણ એક સ્ત્રી છું. મારી લાગણી તો સમજ. મારે તો આ બાળક જોઈએ જ છે. તું આટલો સ્વાર્થી છે? એવું જ હતું તો લગ્ન શા માટે કર્યાં? નવા જીવને આવકારવા હું તત્પર છું. માતૃત્વના વિચારમાત્રથી મને મીઠી અનુભૂતિ થઈ રહી છે. હમણાં ડૉક્ટરે મને વિશેષ સંભાળ રાખવાનું કહ્યું છે. હમણા મને તારા સંગાથની ખાસ જરૂર છે. પરાગ... પ્લીઝ...' આશા રીતસરની ગળગળી થઈ ગઈ.

'જો આશા, તું કોન્વેન્ટમાં ભણેલી છો. ઉચ્ચ ડિગ્રી ધરાવતી તારા જેવી સ્ત્રીને આવા લાગણીવેડા ન શોભે. માટે અત્યારે આ લપમાંથી છુટકારો કરી નાખ.'

પણ આશા મક્કમ રહી.

'પરાગ, આ 'લપ' નથી. હું આ બાળકને દુનિયામાં લાવવા મક્કમ છું.'

સમય વીતતો ગયો. ડિલીવરીનો સમય નજીક આવતો ગયો. ડૉક્ટરે કહી દીધું હતું એ પ્રમાણે કદાચ સિઝેરીયન કરવું પડે એમ હતું. એવામાં પરાગને બહારગામ જવાનું થયું.

'પરાગ, પ્લીઝ હમણાં ન જા... મને તારા સાથ અને હૂંફની ખાસ જરૂર છે. મને બીક લાગે છે.'

'આશા, આ ફાઈનલ મીટિંગ છે અને મને જવું જ પડે એમ છે. તને તારી મમ્મીના ઘરે મૂકી આવું છું. મારાથી વધુ તારો ખ્યાલ એ રાખશે. હું જલ્દી પાછો આવી જઈશ.'

'પણ પરાગ, હમણાં મને મમ્મી કરતાં તારી વધું જરૂર છે.'

'હવે આ બાળકવેડા છોડ. મારું જવું ખૂબ જરૂરી છે.'

આશાને ખૂબ આઘાત લાગ્યો. આવો લાગણીવિહીન માણસ? બસ, પોતાનો જ સ્વાર્થ? સ્ત્રી શું માત્ર ભોગવવાની જ ચીજ છે? પોતાના જ બાળક પ્રત્યે આટલી પણ લાગણી નહીં?

બાળકના જન્મ પછી ચાર દિવસે પરાગ આવ્યો. સીઝેરીયન કરવું પડ્યું. એના મમ્મી અને ભાભીએ પ્રસંગ સારી રીતે સાચવી લીધો હતો...

'કેમ છે આશા? જો આપણું બાળક કેવું રૂપાળું છે?'

આશા નફરતભરી નજરે પરાગ તરફ જોતા બોલી, 'આપણું બાળક? તારે તો આ 'લપ' જોઈતી જ ન હતી ને?'

એની મમ્મીએ એને આગળ બોલતા રોકી. કોઈ અસર ન હોય એમ પરાગ બાળકને રમાડી રહ્યો!!

*'કૃષ્ણભુવન', ૯, ઘનશ્યામનગર, પીપીસી સામે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૮ ૩૩૭૫૫*

## જગતના કેટલાક દેશોની સરાસરી માથાદીઠ વાર્ષિક આવક

૨૦૨૬ના સ્ટેસ્ટીક્સ પ્રમાણે ભારતીય જનની સરેરાશ માથાદીઠ વાર્ષિક આવક ૩૦૫૧ ડોલર થઈ ગઈ છે, જ્યારે અમેરિકાની ૯૨,૮૮૩ ડોલર જેટલી પ્રચંડ થઈ ગઈ છે. ૨૦૨૬માં જાપાનની સરાસરી માથાદીઠ વાર્ષિક આવક ૩૬,૩૮૧ ડોલર; ચીનની ૧૪,૭૩૦ ડોલર; રશિયાની ૧૭,૨૮૭ ડોલર અને યુ.કે.ની ૬૦,૦૧૧ ડોલર પર પહોંચી ગઈ છે.

Since 1985
INDOTEX PAINTS
• Durable • Decorative • Protective • Anti-fungus
• Heat, Scrub and UV resistant • All weather proof
PRODUCTS • Exterior & Interior Emulsion • Textures • Putty • Distemper • Primers • Enamel • Damp Proof • Satin Enamel • Zinc Yellow • Red Oxide • Wood Primers • Road Marking • Aluminium Paint • Black Board Paint • Touch wood • Epoxy enamels • Thinners
Contact No.: 9825033596 • 9712133596 • 9909444598
Web : www.indotexpaints.com • E-mail : indotexpaints@yahoo.co.in

Bharat B. Gala
M. : 93270 05460
SHREE Raju ENTERPRISE
RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI
323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

CA. TUSHAR SHAH
KHANDHAR MEHTA AND SHAH
CHARTERED ACCOUNTANTS
AHMEDABAD
tushar@kmsindia.in
+91 98980 26360

CA INDIA
CA. B. K. Patel
B.Com., LL.B., F.C.A.
Partner
(M) 98250 33927
B. K. PATEL & CO.
CHARTERED ACCOUNTANTS
401-404, Vraj Valencia, B/h. Mahindra Show Room, Nr. Sola Overbridge, S. G. Highway, Sola, Ahmedabad-380 060. Gujarat
Ph. : 079-2970 0974/75 • Email : bkptelandco@gmail.com
SARDARDHAM
CA. B. K. Patel
Hon. Secretary
Sardardham, Vaishnodevi Circle, Ahmedabad-382421. Ph. : 7575001548/1596/1438
Mobile : 9825033927 E-mail : info.sardardham@gmail.com | secretary@sardardham.org
Website : www.sardardham.org

Nipun Solanki
CHASE INNOVATION
M. 92277 22408

વિકાસ શાહ
એચ. શાહ એન્ડ કું.
ડાયાલિસિસ મટીરીયલ સપ્લાયર્સ
મો. ૯૮૨૪૦ ૦૧૯૩૮


સુનીલભાઈ ઠક્કર
ઘનશ્યામ ઈલેક્ટ્રીકલ્સ
ઈલેક્ટ્રીકલ સામાનના વહેપારી
મો. ૯૪૨૭૫ ૦૮૭૭૭

શુભેચ્છા સહ

અમિત સ્વરૂપચંદ કોરડિયા
અમદાવાદ
મો. ૯૮૨૪૪ ૫૫૦૧૧

શુભેચ્છા સહ



હસમુખ ઉગરચંદ ગઢેચા પરિવાર
અમદાવાદ

BMCB BANK
ESTD 1995
Multi-State Bank
ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ–૬.
Tel. : 26400969 • www.bhujbank.com

બેંકની વિવિધ સગવડો
- FDR વ્યાજ દર upto 9.00% (as on 10-03-2026) @ with montly Interest.
- Flexi ચાલુ ખાતા અને બચત ખાતામાં વ્યાજ Max 5.5%@*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book Chages : Nil*
- ATM Card ■ Lockers ■ Free SMS Alert ■ e-Stamping
- રૂા. ૧૩ કરોડ સુધીની બિઝનેસ લોન.
- ડિવીડંડ : વર્ષ ૨૦૨૩ / ૨૦૨૪ / ૨૦૨૫ : ૧૨.૦૦%
- IMPS, UPI, BBPS, Voice Box, QR Code Facility
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫

* Conditions apply

Chandrakant K. Gada
+91-9825069290
BLUE STAR INDUSTRIES
Stainless Steel Re-Rollers
Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

SCHÖN SALONS
REDEFINED



VIJAY CROSS ROAD BRANCH
+91 7801 901 091
SCIENCE CITY BRANCH
+91 7801 901 355
ISKCON AMBLI BRANCH
+91 9904 406 604
Transform your look with expert hair, skin, and makeup services.
Becasue at Schön Salons, every detail of your beauty matters.
with warmest regards,
PRATIK HARIA
franchise opportunity
+91 9998 709 888

Best Compliments From
SUJAKO
MANUFACTURERS OF
MODULAR FURNITURE
OFFICES | KITCHENS | WARDROBES
WWW.SUJAKO.COM

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

• શુભેચ્છા સહ •



પ્રભુલાલ એમ. સંઘવી
ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬



ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



ડો.હિમાંશુ શાહ [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**